

ગુલદાવદીનાં ફૂલ. જાપાનના વિખ્યાત કલાકાર હોકુસાઈની 'મોટાં ફૂલ' નામે ઓળખાતી બહુરંગી ત્રકટની એક સુંદર માળામાંનું એક ચિત્ર. કેવળ ચિત્રના કદને કારણે 'નાનાં ફૂલ' અને 'મોટાં ફૂલ' નામે આ ચિત્રમાળાઓ જાણીતી છે, જેમાંથી નાનાં ફૂલનાં દસ અને મોટાં ફૂલમાંનાં અગિયાર ચિત્રો સુલભ છે. હોકુસાઈ એ તો એનાં સંખ્યાબંધ ઉપનામોમાંનું એક નામ હતું. અસલ નામ તો હતું તોકીતારો.

માર્ચ અને એપ્રિલ અંક સંયુક્ત અંક છે.

કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર રાવળ • આદ્યતંત્રી : સ્વ. બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકોનું માસિક

વર્ષ ૬૦મું • અંક ૩જો–૪થો • માર્ચ-એપ્રિલ ૧૯૮૩ • સળંગ અંક ૭૧૧–૭૧૨

તંત્રી • બિહારીલાલ ટાંક



ગોપજીવનનું સંગીત

ચિત્રકાર • ભીખુભાઈ આચાર્ય

માર્ચ-એપ્રિલ ૧૯૮૩
સળંગ અંક ૭૧૧–૭૧૨

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ : રૂ. ૩૦-૦૦; પરદેશ : રૂ. ૬૦-૦૦ અથવા પાઉન્ડ ૪ અથવા ડૉ. ૧૦; છૂટક નકલ : રૂ. ૩-૦૦

પૃથ્વીનું મંગલાષ્ટક / ઉશનસ્

• મૃદંગ •

બ્રહ્માંડના સતત આ વિકસંત જૃંભણે
આ એક પૃથ્વીની જ માટીની કૂખ ધન્ય છે;
એ દ્યૌથી ગર્ભવતી થૈ ફળવે અનન્ય છે;
છે નમ્ર, માટીરથનો ધ્વજ શષ્પલક્ષણે.

તારાનું તો નિબિડ મંડળ સૌ ગ્રહે હશે;
આ આપણી પૃથિવી જે તૃણપ્રાણલક્ષણા
દૂજી થવી નથી જ – નીલદ્યુતિ પ્રસાધના;
એણે સૃજી તૃણની, પ્રાણની શ્રી સ્વયંવિશે!

કૈં કેટલીય અતિ નાજુક કાળ જીવતી
છોડાઈ છે ફરતી આ અમુકેક અંતરે
– ના દૂર, ના નિકટ – સૂર્યની, એમ એ ફરે,
જેથી ખીલે જીવન-પ્રાણ-ઋતુ અને રતિ.

તું ધન્ય હે પ્રણયની ઋતુ! ને તું હે રતિ!
બ્રહ્માકરે સરજતાં સરજી દીધી ધરા;
કિંતુ પછી સતત સર્ગથી તે મનોહરા
મોદેથી મૃણ્મયીની આ શણગારી આકૃતિ!

આ સૂક્ષ્મ પ્રાણપ્રદ સૂર્ય-ધરાનું અંતર
હા, આપણી જ ગરજે ઝીણી કાળજી થકી
સંભાળી લેવું પડશે હજી કૈં યુગાન્તર,
આ સૂર્ય જાય ઠરી વા જળી જાય ત્યાં લગી;

ના, ન્હૈં અપાય કશી ઉદ્ધત છૂટ કોઈને
ધક્કો દઈ ભ્રમણરેખ-ધરી-ચળાવવા;
છે માંડ પ્રાણકૂલ પાંગર્યું ભોંય જોઈને;
કોને ન હક્ક પછી પ્રાણ દશી બુઝાવવા.

છો આખરે પ્રલયની નિયતિ, હશે, ભલે;
– જ્યાં સાન્ત સર્વ – પણ તે ક્ષણપૂર્વ આપણી
આ વ્હાલસોયી અતિ સુંદર પૃથ્વીના તલે
છેલ્લે ય એક વધુ આઢ્ય વસંત ફાગણી.

– જાતાં જતાં જઈશું ખીલવી પ્રેમને બળ
હા, આપણી રતૂમડી રતિના જ કેવળ,
જેથી ધરિત્રી જબ ડૂબી જશે – જળી જશે
ત્યારે ય વ્હાલી વધુ લાલીભરી કંઈ હશે.

ઘર / શશિશિવમ્

- ઝૂલણાં -

એકથી બીજો ખૂણો કલ્લોલતો ને ગાજતો,
કિલકારીઓથી કૂદતું ઘરઆંગણું,
ઠેકડા મારી રસોડું નાનકા પગલે
ઓટલે કૈં ચાવતું ને ફાકતું ને ચાવતું આવે ધસી.

ગેડીદડામાં દોડતી શેરી ગજબ આવેગમાં
ને કદી તોફાનમાં,
મોઈદંડે ગાજતો ને ઠેકતો વાડો,
દાદીમાનો ઓરડો રમતોય સંતાકૂકડી,
ને પૂજાની ઓરડી પરસાદ વ્હેંચે વૃધ્ધ હાથે,
હાથની આંટી કરી પરસાદ લઈ બે વાર,
સાકરની બે કટકી તણી મીઠાશ
જેજેકારમાં ગાજી ઊઠે.

આરતીનાં તેજ ઝીલી
શ્વેત દાઢીમૂછથી ચ્હેરો ઝળકતો ઓરડીનો
અર્પવાને સૂર્યને જલઅર્ધ્ય આવે ઓટલે,
ને મુગ્ધતા કેરા કુંડાળે
ઓટલો ટોળે વળી નીરખી રહે આશ્ચર્યમાં.

ત્યાં સાંજના ઢળતા સુનેરી તેજમાં
લંગડીના કૂદકે ને કૂદકે
કોલાહલે ઠેકી રહે પરસાળ આગળ ચોક.

ને ઘૂઘરિયાળી રૂડી ચૂડીઓ ઝીણું રણકાવતી
ઝાંઝર ઝીણાં ઝણકાવતી એ કોઢ,
જ્યાં ઘંટડી રણકે મધુરી શેડમાં,
દૂધ શેડકઢું લઈ આવે મધુર ટોકે.

ચૂંદડીના ઘૂમટામાં લાજ ઢાંકી
આમથી તે તેમ
ઘર આખું મલપતું,
ને ઢળકતાં નૅણથી નીરખી રહેતું, મરકતું.

રાતનો ટમ્ટમ્ ટમકતો દીવડો રાણો થતાં,
ધીરી મીઠેરી ગોઠડીમાં મ્હેકને વરસાવતું
મ્હેકમાં જંપી જતું.

ચાયણી* / ચન્દ્ર પરમાર

• ગાન •

માંડી ચાયણી ઉપર આંખ
લોલણી રુવે ચોધાર
જોવા વાલમનો અવતાર
લોલણી રુવે ચોધાર.

દીવડો ચાયણીમાં ચળાય
ચપટી લોટ ઉપર લે'રાય
કોરા ઠીકરામાં હરખાય
એનાં કૈંણો નવલખ હાર
દીવડો રૂપરૂપનો ભંડાર
લોલણી રુવે ચોધાર.

ચાયણી ચાળે એની આંખ
લોલણી રુવે ચોધાર
ચાળે હિયાધારણ પાંખ
લોલણી રુવે ચોધાર.

દીવડે કીધો રે ઝબકાર
મ્હેંકી લોટ ગયો પલવાર
ઝીલ્યાં કૈંણો બે ને ચાર
કૈંણો મોરપેંછાં ચમકાર
દીવડો મોરલાનો અવતાર
લોલણી રુવે ચોધાર.

માંડી લોટ ઉપરિયાં આંખ
લોલણી રુવે ચોધાર,
મોરનો મોર થયો અવતાર
લોલણી રુવે ચોધાર.

દીવડો ચાયણીમાં ચળાય
મોરલો ચાયણીમાં ચળાય
મોરલો આવે ને વળી જાય
મોરલો વહી ગયો અંકાશ
પેંછાં વેર્યાં બે ને ચાર
મારગ ચીતર્યો રે લગાર
લોલણી રુવે ચોધાર.

* ઉત્તર ગુજરાતમાં સરહદે આવેલા વઢિયાર (જૂના રાધનપુર સંસ્થાન) પ્રદેશમાં મૃતક (મરનાર)ને સ્મશાને લઈ ગયા બાદ તેનો પુનર્જન્મ જાણવા માટે હાજર રહેલો નરીવર્ગ ઘરના એક ખૂણામાં લીંપણવાળા ભોંયતળિયે લોટ પાથરી તેના પર કોરા વાસણના ઠીકરામાં ઘીનો દીવો પેટાવી તેના પર ચાળણી ઢાંકે છે. તે પછી નારીવર્ગ સ્નાનાદિ પતાવી પેલી ચાળણી ઊઠાવી લે છે. લોટ ઉપર અંકિત લીટાં, પગલાં સમી આકૃતિઓ પરથી મરનારનો નવો જન્મ સર્પ, પશુ-પંખી કે માનવ યોનીમાંથી શેમાં થયો છે એ નક્કી કરે છે. સૌરાષ્ટ્રના વાળાક વિસ્તારમાં પણ આવો રિવાજ છે. જાણવા મુજબ તેને 'શંખાઢાળ' કહે છે. આવી લોકમાન્યતાને કેન્દ્રમાં રાખી રચાયેલું આ ઊર્મિગાન છે.

પોતાના અડગ નિશ્ચયબળ, કાબેલિયત અને મુત્સદ્દીગીરીથી જર્મનીનાં અનેક નાનાંમોટાં અને વેર-વિખેર રાજ્યોમાંથી એક સંગઠિત તથા અખંડ જર્મન રાષ્ટ્રનું નિર્માણ કરનાર, જર્મન રાષ્ટ્રીયતાનો જન્મદાતા અને યુરોપ આખાના ઓગણીસમી સદીના ઉત્તરાર્ધનો ઇતિહાસ ઘડનાર જર્મન વીર

—અશોક હર્ષ—

જર્મની ત્યારે માત્ર એક ભૌગોલિક સંજ્ઞા જ રહ્યું હતું. બસો જેટલાં રાજ્યો—જાગીરો અને ઠકરાતો જમીનના નાનામોટા ટુકડા-ના શાસક બની બેઠાં હતાં. યુરોપ પર આંધીની જેમ ફરી વળેલા નૅપોલિયને નાનામોટા એ તમામ ટુકડાઓને મસળી નાખી ૨૦૦માંથી માત્ર ૩૯ રાજ્યો બનાવી દીધેલાં. એના પતન પછી યુરોપનાં રાજ્યોએ એકત્ર થઈ એ બધાં જર્મન રાજ્યોનો એક સંઘ બનાવ્યો અને ઑસ્ટ્રિયાની નિગેહબાની નીચે એક મંત્રીસભાને તેમનો વહીવટ સોંપ્યો. બધાં રાજ્યોમાં પ્રશિયા સૌથી મોટું હોવા છતાં સંઘનો બધો કારોબાર ઑસ્ટ્રિયાના જ હાથમાં મુકાએલો, કારણ કે મધ્ય યુરોપમાં સંગઠિત નવું રાજ્ય ઊભું થાય તેમ તે વખતનું યુરોપનું કોઈ જ આગળ પડતું રાષ્ટ્ર ઇચ્છતું નહોતું. ત્યારે નહોતો જર્મન કાયદો, નહોતું જર્મન લશ્કર કે ન હતું જર્મન રાષ્ટ્ર.

એવા રાષ્ટ્રહીનતાના કાળે, નૅપોલિયન એલ્બામાંથી નાસી છૂટ્યે એ અરસામાં, પ્રશિયાના બ્રાંડેનબુર્ગના એક પુરાણા ઉમરાવ ઘરાણા-માં એક બાળકનો જન્મ થયો. એને પારણામાં જ સૂતો મૂકીને એના બાપ કાર્લ વિલિયમ ફૉન બિસ્માર્કને ફ્રાન્સની રણભૂમિ પર જવું પડેલું, કારણ એ આખો યે વંશ પ્રશિયાના રાજાની સેવામાં જ લડતો ને શહીદ થતો આવેલો. એવા એ ઘરમાં બાળક ઑટો એડુઅર્ડ લીઓપૉલ્ડ બિસ્માર્કે જગતનાં પહેલાં અજવાળાં જોયાં. શાણી છતાં મહત્ત્વાકાંક્ષી અને વિચક્ષણ માતાના હાથે ઉછરેલા એ બાળકને ભવિષ્ય-માં એક હીણાએલા રાષ્ટ્રના એકીકરણનું જે ભગીરથકાર્ય કરવાનું હતું તે માટે બખ્તરધારી પિતાના ગુણો સાથે માતાના આ ગુણો પણ આવશ્યક હતા.

નૅપોલિયન સામે પ્રશિયાનો પરાજય થતાં કુટુંબની સ્કોનહૉઝેનની જાગીર ફ્રાન્સના હાથમાં ગઈ અને તે પોમેરેનિયાની જાગીરમાં જઈ વસ્યું. નાનો બિસ્માર્ક ત્યાં બગીચામાં રમતો ને જંગલમાં ફરતો. એ વયમાં યે એની મુખ્ય રમત હતી માટીના કિલ્લા બનાવવાની ને તોડવાની. એ રમત પાછળ એને ખાવા-પીવાનું યે ભાન ન રહેતું. એ એમાં એવો તો તન્મય બની જતો કે નોકર બોલાવવા આવે તો તરત મુઠ્ઠીઓ વાળી તેની સામે લડવા તૈયાર થઈ જતો.

પુત્રના ભાવિ ઉત્કર્ષ માટે વર્તમાન સુખને તિલાંજલિ આપતાં જરા યે ન અચકાય એવી માતાએ, કુટુંબની આર્થિક સ્થિતિ તંગ છતાં ૭ વર્ષની વયે તેને શિક્ષણ સારુ બર્લિન મોકલી આપ્યો. ત્યારની પ્રશિયન શાળાઓમાં સ્પાર્ટનો જેવી જ કડક શિસ્ત પળાતી. કારણ ફ્રાન્સની રાજક્રાન્તિએ જાગેલા જર્મનોમાં નવો જ જુસ્સો પ્રેર્યો હતો. ભણવા ગયેલા બિસ્માર્કને બર્લિન મુદ્દલ નહોતું ગોઠતું, કેમ કે ત્યાં જંગલો નહોતાં, ખેતરો નહોતાં, પશુપંખીઓ નહોતાં. ખેડૂને હળ ચલાવતો જોતાં તેની આંખમાં આંસુ આવી જતાં, તેને ઘર સાંભરી આવતું. તેને સૌથી અધિક શૉખ કોઈ વિષયનો હોય તો તે ઇતિહાસનો. એ સાથે લૅટિન, ઇંગ્લિશ અને ફ્રેન્ચમાં એણે નિપુણતા મેળવી, અને ત્રણ વર્ષ લશ્કરી શિક્ષણમાં પણ ગાળ્યાં. ગોટિંગન યુનિવર્સિટીમાંથી ૧૮૩૫માં ડૉક્ટર ઑવ લૉની ઉપાધિ મેળવી. એ દરમિયાન તે ૨૬ ઢંદ્વ યુદ્ધો લડેલો જેમાંથી માત્ર એકમાં જ તે ઘવાયો હતો. વળી, એક વાર એક ઘોડેસવારને નદીમાં તણાતો જોતાં યુનિફૉર્મ સાથે જ કૂદી પડી તેને જીવના જોખમે બચાવી લીધો હતો. જે બદલ એને સંમાન-ચંદ્રક પણ આપવામાં આવેલો.

વયના સત્તરમા વરસથી જ બાયરનનો આશક બનેલો બિસ્માર્ક લડાયક જુસ્સા સાથે મિજાજનો પણ ખૂબ સ્વતંત્ર હતો. યુનિવર્સિટી-ની કારકિર્દી પછી પોટ્સડામમાં નોકરી કરતી વખતે એક વખત તે ઉપરી અમલદારની રજા લેવા જતાં તેણે એને એક કલાક રોકી રાખ્યો અને પછી કારણ પૂછવા માંડ્યું. બિસ્માર્કે જવાબ આપ્યો, 'આવ્યો હતો તો રજા લેવા, પણ હવે રાજીનામું જ આપું છું.' અમલદાર તો આભો જ બની ગયો. બિસ્માર્કના જીવનમાં આવા તો અનેક પ્રસંગો બની ગએલા.

આગળ જતાં એનો બાપ બહુ તંગીમાં આવી પડ્યો ને જાગીરની કેટલીક જમીન તેને વેચી દેવી પડી, આથી બાકીની જાગીરનો વહીવટ સંભાળવા તેને પોમેરેનિયા જવું પડ્યું.

આ વર્ષોએ જ બિસ્માર્કનું વ્યક્તિત્વ ઘડ્યું. એ કટ્ટર બુદ્ધિવાદી હોઇને ખ્રિસ્તી ધર્મમાંથી એનો વિશ્વાસ ઊઠી જવા લાગ્યો હતો, એટલે જીવનની નવી ફિલસૂફી ઘડવા તેણે હેગલ, સ્ટ્રૉસ, ફુઅરબાક વગેરે વાંચવા માંડ્યા. પણ એથી યે એને સંતોષ ન થયો, કારણ એને તો પોતાની ક્રિયાપ્રેરણા માટે નક્કર સિદ્ધાંતો જોઇતા હતા.

કોઈની શેહમાં ન આવનાર કે લાગણીઓના પૂરમાં ન તણાનાર બિસ્માર્કને પોમેરેનિયામાં તો એના સ્વભાવના કારણે 'ગાંડા બિસ્માર્ક' તરીકે જ ઓળખવામાં આવતો, પણ ૧૮૪૭માં રાજા ફ્રેડરિક વિલિયમ ચોથાને જર્મન વેપારની વૃદ્ધિ અર્થે રેલવે બાંધવા નાણાંની જરૂર પડી અને તેણે પાર્લામેન્ટ બોલાવી ત્યારે આ 'ગાંડા બિસ્માર્ક'ને જ એ પ્રાન્તે પોતાના પ્રતિનિધિ તરીકે મોકલ્યો હતો.

પાર્લામેન્ટમાં ઉદારમતવાદીઓ (લિબરલો)ની બહુમતિ હતી. તેમને ઇંગ્લૅંડને ફ્રાન્સ જેવું, રાજાની કશી જ દરમિયાનગીરી વિનાનું બંધારણ જોઇતું હતું. રાજાને ડારવા માટે આ મોકાનો લાભ લઈ એ પક્ષના સમર્થ નેતા ફૉન વિન્કેએ રાજા સામે એક પછી એક એવા આક્ષેપો રજૂ કરવા માંડ્યા કે ખુદ રાજામાં યે ભયનો સંચાર થયો. પણ ત્યાં તો કોઈ ફિરસ્તા જેમ એક ખૂણામાંથી બિસ્માર્ક ઊભો થયો. અસાધારણ પ્રતિભાથી જુસ્સાદાર ને સ્પષ્ટ ભાષામાં તેણે રાજાનો ને રાજપદનો બચાવ કર્યો. લિબરલો ધૂંધવાયા પણ તેની દલીલો તોડી પાડવા અસમર્થ નીવડ્યા. રાજા પણ આથી જોશમાં આવી ગયો ને તેણે આપેલાં વચનો લેખિત કરી આપવાની લિબરલોએ માગણી કરી ત્યારે ચોખ્ખું સંભળાવી દીધું, 'મારી ને ઈશ્વરની વચ્ચે હું એ કાગળના ટુકાડાને આડો આવવા દેવા ઇચ્છતો નથી.'

રાજાનું બિસ્માર્ક પ્રત્યે સૌ પહેલું લક્ષ તેણે આ રીતે પોતાનો પક્ષ લેતાં આકર્ષાયું. બાદ ઑસ્ટ્રિયા ને ઈટાલીની મુસાફરી દરમિયાન વેનિસમાં એ તેને મળતાં પરિચય આગળ વધ્યો. પોમેરેનિયા પાછા ફરી તેણે યોહાના ફૉન પુટકૅમર સાથે લગ્ન કર્યાં. યોહાનાની માતા તો પોતાની પુત્રીએ 'ગાંડા બિસ્માર્ક'ને પસંદ કર્યો છે એમ સાંભળી દુ:ખીદુ:ખી થઈ ગયેલી!

પાર્લામેન્ટનું સત્ર પૂરું થયા પછી બનેલો એક પ્રસંગ બિસ્માર્કની મહેફિલી હૂબહૂ રજૂ કરે છે એક લિબરલ નેતા ડીએસ્ટરે તેને કહ્યું,

ઑટો એડુઅર્ડ લીઓપોલ્ડ

બિસ્માર્ક

'જો તમારો પક્ષ જીતે તો તમારે અમને ફાંસીએ ન લટકાવવા, અમે જીતીશું તો તમને નહિ લટકાવીએ.' બિસ્માર્કે તેનો રોકડો જવાબ આપેલો, 'નહિ, તમે જીતો તો અમારા જીવવાનો કશો અર્થ નથી. બેલાશક અમને ફાંસીએ ચડાવજો, પણ માનપુરઃસર.'

૧૮૪૮ની સાલ આવી ને યુરોપના ધૂંધવાતા લોકમાનસનો જ્વાળામુખી ફાટચો. તેનો પહેલો ધડાકો ફ્રાન્સમાં થયો. લોકશક્તિનો એ લાવારસ દખ્ખણનાં જર્મન રાજ્યો, ડ્રેસ્ડન, મ્યુનિખ અને છેવટ વિયેનામાં યે ફરી વળ્યો, પછી બર્લિન ક્યાંથી અલિપ્ત રહી શકે? રાજાએ પાર્લમેન્ટનું વચન આપ્યું હતું, પણ તે વચન જ રહ્યું હતું લોકોને હવે મુક્ત જર્મની અને પોતાની વચ્ચે કશી આડખીલી રહેવા દેવી ન હતી. રાણી માંદી હતી. રાજા કિલ્લામાં કેદી બની ધ્રૂજતો હતો. મહેલ પર વિદ્યાર્થીઓએ લખી દીધેલા 'રાષ્ટ્રીય મિલકત' એ બે શબ્દોએ જ મહેલનો નાશ થતો બચાવી લીધો હતો. મહેલ બહાર તોપોના ધણધણાટો ચાલુ હતા. ધ્રૂજતે હાથે રાજાએ વીફરેલા લોકટોળાને વીનવ્યાં, પોતાના 'ઈશ્વરદત્ત હક્કો' છોડી દેવાની અને પાર્લમેન્ટ આપવાની કબૂલાત આપીને કેદીઓને છોડી મૂક્યા ત્યારે જ મામલો શાંત પડ્યો.

બિસ્માર્કને તો આ માહિતી બર્લિન છોડી ગામડા તરફ નાસતા લોકો પાસેથી જ મળી. જે રાજસંસ્થાને તે માન આપતો, તેના દોષો છતાં તેને ચાહતો, તેનું આ અપમાન તેનાથી સાંખી શકાયું નહિ. પ્રજાએ રાજાપદ હાસ્યાસ્પદ બનાવી દેતાં બિસ્માર્કને એ પોતાના ગાલ પરના તમાચા જેવું સાલ્યું. ને એ દાઢી મૂંડાવી, વેશપલટો કરી, જીવનું જોખમ ખેડી બર્લિન ઊપડચો. પણ તેના ત્યાં પહોંચવા પહેલાં તો રાજાએ પ્રશિયાને લોકલાગણીના પૂરમાં ઓરી દેવાની આત્મઘાતી જાહેરાત કરી દીધી હતી.

પાર્લમેન્ટરી શાસન શરૂ થયું. બિસ્માર્કે એ માટેની ચૂંટણીમાં ઊભા ન રહેતાં પોતાની બાજુ મજબૂત કરવા 'ન્યૂ પ્રુશિયન ગૅઝેટ' નામનું પત્ર શરૂ કર્યું. એવામાં વિયેનાએ લશ્કરી મદદથી ક્રાંતિકારી સરકાર ઊથલાવી પાડી. પ્રશિયાના રાજાને પણ એ રસ્તો બહેતર લાગ્યો, ને તેણે લશ્કરના બળે, લોહીનું ટીપું યે રેડચા વિના, પાર્લમેન્ટ વિખેરી નાખી અને પોતાને જ હાથે નવું બંધારણ ઘડી પ્રજાને આપ્યું. પ્રજાએ ફ્રાન્સ, ઈંગ્લૅન્ડ કે બેલ્જિયમ જેવું બંધારણ આપવા માગણી કરી. બિસ્માર્કે તેનો વિરોધ કર્યો. ને એ વિરોધ તેનો પૂર્વગ્રહ નહોતો. પરંતુ પરદેશી સૈદ્ધાંતિકોના નવા ને આચારમાં ન મુકાએલા સિદ્ધાંતો સામે એ સાવધાની ભર્યું શાણપણ હતું. રાજાનું ઘડેલું બંધારણ કાયમ રહ્યું અને રાજાએ બિસ્માર્કનો વધુ સારો ઉપયોગ કરવા તેને પોતાના પ્રતિનિધિ તરીકે ફ્રાન્કફર્ટ-આ-મૈનની ફેડરલ ડાયેટમાં નિયુક્ત કર્યો.

બિસ્માર્ક ફ્રાન્કફર્ટ ગયો ત્યારે તેની ઉંમર છત્રીસ વર્ષની હતી. ત્યાં તેણે જોયું કે ઑસ્ટ્રિયા પ્રશિયાને પોતાના સમાન દરજ્જાનું ગણવા બિલકુલ તૈયાર નહોતું. ઊલટું જર્મનીમાંની તેની લાગવગ એ તોડી પાડવા ઇચ્છતું હતું. બિસ્માર્કની પ્રશિયન તરીકેની મગરૂબી એ સાંખી લે એમ ન હતું. પ્રશિયાની શેહ જમાવવા તેને ફ્રાન્સ અગર રશિયાની અથવા તો એ બંનેની મિત્રતા કેળવવાની જરૂર લાગી, ને એ માટે તે જર્મન પ્રજામત કેળવવા લાગ્યો.



એવામાં ઑસ્ટ્રિયા ને રશિયા વચ્ચે ભંગાણ પડચું. ક્રીમિયાનું યુદ્ધ જાગ્યું અને ઑસ્ટ્રિયા રશિયાની વિરુદ્ધ ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સને પડખે જઈ ઊભું. પ્રશિયાને ઊભા થવાની એ જ તક હતી. બંને બાજુથી તેને પોતાની સહાયમાં આવવા આગ્રહ થઈ રહ્યો હતો. બિસ્માર્કે ઑસ્ટ્રિયાથી વિરુદ્ધ રશિયાની બાજુ પસંદ કરી, પરંતુ કશું નિર્ણીત પગલું લઈ શકાય તે પહેલાં તો લડાઈનો અંત આવ્યો જેમાં અંગ્રેજોની ભારે ખુવારી થવા પામેલી.

આ પછી ફ્રાન્સના શહેનશાહ લૂઈ નૅપોલિઅનની મુલાકાત લેતાં તેણે બિસ્માર્કને કહ્યું, 'આપણે શા માટે મિત્રો ન બનીએ? ભૂતકાળને આપણે ભૂલી જઇએ. એ સંભારણાં તાજાં જ રાખતાં તો યુદ્ધમાં ઊતરેલાં બે રાજ્યો ચિરકાળ સુધી એકબીજાનાં દુશ્મન જ રહે. રાજદ્વારીઓએ તો ભવિષ્ય તરફ નજર રાખવી જોઇએ.'

બિસ્માર્કને તો ફ્રાન્સની મૈત્રિની અગત્ય વહેલી જ સમજાઈ હતી ને તે એ માટે આતુર પણ હતો. આટલાં વર્ષોમાં તે ખૂબ શીખ્યો હતો. તેણે જોયું હતું કે કોર્ટની દીવાલો કરતાં દુનિયા જુદી જ છે. ફ્રાન્સ પર બુર્બોં હોય, ઓર્લીઅન્સ કે બોનાપાર્ટ હોય તેથી પ્રશિયાને શું? વળી, એની દુશ્મનાવટ કાયમ રાખતાં ભવિષ્યમાં એ પ્રશિયા પર હલ્લો કરે તો ઑસ્ટ્રિયા કે રશિયા કોઈ સહાય આપે તેમ ન હતું, એટલે મહત્ત્વાકાંક્ષાની તૃપ્તિ ખાતર નહિ, પણ આત્મરક્ષણ સારુ યે ફ્રાંસની સહાય જરૂરની હતી. પણ ફ્રાન્સ સાથે મૈત્રીની હિમાયતમાં બિસ્માર્ક એકલો પડી ગયો. તેના રાજદ્વારી અને અંગત મિત્રો પણ તેનાથી દૂરદૂર ખસતા ગયા. એ વખતે પોતાની પત્નીને લખેલા એક પત્રમાં તેણે લખેલું, 'એક વખત હું બધાનો માનીતો હતો. આજે એ બધું પલટાઈ ગયું છે. રાજા સુદ્ધાં મને મળવાની બહુ ઇચ્છા નથી બતાવતો...મારી ઉપયોગિતા માટેનો ઊંચો મત ડૂબી ગયો છે.'

ઈ. ૧૮૫૮માં રાજાની તબિયત લથડી. તેણે પોતાના ભાઈ વિલિયમને રીજંટ નીમી બધો રાજકારભાર તેને સોંપી દીધો. વિલિયમે લિબરલોનું પ્રધાનમંડળ નીમ્યું જેમાં આખા દેશનો તેને ટેકો મળ્યો.

બિસ્માર્કને તેણે પ્રશિયન એલચી તરીકે સેંટ પીટર્સબર્ગ મોકલ્યો.

એ જ વખતે યુરોપના રાજકારણમાં એક નવો માણસ-ઈટાલીનો કાવૂર ધૂસ્યો. નૅપોલિઅન સાથે મળી તેણે ઈટાલીમાંથી ઑસ્ટ્રિયનોનો પગદંડો ઉખેડવાની સંધિ કરી. ઑસ્ટ્રિયાની મૂંઝવણનો આ તકે પૂરતો લાભ લેવાની બિસ્માર્કની ઇચ્છા હતી. ઈ. ૧૮૬૧માં રાજાનું મૃત્યુ થતાં રીજંન્ટ વિલિયમે રાજપદ સ્વીકારતાં વેંત લશ્કરની પુનર્રચના ને વૃદ્ધિ તરફ લક્ષ આપવા માંડ્યું. સેનાપતિ ફૉન રૂને તેનું મેમોરેન્ડમ ઘડી આપતાં તેને યુદ્ધમંત્રીની જગા આપવામાં આવી હતી. શક્તિ, ચારિત્ર્ય અને નિશ્ચયબળ ઉપરાંત અસીમ વિદ્વત્તા સાથે પૂરો ફરજબરદાર રૂન બિસ્માર્કનો બાળપણથી મિત્ર હતો. રાજાને તેણે બિસ્માર્કને પ્રધાનમંડળમાં દાખલ કરવા સૂચવ્યું, પણ વિલિયમે એ સૂચન માન્ય ન રાખ્યું.

એવામાં વળી નવો ઝઘડો ઊભો થયો. રૂને લશ્કર પાછળ ખૂબ ખર્ચ કરવા માંડ્યું હતું, કારણ જર્મનીને બળવાન રાષ્ટ્ર બનાવવું હોય તો માત્ર શિક્ષણથી નહિ પણ તાલીમબદ્ધ ખડતલ લશ્કરથી જ બનાવી શકાશે એવી એની દૃઢ માન્યતા હતી. પણ એટલા ખર્ચની છૂટ આપવા પાર્લમેન્ટ તૈયાર ન હતી. બજેટ રજૂ થયું તો તે ફેંકી દેવામાં આવ્યું. રાજા આથી મૂંઝાયો, કારણ એ માત્ર ખર્ચનો જ પ્રશ્ન નહોતો; રાજાના હક્કનો યે પ્રશ્ન હતો. રૂનને તેણે સલાહ પૂછી તો તેણે જવાબ આપ્યો, 'બિસ્માર્કને બોલાવો. એ આમાંથી માર્ગ કરી શકશે.'

રાજાએ મંજૂરી આપી. રૂને બિસ્માર્કને તાર કર્યો: 'જલદી આવો. ફળ પાકી ગયું છે. ઢીલ કરવામાં જોખમ છે.' તાર મળતાં વેંત બિસ્માર્ક બર્લિન આવ્યો. રાજાએ સલાહ પૂછતાં તેણે એક જ જવાબ આપ્યો, 'મારી રાજનીતિ અખત્યાર કરો.'

રાજાને પોતાનો બધો વિશ્વાસ તેનામાં મૂકવામાં ડહાપણ ન લાગ્યું. બિસ્માર્કની તેને બીક લાગી, એટલે કશું જ ન કરતાં તેને પ્રશિયન એલચી તરીકે પારીસ મોકલી આપ્યો.

પારીસમાંના પોતાના પદ દરમિયાન બિસ્માર્કે ઈંગ્લૅંડની મુલાકાત લીધી ને ત્યાંના જાણીતા રાજદ્વારીઓથી અંગત ઓળખાણ બાંધી. ડિઝરાએલી સાથેની મુલાકાત વખતે તેણે કહેલું, 'તુર્તમાં જ પ્રશિયન સરકારની નેતાગીરી સ્વીકારવાની મને ફરજ પડશે, ને ત્યારે; પાર્લમેન્ટ સહાય કરે કે ન કરે પણ હું લશ્કરની પુનર્રચના સાથે પહેલામાં પહેલી તકે ઑસ્ટ્રિયા સામે લડાઈ જાહેર કરીશ, જર્મન ફેડરેશનને ચીરી નાખીશ અને સમગ્ર જર્મનીનું રાષ્ટ્રૈક્ય સાધવાનું અખત્યાર કરીશ.' એ સાંભળી, ડિઝરાએલીએ પાસે બેઠેલા સૅક્સનીના એલચીને કહેલું, 'Beware of this man, he means what he says.'

બિસ્માર્કનું એ પૂર્વ સૂચન સાચું પડ્યું. પાર્લમેન્ટે નમતું ન આપતાં રાજા છેવટ કંટાળીને ગાદી છોડવા તૈયાર થયો. ખરડો તૈયાર થયો, પણ રૂને હજુ એક વખત બિસ્માર્કની સલાહ લેવા સૂચવ્યું ને રાજાની અનુજ્ઞાથી ફરી તાર કરી તેને બોલાવ્યો. પણ બિસ્માર્ક પાસે બીજી વાત ન હતી. એની એ જ વાત એણે ફરી કહી, 'મારી રાજનીતિ અખત્યાર કરો. મને મુખ્ય પ્રધાન બનાવી બધી સત્તા મને સોંપો.'

રાજાએ પૂછ્યું, 'એનું પરિણામ શું આવશે? મને તો લાગે છે કે મારા આ કિલ્લા પર જ તમારું માથું પડશે ને પછી એ જ રીતે મારું.'

બિસ્માર્કે જવાબ આપ્યો, 'યુદ્ધ અગર વધસ્તંભથી બહેતર મોત પણ કયું છે? હું પડીશ, પણ લૉર્ડ સ્ટ્રૅફર્ડ માફક; અને તમે, નામદાર લૂઈ ૧૬મા જેમ નહિ પણ ચાર્લ્સ પહેલાની માફક.'

રાજાનો અંદેશો દૂર થયો. બિસ્માર્ક પ્રશિયાનો કર્તાહર્તા-રાષ્ટ્રપિતા થયો. એણે પહેલું જ કામ ૧૮૬૩નું બંધારણ પાછું ખેંચી લેવાનું કર્યું. પ્રતિનિધિ-સભાની અનુજ્ઞા વગર લશ્કર માટે નાણાં ન ખરચી શકાય એમ કહેવામાં આવતાં એણે તરત પેલો પ્રખ્યાત જવાબ આપ્યો, 'Not by speeches and majority votes are the great questions of the time decided but by blood and iron.'

પાર્લમેન્ટ સાથેનો આ ઝઘડો ચાલુ હતો ત્યાં વચ્ચે જ પોલૅંડમાં બળવો ફાટી નીકળ્યો. એ કમનસીબ દેશને ઑસ્ટ્રિયા, પ્રશિયા ને રશિયા એ ત્રિવિધ સત્તાઓએ વહેંચી લઈ યુરોપના નકશામાંથી તેનું નામોનિશાન રદ કરી નાખ્યું હતું. પોલ પ્રજાના બે ભાગ પડી ગયા હતા. એક કટ્ટર પ્રજાસત્તાવાદી હતો, બીજાને રશિયન સરકાર નીચે સ્વરાજ જોઈતું હતું. બેમાંથી ગમે તે પક્ષ વિજયી થાય, પણ પ્રશિયા પાસેથી તે પોઝેન અને બાલ્ટિક કિનારો પાછાં લીધા સિવાય ન જંપે, એટલે પ્રશિયાના હિતની દૃષ્ટિએ બિસ્માર્કે કડક રાજનીતિ અખત્યાર કરી. જો કે લોકોની લાગણી બળવાખોરો પ્રત્યે સહાનુભૂતિની હતી, અને પાર્લમેન્ટે પણ એની રાજનીતિનો વિરોધ કરેલો, પણ બિસ્માર્કે પરખાવી દીધેલું, 'હું ચૅમ્બરની સત્તા નીચે નથી; મારો એક જ ઉપરી છે, અને તે રાજા.'

લોકલાગણી ઉગ્ર બનતી અટકાવવા તેણે પ્રેસ ઑર્ડિનન્સ જાહેર કર્યો, સભાબંધીનો હુકમ બહાર પાડી, પોલીસને અનિયંત્રિત સત્તા આપી તથા બીજા કડક જાહેરનામાં બહાર પાડ્યાં. તેણે કહ્યું: 'પરદેશો પ્રત્યે સહાનુભૂતિ ધરાવવી એ રોગ છે, ને કમનસીબે તે એકલા જર્મનીને જ લાગુ પડ્યો છે.' અને એ રોગ નાબૂદ કરવા તેણે પોલૅંડના ખૂંચવેલા બધા ભાગો પ્રશિયન બનાવી નાખવાની યોજના ઘડી કાઢી. તેણે જર્મન ભાષા, જર્મન સંસ્કૃતિ ને જર્મન કાયદા ત્યાં દાખલ કર્યા એટલું જ નહિ, પણ પોલો પાસેની જમીન ખૂંચવી લઈ જર્મન ખેડૂતોને ખેડવા આપી દીધી.

એવામાં ઑસ્ટ્રિયા સાથે પ્રશિયાને ઝઘડો ઊભો થયો. ડેનમાર્ક ને પ્રશિયા વચ્ચે શ્લેસ્વિગ અને હોલ્સ્ટાઈન નામનાં બે અર્ધ સ્વતંત્ર અને અર્ધ જર્મન સંસ્થાનો આવેલાં હતાં. ઈ. ૧૮૫૨માં યુરોપની સત્તાઓએ ડેનમાર્કને તેમનો વહીવટ સોંપ્યો હતો, પણ એમના આંતરવહીવટ સાથે તેને કંઈ લાગતુંવળગતું ન હતું. એ પ્રાંતોને પોતાનું રાજબંધારણ હતું, પોતાની ડાએટ હતી. પરંતુ ૧૮૫૫માં ડેનમાર્કની ગાદીએ નવો રાજા આવતાં તેણે એ હક્ક નાબૂદ કરતું બંધારણ અમલમાં મૂક્યું, અને આથી એ પ્રાંતોએ જર્મનોની મદદ માગી.

જર્મન ભાષા બોલતા અને જર્મન અસર નીચેના એ પ્રાન્તોનું સ્વાતંત્ર્ય જર્મનોના સ્વમાનનો પ્રશ્ન હોવા છતાં ઑસ્ટ્રિયા વિરુદ્ધમાં પડ્યું. બિસ્માર્કને જર્મન એકીકરણ વચ્ચે વારંવાર આમ કાંટો બની ઊભા રહેતા ઑસ્ટ્રિયાની ખો ભુલાવવી હતી, છતાં આ વખતે તે શાંત રહ્યો; કારણ તે માટે આ સંસ્થાનોને કારણ બનાવી બીજી સત્તાઓની નજરે ચડવાની તેની ઇચ્છા ન હતી. તેનો ઇરાદો હતો એ બંને સંસ્થાનો પ્રશિયામાં ભેળવી દેવાનો. ઉત્તર સમુદ્ર અને બાલ્ટિક વચ્ચેનું એમનું ભૌગોલિક સ્થાન પ્રશિયાને બહુ મહત્ત્વનું હતું. આ પ્રશ્ન પર પાછળથી એણે કહેલું પણ ખરું કે તેની કૂટનીતિમાં આ પ્રશ્ન સૌથી વિષમ હતો.

પણ એ પ્રાંતો પ્રશિયા પાસે જાય એ ઇંગ્લૅંડ, રશિયા કે ઑસ્ટ્રિયા કોઈથી સાંખ્યું જાય એમ ન હતું. ફ્રાન્સના નૅપોલિયન ત્રીજાએ મદદ કરવાનું કહ્યું, પણ એમાં પ્રશિયાને હમેશ માટે ઑસ્ટ્રિયાનું દુશ્મન બનાવી, પોતાની દયા પર જ જીવતું બનાવી દેવાનો તેનો ઇરાદો હતો, એટલે એ સહાય બિસ્માર્કે ન સ્વીકારી. બીજી બાજુ પેલી ત્રણે સત્તાનો સામનો કરવો પણ અશક્ય હતો, એટલે હવે તેણે પોતાની કૂટનીતિની અજમાયશ શરૂ કરી. બહુ બહુ પ્રયાસો કરી એણે ઑસ્ટ્રિયાને પોતાને પડખે લઈ લીધું—એ બહાને કે આપણે બંને મળી ડેનમાર્ક પાસેથી



△ સેડનના યુદ્ધ પછી બીજે દિવસે સવારે નેપોલિયન ત્રીજા સાથે એની શરણાગતિની શરતો અંગે ચર્ચા કરતો બિસ્માર્ક.

એ સંસ્થાનોને એમનું જૂનું રાજબંધારણ અપાવીએ, ત્રાહિત કોઈ પણ સત્તાની દરમિયાનગીરી વગર. અને આમ ઑસ્ટ્રિયા પ્રશિયાના પક્ષમાં ગયા પછી ઇંગ્લૅંડ અને રશિયા વચ્ચે એટલો એકસંપ નહોતો કે બંને મળીને વિરોધ કરી શકે. બંને સત્તાઓએ મળીને ડેનમાર્ક પર દબાણ પણ આણ્યું, પણ તે જૂનું બંધારણ આપવા તૈયાર ન થયું. આથી લડાઈ થઇ, અને પરિણામે ડેનમાર્કે એ બંને પ્રાંતો આ બે જર્મન સત્તાઓને સોંપી દેવા પડ્યા.

હવે પાછાં તડ પડ્યાં. ઑસ્ટ્રિયાને એ બંને પ્રાંતો પ્રિન્સ ઑગસ્ટનબર્ગને સોંપવા હતા. પ્રશિયાએ તેનો વિરોધ કર્યો—સિવાય કે એ પ્રશિયાને જોઇએ ત્યારે મદદ આપવાની તે કબૂલાત કરે; લશ્કર, પોસ્ટ અને ટેલિગ્રાફખાતાં પ્રશિયાના હાથમાં મૂકે, અને ઉત્તર સમુદ્ર તથા બાલ્ટિક વચ્ચે એક કિલ્લો અને એક નહેર બાંધવા દઇ તેનો કબજો પ્રશિયાનો રહેવા દે. આ શરતો સાંભળીને પ્રિન્સ બોલી ઊઠ્યો, 'તો તો પ્રિન્સ થવા કરતાં હું બટાટા ખોદવાનું જ પસંદ કરું.'

આ ઝઘડો લગભગ યુદ્ધની અણીએ પહોંચ્યો. પરંતુ પ્રશિયાનો રાજા વિલિયમ યુદ્ધથી વિરુદ્ધ હતો. વળી નૅપોલિઅન કોનો પક્ષ લે એ પણ ચોક્કસ નહોતું. એટલે લાચાર થઈ બિસ્માર્કે ૧૮૬૫ના ઑગસ્ટની ૧૪મીએ ગૅસ્ટાઈનના કરારો કર્યા, જે મુજબ શ્લેસ્વિગનું તંત્ર પ્રુશિયાએ ચલાવવાનું ને ઑસ્ટ્રિયાએ હોલ્સ્ટાઇનનું એમ નક્કી થયું. યુદ્ધ અટકાવવાનાં આ પગલાંથી ખુશ થઈ, રાજાએ બિસ્માર્કને કાઉન્ટ બનાવ્યો.

પ્રશિયા સાથે ઑસ્ટ્રિયાએ અલગ સંધિ કરવાથી જર્મન રાજ્યોમાં તેનું મહત્ત્વ તો ઘટ્યું જ. બાવેરિયાનો રાજા પ્રશિયાને પડખે આવે એમ હતું, કારણ ઑસ્ટ્રિયાના વલણથી સૌ કરતાં તેને વધુ માઠું લાગ્યું હતું. વળી, નૅપોલિયને પણ ગૅસ્ટાઈનની સંધિ પ્રત્યે અણગમો બતાવ્યો હતો, જ્યારે બિસ્માર્કને પણ હોલ્સ્ટાઇન લીધા સિવાય ચેન પડે તેમ નહતું. એટલે તેણે તેના વહીવટમાં દખલગીરી શરૂ કરી. ઑસ્ટ્રિયાએ તેને તેમ ન કરવાનું ફરમાન મોકલતાં તેણે જવાબ વાળ્યો, 'આપણે ડેનિશ યુદ્ધ પહેલાં હતા તેવા ને તેવા જ છીએ; નહિ કંઈ સારા કે નહિ નરસા.'

આ જવાબને લડાઇનું સૂચક માની લઈ ઑસ્ટ્રિયા તે માટે તૈયારી કરવા લાગ્યું. સામે પ્રશિયાએ પણ તૈયારી કરી. દેશના પ્રજાતંત્રવાદીઓ બિસ્માર્કના આ પગલાથી ગભરાયા. તેમને બોનાપાર્ટિઝમની દહેશત લાગવા માંડી. રાજા પણ ગભરાયો. બિસ્માર્કે તેને વિનવ્યો, 'મારી આપને સલાહ નહિ પણ પ્રાર્થના છે કે લડાઈ કરવી.'

એવામાં ખબર મળ્યા કે ઈટાલીએ લશ્કર નમાવ્યું છે ને ગૅરીબાલ્ડીએ એના સાથીઓ સાથે ઑસ્ટ્રિયા સામે સરહદ ઓળંગી છે. બિસ્માર્કે તરત ઈટાલી સાથે સંધિ કરી નાખી અને રાજાની મંજૂરી મેળવી ઑસ્ટ્રિયા અને તેને સાથ આપનારાં બધાં રાજ્યો સામે લડાઈ જાહેર કરી દીધી. કેટલાંક જર્મન રાજ્યોએ મધ્યસ્થ રહેવાનું કહ્યું, પણ બિસ્માર્કે ચોખ્ખી ના પાડી દીધી : 'કાં તો પ્રશિયાને પડખે આવો, કાં નિ:શસ્ત્રીકરણ કરો.'

ઑસ્ટ્રિયન લશ્કર એલ્બ નદીની પાછળ કોનીગ્રાટ્ઝ મુકામે લડાઈ આપવા સજ્જ બની ઊભું. પ્રશિયન લશ્કર એની સામે ગોઠવાયું. લડાઈની રાતે બિસ્માર્કને ચેન નહોતું, કારણ એ નિષ્ફળ ગઈ તો એનું પદ, એની કીર્તિ અને કદાચ એનો જાન પણ એ ગુમાવી બેસે એમ હતું. વારંવાર તે સેનાપતિ પોલ્ટ્કેના ચહેરા પર નજર નાખતો, પણ એ પીઢ સેનાપતિના ચહેરા પરથી પરિણામની એકે રેખા વાંચી ન શકાતાં હતાશ બનતો. કિંતુ એ હતાશા બહુ ન ચાલી, કારણ ૧૮૬૬ના ૧૩મી જુલાઈની રાતે બે વાગે ઑસ્ટ્રિયાનો પરાજય થયો. જર્મન સૈનિકોએ તળિયાં વગરના બૂટો, ભીનાં કપડાં, ખાલી પેટ અને વગર ઊંઘે જર્મનીની આબરૂ જાળવી. બિસ્માર્ક પોતાની આ સ્વપ્નસિદ્ધિ પછી ક્યાંયે આસરો ન મળતાં એક ઉકરડા પર સૂઈ ગયેલો.

પણ એ સાથે જ યુરોપમાં શાંતિ સ્થાપવાના બહાને લૂઈ નૅપોલિયને આ બાબતમાં માથું માર્યું. તેનો આ દ્રોહ બિસ્માર્ક આજીવન ભૂલ્યો નહોતો અને તેનો તોડ લાવવા એને પોતાની કૂટનીતિ યોજવી પડી. એક બાજુ નૅપોલિયનને સુલેહ કરવા તત્પરતા બતાવી બાજુ બીજી વિયેના તરફ લશ્કર આગળ વધાર્યે રાખ્યું. આના પ્રતિકાર માટે નૅપોલિયન પાસે લશ્કર તૈયાર ન હોઈ તેની દરમિયાનગીરી હાસ્યાસ્પદ નીવડે એમ હતી, પરિણામે બિસ્માર્કની સુલેહ માટેની દરખાસ્ત એણે સ્વીકારી લીધી. જુલાઈની ૨૩મી તારીખે નિકોલ્સબર્ગની સંધિ થઈ જે અનુસાર પ્રશિયાએ લક્ઝેમ્બર્ગમાં લશ્કરી મથક ન રાખવું અને ફ્રાન્સને જોઇએ ત્યારે બેલ્જીઅમ મેળવી આપવાના કરારો થયા. ઑસ્ટ્રિયા સાથે તો બિસ્માર્કે ભાગ્યે જ બે દુશ્મન દેશો વચ્ચે થાય એવી અજોડ સંધિ કરી. તેણે એનો કશો મુલક ન લીધો. યુદ્ધનું બધું ખર્ચ પણ એના પર ન નાખતાં જે રાજ્યોએ તેના વિરુદ્ધ એને સાથ આપેલો તેમના પર ઘણુંખરું લાદી દીધું. અને એ સાથે હૅનોવર, કુહૅસન, નાસાઉ અને ફ્રાન્કફર્ટ પ્રશિયામાં ઉમેરી દઇ, બાકીનાં રાજ્યો સાથે પરસ્પર સહાય ને પ્રશિયાને જોઇએ ત્યારે તેમનાં લશ્કરો આપવાની સંધિ કરી.

આ પછી બીજા જ વર્ષે નૅપોલિયને લક્ઝેમ્બર્ગ માગ્યું. પ્રશિયા કબૂલ કરે તો હોલૅન્ડે તે આપી દેવા તૈયારી બતાવી, પણ બિસ્માર્કે ના પાડી દીધી. ફ્રાન્સ આથી ધૂંધવાઈ ઊઠ્યું, પણ ત્યાં બળતામાં ઘી હોમવા જેવો બીજો એક પ્રસંગ યુરોપના રાજકારમાં ઉપસ્થિત થયો. સ્પેઈનની રાણી ઈસાબેલાએ તખ્ત ગુમાવ્યું ને જનરલ પ્રિમે ગાદીના નવા હક્કદાર માટે શોધ ચલાવતાં હોહેનઝોલર્ન પ્રિન્સ લીઓપોલ્ડને પસંદ કર્યો. આ પ્રિન્સના પિતાએ બીજો કોઈ જર્મન રાજા નહોતો કરી શક્યો એટલું પ્રશિયા માટે કર્યું હતું. પોતાના રાજપદ સુધ્ધાંનો એણે ત્યાગ કર્યો હતો. એવાના પુત્રના હાથમાં ફ્રેન્ચો પોતાની પડોશનું જ રાજ્ય કેમ જવા દે?

પરંતુ પ્રિન્સ આ દરખાસ્તનો અસ્વીકાર કરે એમ લાગવા માંડ્યું. બિસ્માર્કને એ ન રુચ્યું. તેણે પ્રિન્સને સમજાવવો માંડ્યો—પ્રુશિયન પ્રધાનમંડળને પણ કશી શંકા આવવા દીધા વિના. છતાં ફ્રેન્ચ પ્રધાન બેનીદેતીએ તેની મુલાકાત લીધી ત્યારે તેણે કહ્યું, 'એ બાબત સ્પેઈન અને ચૂંટાએલાં ઉમેદવાર વચ્ચેની છે. પ્રશિયાને તે સાથે કશા લેવાદેવા નથી'. આમ, આખું ફ્રાંસ જ્યારે ઉશ્કેરાએલું હતું, કલાકેકલાકે તેના પ્રધાનો મળતા હતા, 'લડાઈ! લડાઈ!'થી વાતાવરણ ગાજી રહ્યું હતું ત્યારે બિસ્માર્ક વાર્ઝીનમાં શાંતિપૂર્વક બધાં પાસાં ગોઠવી રહ્યો હતો.

એમ છતાં પ્રિન્સે તો પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી. બિસ્માર્કના હાથ હેઠા પડ્યા. ફ્રેન્ચો ખૂબ આનંદમાં આવી ગયા અને ફ્રેન્ચ સામયિકોએ પ્રશિયન સરકારની ક્રૂર હાંસી ઉડાવી. એટલું અધૂરું હોય તેમ નૅપોલિયને ફરી વાર એમ્સ ખાતે રહેલા પ્રશિયાના રાજા પાસે બેનીદેતીને એવા કહેણ સાથે મોકલ્યો કે ફ્રાન્સની માફી માગવી ને પ્રિન્સને ફરી વાર ચૂંટણીમાં ઊભો થવા ન દેવો, રાજાએ એમ કરવાની ના પાડી ને બધી વિગત તારથી બિસ્માર્ક ઉપર મોકલાવી આપી.

બિસ્માર્ક માટે આ તારે જ પાસા સવળા પાડ્યા. કેટલાકો આ તાર પાછળ તેની બનાવટ હોવાનું પણ જણાવે છે, પણ એ આક્ષેપ ખોટો છે. રાજાનો જ એ તાર હતો. એમાં કશો સુધારોવધારો ન કરતાં ટૂંકામાં ટૂંકી રીતે તેણે તે 'નૉર્થ જર્મન ગૅઝેટ'નો વધારો બહાર પાડી રૈયતને ઉશ્કેરી મૂકી: 'ફ્રેન્ચોએ પ્રશિયાનું અપમાન કર્યું છે, અને એનો બદલો લેવો એ દરેક જર્મન બચ્ચાની ફરજ છે.' અને તે એટલે સુધી કે એમ્સથી રાજા પાછો બર્લિન આવ્યો, ત્યારે સ્ટેશનેસ્ટેશને 'લડાઇ,! લડાઇ!'ના પોકારો સાંભળી તેને પણ આશ્ચર્ય થએલું.

નૅપોલિયનની ઇચ્છા યુદ્ધ કરવાની ન હતી, છતાં લોકપ્રવાહને એણે અનુસરવું પડ્યું ને ફ્રેન્ચ લશ્કરે કૂચ આરંભી. બિસ્માર્કે રૂન અને મોલ્ટકેને મળીને આ અંગેનો બધો જ બંદોબસ્ત કરી લીધો હતો. પણ પહેલો હલ્લો પોતે ન કરતાં ફ્રેન્ચોને જ કરવા દઈ, જગતની નજરે તેમને હલકા પાડવાનો તેનો ઈરાદો હતો. ને એ અનુસાર તેણે ફ્રેન્ચોને સારબ્રુક જીતી લેવા દીધું.

આ જીતથી ફ્રેન્ચોનું હૃદય હદ બહાર પુલકિત બની ઊઠ્યું, અને 'બર્લિન! બર્લિન!' કરતા તેઓ આગળ ધસી આવ્યા, પણ પછી જર્મન લશ્કરે એક પછી એક એવી તો છક્કડો ખવડાવવા માંડી કે આખરે નાસીને એમને સિદાંના કિલ્લામાં ભરાઈ રહેવું પડ્યું.

નૅપોલિયનની બાજી ઊંધી વળી. જર્મનોએ એ કિલ્લાને પણ ઘેરો ઘાલ્યો. આ હારથી પારીસ પાછું ઉશ્કેરાઈ ગયું. નૅપોલિયનને તેની પત્નીએ ખાનગી ખબર મોકલાવ્યા કે જો તેઓ જર્મનોને પાછા નહિ હટાવે તો પારીસમાં બળવો ફાટી નીકળે એમ છે. આથી લડી છૂટવાનો જ માર્ગ એણે અખત્યાર કર્યો ને ફ્રેન્ચ લશ્કર મરણિયું થઈ લડ્યું યે ખરું, પણ પરિણામે તો પરાજય જ. ફ્રેન્ચ સેનાપતિ વિંફાંએ પોતાની તલવાર પ્રશિયાના રાજાના હાથમાં મૂકી દીધી.

મોલ્ટકે ને બિસ્માર્ક આખું લશ્કર કશી શરત વગર તાબે થાય એવું ઇચ્છતા હતા. એમણે એ સ્વીકારવા અગર તો સિદાંને તોપને ગોળે ઉડાડી દેવાની માગણી વિંફાં પાસે મૂકી. પણ વિંફાં યે શુદ્ધ સૈનિક ખમીરનો હતો. લડતી વખતે એ સૈન્યને મોખરે જ રહ્યો હતો. શોધવા છતાં તેને મોત નહોતું મળ્યું. વળી, બે જ દિવસ થયાં તે અલ્જીરિયાથી આવ્યો હતો ને પોતાની કારકિર્દીની આવી રંક શરૂઆત થતી જોવા યે નાખુશ હતો. એણે કંઈક ઉદારતા બતાવવા વિનતિ કરી, પણ બિસ્માર્કે જવાબ આપ્યો, 'વ્યક્તિનો વ્યક્તિ ઉપરનો ઉપકાર સમજી શકાય; પણ એક રાષ્ટ્રનો બીજા રાષ્ટ્રનો ઉપકાર અને તેનો સ્વીકાર અસંભવિત જ છે.'

એવામાં જનરલ કાસ્તિલ્નો આવી કહ્યું, 'શહેનશાહ નૅપોલિયને પોતાની તલવાર સાથે સુલેહ માટે સંદેશો મોકલ્યો છે.' બિસ્માર્કે સવાલ કર્યો, 'તલવાર શહેનશાહની છે કે ફ્રાન્સની? ફ્રાન્સની હોય તો અમે અમારી શરતો કંઈક હળવી બનાવી શકીએ'. 'નહિ...' વિંફાં વચ્ચે જ બોલી ઊઠ્યો, 'એ માત્ર શહેનશાહની છે; ફ્રાંસની નહિ' 'ત્યારે અમારી શરતો નરમ નહિ બને.' બિસ્માર્ક અને મોલ્ટકેએ કહ્યું. વિંફાંને પોતાના સાથીઓને મળવાની પણ રજા તેમણે ન આપી.

'ત્યારે આમંત્રણનો પણ અંત આવે છે.' ઊભો થતાં વિંફાં બોલ્યો. 'એ કરતાં બહેતર કે યુદ્ધ જારી રાખવું'. બિસ્માર્ક અને મોલ્ટકે તો આ સાંભળી આભા જ બની ગયા. સામે નૅપોલિયન પહેલાનું ચિત્ર ટાંગેલું હતું ને મીણબત્તીનો પ્રકાશ બધાના ચહેરા અજવાળી રહ્યો હતો. વિંફાંએ તરત પોતાના અને સાથેના બીજા બે અફસરોના ઘોડા લાવવા હુકમ આપતાં બિસ્માર્ક ને મોલ્ટકેએ નમતું આપ્યું ને વિંફાંને પોતાના સાથીઓ સાથે મળી, મંત્રણા કરી, નિર્ણય પર આવવાની છૂટ આપવા સાથે બીજે દિવસે નવ વાગ્યા સુધી મિત્રતા જાળવવાનું વચન આપ્યું.

વહેલી જ સવારે બિસ્માર્કને ઊંઘમાંથી ઉઠાડીને ખબર આપવામાં આવ્યા કે શહેનશાહ નૅપોલિયન જાતે તેને મળવા આવે છે, એટલે નાહ્યા કે નાસ્તો કર્યા વગર યુનિફૉર્મ ચડાવ્યા વિના જ તે તેને મળવા ઊપડ્યો. દસ ચોરસ ફૂટના એક ઝૂંપડામાં બંને વચ્ચેની ચર્ચા ચાલુ હતી ત્યાં સમાચાર આવ્યાં કે પારીસમાં ક્રાંતિ થઈ હતી, શહેનશાહ પદભ્રષ્ટ જાહેર થયો હતો ને નવી સરકાર રચાઈ હતી. બિસ્માર્કે આથી નવી સરકાર સાથે વાટાઘાટો કરવાનું રાખી પ્રશિયાના રાજા સાથે નૅપોલિયનને જર્મની મોકલી દીધો.

ફ્રાન્સની નવી સરકારમાં પરદેશ ખાતાનો પ્રધાન ઝૂલે ફેવર હતો. તેણે ફ્રાન્સની જમીનનો તસુભર ટુકડો પણ આપવાની ના પાડી દીધી. બિસ્માર્કે છેવટ સ્ટ્રાસબર્ગ, મેટ્ઝ તથા આલ્સેસની માગણી કરી, પણ એની યે ફેવરે ના પાડી દેતાં મોલ્ટકેએ પારીસને ઘેરો ઘાલ્યો. ફ્રાન્સના ગૌરવને આ છેલ્લો ફટકો મારવા સામે બિસ્માર્કે વિરોધ કર્યો પણ મોલ્ટકે અને રૂન પાસે તેનું કંઈ ન ચાલ્યું ને ૧૮૬૧ના જાન્યુઆરીની ૨૮મીએ પારીસ પડ્યું.

પણ ફેવર હજી યે સુલેહ કરવા તૈયાર ન હતો. તેણે યુરોપના રાજ્યોને આ બાબતમાં સંડોવવાની ધમકી આપી. બિસ્માર્કે જવાબ આપ્યો, 'તો હું લૂઈ નૅપોલિયનને ફ્રાંસની ગાદી પર પાછો લાવીશ.' ફેવર આથી કરીગરી ઊઠ્યો, 'આ બધી નામોશી પછી બોનાપાર્ટને પાછો ગાદીએ લાવી, ફ્રાન્સને વધુ નામોશી ન આપશો.' ને ફ્રાન્સે દંડના વીસ કરોડ પૌંડ આપવા ઉપરાંત આલ્સાસ અને લૉરાંનો કેટલોક ભાગ તથા મેટ્ઝ ને સ્ટ્રાસબર્ગના કિલ્લા આપી, પ્રશિયા સાથે સુલેહ કરી.

વિજયમાં થનગનતી જર્મન સેના પિતૃદેશ પાછી ફરી. દક્ષિણના જર્મન રાજ્યોએ પણ યુદ્ધમાં બિસ્માર્કને સહાય આપેલી એટલે આ વિજયકૂચથી આખી જર્મન પ્રજા આનંદોદ્રેક અનુભવવા લાગી. હવે જર્મન રાજ્યોને હાથમાં લેવા સહજ થઈ પડ્યાં ને ફ્રાન્સના વિજય પછી બિસ્માર્કે એ જ કામ હાથ ધર્યું.

બધાં રાજ્યો તો ઑસ્ટ્રિયા કરતાં પ્રશિયા સાથે જોડાવા તૈયાર હતાં, પણ બાવેરિયાના રાજાનું વલણ હજુ અસ્પષ્ટ હતું. બિસ્માર્કે એ માટે સરસ રસ્તો શોધી કાઢ્યો. જર્મન રાષ્ટ્રૈક્યનું એક વિનતિપત્ર લખી, તે વાંચી જવાનું મહત્ત્વનું કાર્ય બાવેરિયાના રાજાને જ સોંપીને તેની મહત્તા તેણે વધારી દીધી. વળી તેને વુર્ટેમ્બર્ગને અને સૅક્સનીને તેણે અમુક છૂટછાટો પણ આપી; પરિણામે ઑસ્ટ્રિયા સિવાયનાં બધાં જર્મન રાજ્યોએ પ્રશિયાના નેતૃત્વ નીચે રાષ્ટ્રૈક્ય સાધ્યું ને મધ્ય

(અનુસંધાન પૃ. ૬૮)

રાયસાહેબ

ધીરેન્દ્ર મહેતા

રાયસાહેબનો માણસ અબ્દુલ મને બોલાવવા આવ્યો ત્યારે મને નવાઈ લાગી. રાયસાહેબ મને બોલાવે? એમની હવેલી પાસેથી પસાર થતાં એમને ઝરૂખામાં ઊભેલા ઘણી વાર જોયા છે. દરેક વખતે મોઢામાં ચિરૂટ અને ધુમાડાથી આવૃત્ત ચહેરો, વ્યવસ્થિત રીતે અવ્યવસ્થિત લાગતા વાળ અને ચળકતો રેશમી ગાઉન પહેર્યો હોય – ક્યારેક મરૂન, ક્યારેક કાળો.

રાયસાહેબ પર નજર પડ્યા પછી આજુબાજુની કોઈ પણ વસ્તુનો પ્રભાવ પડવો મુશ્કેલ હતો. નજર અનાયાસ એમના ભણી વળી જ જતી. પરંતુ રાયસાહેબની આંખો તો આસપાસના જગતમાંથી ભાગ્યે જ કશું ગ્રહણ કરતી લાગે. એક વાર એમની હવેલી પાસેથી પસાર થતો હતો ત્યારે યે રાયસાહેબ તો ઝરૂખામાં ઊભેલા હતા જ, પણ મેં જોયું કે એમનો ચહેરો મારી સામે હતો. મેં આદરસૂચક સલામ કરી, પરંતુ એમણે પ્રત્યુત્તર વાળ્યો નહિ. હું ભોંઠો પડી ગયો. ઘવાયેલા સ્વમાનને લીધે મેં વિચાર્યું કે હવે કોઈ વાર એમની સામે જોવું પણ નહિ. જો કે, મારો એ સંકલ્પ સફળ થયો નહોતો બહાર નીકળતાં જ મારી નજર સભાનપણે રાયસાહેબના ઝરૂખા તરફ ખેંચાઈ જતી, પણ એ સારું જ થયું, કારણ કે એથી હું એક ગંભીર ગેરસમજમાંથી ઊગરી ગયો. મને ખયાલ આવ્યો કે રાયસાહેબનો ચહેરો સામે મંડાયેલો હોય ત્યારે પણ એમની દૃષ્ટિ સામે હોતી નથી, એ બીજે ક્શે ખોવાયેલી હોય છે.

મને પોતાને સમજાતું નહોતું કે રાયસાહેબના વિચારો અને એમના ઝરૂખામાં ક્યારેકક્યારેક જોવા મળતી એમની છબી મારા ચિત્તને કેમ આટલું બધું રોકી લે છે? ઘણું ઘણું વિચારવા છતાં આ પ્રશ્નનો કોઈ ઉત્તર મને મળ્યો નહોતો; પણ હું ધારું છું કે એમના વ્યક્તિત્વમાં એવું કશુંક હતું જે એમને આસપાસથી એકદમ અલગ પાડી દેતું, અને એમના વિશે વિચાર કરવા વિવશ બનાવતું હતું.

વ્યાવહારિક રીતે રાયસાહેબ હમેશાં અન્યથી દૂર જ હોય છે. હવેલીના ઉપરના ભાગમાં તેઓ એકલા જ રહે છે, કુટુંબ આખું નીચેના ભાગમાં. ત્યાંથી કોઈ ભાગ્યે જ ઉપર જાય, અને જાય તો રાયસાહેબ એની સામે પ્રશ્નસૂચક દૃષ્ટિએ જુએ. રાયસાહેબ પોતે તો એ નીચેના ભાગમાં કોઈ વાર જાય નહિ. ક્યાંય જવું હોય તો બહારનો દાદર ઊતરીને નીચે આવે અને સીધા મોટરમાં બેસી જાય. ડ્રાઈવર પણ એમને કશું પૂછ્યા વિના મોટર હંકારી મૂકે. કાં તો સમયનો સંકેત એ સમજતો હોય અથવા મુખ્ય માર્ગ ઉપર આવતાં સુધીમાં રાયસાહેબ પોતાની મેળે એને જરૂરી સૂચના આપી દેતા હશે.

આ ડ્રાઇવર એ જ એમનો માણસ અબ્દુલ. રાયસાહેબની સૌથી વધુ નજીક એ જ એક હતો. એ રાયસાહેબની જ મોટર ચલાવતો. ઘરનાં બીજાં માણસો માટે અલગ મોટર હતી. એનો ડ્રાઈવર પણ જુદો હતો. એ મોટર બગડી હોય કે એનો ડ્રાઈવર ગેરહાજર હોય તોપણ રાયસાહેબની મોટર કે ડ્રાઈવરનો ઉપયોગ કોઈ કરી શકતું નહિ, કે રાયસાહેબ કોઇને લિફ્ટ પણ આપતા નહિ. જબરદસ્ત મોટર હતી એમની, અને ખર્ચાળ પણ ખરી, છતાં રાયસાહેબે એ બદલીને નવી મોટર લીધી નહોતી.

રાયસાહેબનું બધું કામ અબ્દુલ જ કરતો. હવેલીનો ઉપરનો ભાગ એ સાફ રાખતો અને રાયસાહેબને નિત્યક્રિયામાં મદદ કરતો. રાયસાહેબનાં કપડાં બહાર ધોવાતાં. જરૂરિયાતની બીજી વસ્તુઓની જેમ એ આપવા-લેવાનું કામ પણ અબ્દુલ કરતો. માત્ર જમવાની થાળી અને ચાની કીટલી નીચેથી ઉપર જતાં, એ સિવાય હવેલીના નીચેના ભાગ સાથે રાયસાહેબને કશો વ્યવહાર નહોતો. થાળી અને કીટલી પણ અબ્દુલ દ્વારા જ ઉપર જતાં.

હું અહીં રહેવા આવ્યો ત્યારથી માંડીને મેં રાયસાહેબને કદી કોઇની સાથે વાત કરતા જોયા નથી, પરંતુ આજુબાજુમાંથી રાયસાહેબ વિશે ઘણી વાતો સાંભળી છે. અહીં ઉપર એમને વિશે નોંધી એ વિગતો પણ એ રીતે જ મને જાણવા મળેલી છે. લોકોને આવી બધી ખબર શી રીતે પડતી હશે?

સાંભળ્યું હતું કે રાયસાહેબને કંઈ રાયબહાદુરનો ખિતાબ મળ્યો ન હતો. એમનું અસલ નામ તો હતું સુરેન્દ્રમોહન રાય, અને એ પરથી આદર સૂચવવા એમનો ઉલ્લેખ રાયસાહેબ તરીકે થવા લાગ્યો હતો. તેઓ પોતે તો છેલ્લાં બેએક વરસથી અહીં રહેવા આવ્યા હતા. પણ એ પહેલાં છએક મહિના અગાઉ એક વૃદ્ધાએ, એક આધેડ સ્ત્રી અને બે કિશોરો સાથે અહીં આવીને વરસોથી બંધ રહેતી હવેલી ઉઘાડી હતી.

રાયસાહેબને આ બધાં લોકોની સાથે શું સગપણ હતું એ અંગે પણ જુદાજુદા મતો પ્રચલિત હતા. કોઈ કહેતું કે એ વૃદ્ધા રાયસાહેબનાં કાકી હતાં અને આધેડ સ્ત્રી નાનાભાઈની વિધવા. બે કિશોરો એ સ્ત્રીના પુત્રો હતા. બીજો મત એવો હતો કે વૃદ્ધા રાયસાહેબના મા હતાં અને બીજી સ્ત્રી રાયસાહેબના સગા નહિ પણ ઓરમાન ભાઇની વિધવા હતી. કહેવાતું કે રાયસાહેબે બે પત્નીઓ કરી હતી અને બન્ને મૃત્યુ પામી હતી. એક દીકરી પણ હતી, જે મોસાળમાં જ રહેતી હતી. રાયસાહેબે જ તેને ત્યાં મોકલી આપી હતી, જાણીજોઇને—બંધનને પોતાથી દૂર રાખવાના હેતુથી, અથવા ખુદ એની સલામતી ખાતર, એ વિશે પણ વિધવિધ મત હતા.

આ બધી વિગતોનું વિગતો લેખે શું મહત્ત્વ હતું? આમ હોય કે તેમ હોય એથી કશો ફેર પડતો નહોતો. પણ વાત એટલી સીધી-સાદી રહેતી નહિ, એની આસપાસ રહસ્યનું જાળું ગૂંથાતું. કહેવાતું કે એમના બાપદાદા જાગીરદાર હતા અને રાયસાહેબને પિતા સાથે મતભેદ થયો હતો. આ મતભેદને અંગે યે અવનવાં કારણોની ચર્ચા થતી. કોઈ એને માટે નાનાભાઈ પ્રત્યેના દ્વેષભાવને કારણભૂત લેખતું, તો કોઈ અમુક રાજકીય પરિબળોને. પિતા-પુત્રની વિચારસરણી ભિન્ન હતી. પિતાએ પોતાની વિચારસરણીને પૈસાનું ચાલકબળ આપ્યું હતું. જે પક્ષ પ્રત્યે પુત્રને સખત નફરત હતી તેના ચૂંટણીફંડમાં પિતાએ છૂટે હાથે નાણાં આપ્યાં હતાં. પિતા-પુત્ર વચ્ચે જાહેરમાં તડાફડી બોલી ગઈ હતી. એ પછી પુત્રે પિતાની સામે મોરચો માંડયો હતો. વાત ચૂંટણી પૂરતી મર્યાદિત રહી નહોતી. જે નક્સલવાદીઓ જાગીરદારની પાછળ પડી ગયા હતા તેમને રાયસાહેબનો આશ્રય હતો. રાયસાહેબની બીજી પત્ની આ સંઘર્ષનો જ ભોગ બની હતી. સસરા પાસે જઇને તેણે પતિનો ભાંડો ફોડી નાખ્યો હતો. કહે છે કે એમની પ્રથમ પત્નીના મોત માટે પણ એમની ક્રૂરતા જ કારણભૂત હતી.

રાયસાહેબની પ્રવૃત્તિ લાંબું ચાલી નહિ. એમના અંગત હેતુએ નક્સલવાદીઓનો સાથ છોડાવી દીધો. એમ પણ કહેવાતું કે એ ખરેખરા નક્સલવાદીઓ હતા જ નહિ. એમને પણ અંગત હેતુઓ હતા, જે પૂરા થઈ ગયા પછી એમનો માર્ગ ફંટાઈ ગયો હતો. એકલા પડી ગયેલા રાયસાહેબ પર આતંક સવાર થઈ ગયો હતો, અને તેઓ આ તરફ ચાલ્યા આવ્યા હતા.

પણ, લોકો કહેતા તે મુજબ, હજુ ષડ્યંત્રો રચાઈ રહ્યાં છે. રાયસાહેબ ભારે જક્કી છે, જીવશે ત્યાં સુધી વળ મૂકશે નહિ. એમ પણ

કોઇને મળતા નથી એનું કારણ એ છે કે એમને માણસમાત્ર પ્રત્યે નફરત થઈ ગઈ છે. માણસનો ચહેરો જોવો પણ એમને ગમતો નથી. તે એટલે સુધી કે એક દિવસ કંઈક એવો આવેશ એમને આવી ગયો કે એમની પાસે હતા તે બધા ફોટોગ્રાફોનો આખો સંગ્રહ એમણે જલાવી દીધો હતો.

માણસજાતમાં એકમાત્ર અબ્દુલ સાથે તેઓ વાત કરે છે, પણ તેય જરૂર પૂરતી જ; એટલે કે બહુ જ ઓછી.

આમ કહેનારની વાતને તુરત બીજું જણ કાપી નાખતું. કહેતું : અબ્દુલ તે કંઈ માણસ છે? એમાં ને જાનવરમાં શો ફરક છે? પરંતુ અબ્દુલ વિશે આમ કહેનારનું પણ લક્ષ્ય તો હોય છે રાયસાહેબ જ. એ વ્યક્તિને આથી આગળ વધીને કદાચ એમ જ સૂચવવું હોય છે કે આ કારણસર જ રાયસાહેબને અબ્દુલ સાથે ફાવી ગયું છે. આવી વ્યક્તિઓના મુખે રાયસાહેબ વિશે સીધેસીધા ઘૃણાસ્પદ ઉદ્ગારો પણ મેં સાંભળ્યા છે. પરંતુ મેં એ નોંધ્યું છે કે એ દરેકના મનમાં રાયસાહેબ માટે અપાર આકર્ષણ હોય છે, એટલું જ નહિ, અહોભાવ પણ હોય છે.

મને પણ રાયસાહેબના વ્યક્તિત્વમાં રસ પડવા માંડ્યો હતો, પરંતુ એ માટે આ પ્રકારની વાતોએ કશી પ્રેરણા પૂરી પાડી હોય એમ હું માનતો નથી. ખરું પૂછો તો મને એ બધી વાતોમાં એટલો રસ પણ પડ્યો નહોતો. માણસને મારી પોતાની આંખે જોવાની મને ટેવ છે. આથી જ ઘણી વાર એવું બન્યું છે કે લોકોને જે વ્યક્તિ માટે હલકો અભિપ્રાય હોય તેને માટે મારા મનમાં સદ્ભાવ કેળવાયો હોય, અને લોકો જેને માટે ઊંચો અભિપ્રાય ધરાવતા હોય એવી વ્યક્તિથી હું બિલકુલ પ્રભાવિત થયો ન હોઉં. ટૂંકમાં માણસને તોલવાનાં મારાં તોલમાપ આગવાં જ છે. અમુક માણસમાં બીજાઓને જે ન દેખાયું હોય તે આ કારણે મને દેખાઈ શકે છે, અને એથી જ હું કોઈ પણ માણસને ધિક્કારવામાંથી બચી જઉં છું. મનુષ્યમાં મને અપાર શક્યતાઓ દેખાય છે.

હું ભલે પશુઓનો ચિકિત્સક રહ્યો, મને મનુષ્યમાં અખૂટ રસ છે. મને પશુઓમાં પણ પશુ તરીકે રસ નથી, પણ પશુ માનવસમાજનો એક ઘટક હોવાથી મને એની ચિકિત્સામાં રસ છે. સુસંસ્કૃત થયા પછી પણ મનુષ્યને પશુ વિના ક્યારે ચાલ્યું છે? જુદાંજુદાં પ્રાણીઓ સાથે મનુષ્યના સંબંધોને અને એમાંથી વ્યક્ત થતા એના અંતર્ગતને હું અખૂટ જિજ્ઞાસા અને વિસ્મયથી જોઉં છું.

રાયસાહેબને પણ મેં મારી દૃષ્ટિએ જ જોયા ને મને એ અસ્તિત્વ ટકાવી રાખવા માટે જરૂરી તમામ આલંબનો ખોઇ બેસીને નિઃસહાય બની ગયેલી દશામાં દેખાયા. એનાં બાહ્ય કડપ અને દોરદમામની ભીતર મને એકલતા આરડી રહેલી સંભળાઈ. ભાંગી પડતી સ્થિતિને સખતાઇનો ટેકો કરવાની મથામણ જાણે એમના મનમાં ચાલી રહી હોય એમ મને હમેશાં ભાસતું. હવેલીના નીચેના ભાગમાં રહેતાં કુટુંબીજનોને એમણે દૂર રાખ્યાં હોય એ કરતાં કશુંક સખત એમની વચ્ચે આવીને ફસાઇ ગયું હોય એમ મને વિશેષ લાગતું. પણ મારું આ નિરીક્ષણ મેં કોઇની આગળ છતું કર્યું નહોતું.

એક વાર જ્યારે એમના વિશે બહુ ચોળાચોળ થઇ રહી હતી ત્યારે હું મનોમન સહેજ ઉત્તેજિત થઈ ઊઠયો હતો. મારા મનમાં હતું તે બધું જાણે બહાર આવુંઆવું કરતું રહી ગયું હતું. મને સમજાયું ન હતું કે એકાએક કોણે એને રોકી દીધું હતું. એમ કરતાં મને ઘણું કષ્ટ પડયું હતું. એમાંય જ્યારે મારા પડોશીએ રાયસાહેબ વિશે એવું મંતવ્ય વ્યક્ત કર્યું કે એ તો એટલો કઠોર માણસ છે કે અંદરના ઓરડામાં કોઇનું ખૂન કરીને બહારના ખંડમાં તમને મળવા આવે ત્યારે એટલો સ્વસ્થ હોય કે તમને ક્ષણ પહેલાંની એની ભયંકરતાની ગંધ સુધ્ધાં ન આવે, ત્યારે મારામાં કશુંક ઉપરતળે થઇ ગયું.

એક દિવસ સવારના અમારા સૌનું ધ્યાન રાયસાહેબની હવેલી તરફ ખેંચાયું. એક માણસ એક પડછંદ કૂતરો લઇને આવ્યો હતો. કૂતરાએ જોરજોરથી ભસીને આખો મહોલ્લો ગજાવી મૂક્યો હતો. અબ્દુલે મજબૂત પકડી રાખેલી સાંકળ છોડાવીને કૂતરો પોતાના માલિક પાસે ધસી જવા મથી રહ્યો હતો. કૂતરાને અહીં જ છોડીને એ પાછો ફરી મહોલ્લાનો વળાંક વળી ગયો એ પછી યે કૂતરો ક્યાંય સુધી ભસતો રહ્યો.

એ પછીના દિવસોમાં અબ્દુલ મોટે ભાગે કૂતરા સાથે જ વ્યસ્ત રહેતો હોય એમ લાગતું હતું. કૂતરાને એ કંઇકંઇ રીતે હેળવતો-કેળવતો, સાફ કરતો, ખવરાવતો નજરે પડતો. રાયસાહેબ પણ હવે ઝરૂખામાં ઓછું દેખાતા. કોઇ વાર મોટરમાં બહાર જતા હોય ત્યારે કૂતરો એમની સાથે બેઠેલો જોવા મળતો. પરંતુ હવે રાયસાહેબ બહુ બહાર જતા હોય એમ લાગતું નહોતું.

આસપાસની વસ્તીને વાતો માટે એક નવો વિષય મળી ગયો હતો : રાયસાહેબ કૂતરો શા માટે રાખ્યો છે, ખબર છે? જાતજાતની અટકળો થવા લાગી હતી...અને રાયસાહેબ વધુ ને વધુ રહસ્યગુપ્ત પાત્ર બનતા જતા હતા.

છેવટે એક દિવસ અબ્દુલ મને બોલવવા આવ્યો.

હવેલીનો બહારનો દાદર ચઢીને ઉપરના ભાગમાં પ્રવેશતાં જે વ્યક્તિને મેં જોઇ એ કોણ હતી? આ જ રાયસાહેબ હતા? તેઓ નીચે ભોંય પર બેસી ગયા હતા. ઉજાગરા અને ચિંતાથી આતુર આંખોમાં કશુંક રતાશ પડતું ચળકી રહ્યું હતું. કૂતરાને એમણે ખોળામાં દબાવી રાખ્યો હતો અને એના મોંમાંથી ગળતી લાળ પોતાના ગાઉનથી લૂછ્યા કરતા હતા...

મેં ચૂપચાપ કૂતરાને તપાસવા માંડ્યો. □

અનુસંધાન] **મોસમ ઘડિયાળી** [પૃષ્ઠ ૬૫થી

બારી પર પડી. બારી બંધ હતી. ટાઢમાં ઘેર જઇને સૂઈ ગયાં. બીજે દિવસે હું સવારે મોસમના મેડે ગયો. ગંદી પથારીમાં એ ઓઢીને બેઠો'તો. મારા આવ્યાની એને ખબર નહોતી. હું પણ ચૂપકીદીથી ચઢેલો. નજીક ગયો. એ રોતો'તો. પાસે કોઈક સ્ત્રીનો ફોટો. મારું કુતૂહલ વધી ગયું. મેં પૂછ્યું : 'શું થયું, મોસમ?'

'કુછ નહિ.'

'કોનો ફોટો છે?' મારી નજર ફોટો પર હતી.

'મેરી બીબીકા.' એના અવાજમાં દર્દ રમતું'તું.

'ક્યાં છે એ?'


થોડોક સમય મૌન અમારી વચ્ચે અટવાતું રહ્યું. એની પાસે ઉત્તર નહોતો, વેદના હતી. વેદનામાંથી સ્વર ફૂટયો : 'સાલે, ગુંડે લે ગએ.'

સ્વર ભીનો હતો. આંખોમાંથી વેદના વહેતી હતી. મોસમમાં મને બીજો મોસમ દેખાયો. એ પછી હું ક્યારેય એના મેડે ગયો નહિ. મોસમ સહુની ઘડિયાળ સમી કરતો. સહુનો સમય સાચવતો. એ સમય જ એને છેહ દઈ ગયો. મારા પ્રશ્ન પછી રસ્તા પર ક્યારેક એને જોતો ત્યારે પેલો બીજો મોસમ ઝબકી જતો'તો. તર્કની પારનો વ્યાપાર મનમાં ચાલતો. અને મોસમ એક દિવસ અદૃશ્ય થઈ ગયો. એના વિશેની અનેક દંતકથાઓ જન્મી, મોટી થઈ અને મૃત્યુ પામી. હજુ ય ક્યારેક બંધ પડેલી ઘડિયાળ જોઉં છું ત્યારે મનમાં પેલો બીજો મોસમ ઝબકી જાય છે... □

સલાયા-વાડીનાર

ડૉ. શિવપ્રસાદ રાજગોર

▽ લગભગ ૨૫૮ કિલોમીટર લાંબો સૌરાષ્ટ્રનો ઉત્તર કાંઠો રેતી, કાદવ, ચેરિયા જેવી વનસ્પતિ, પરવાળાના ખડકો અને સંખ્યાબંધ નાના બેટબેટડા તથા અનેક ખાડીઓવાળો છે. પાણી વચ્ચેનો તથા ભરતીવેળા પાણી તળે આવી જતો એ વિસ્તાર અહીં નકશામાં ઘેરો કરીને દર્શાવ્યો છે. ઊંડાં જળ અને બેટોની આડશથી આ કંઠાર પરનાં બંદરો બહુ સુરક્ષિત બારાંવાળાં છે, પણ અનેક કારણોસર તેનો બહુ વિકાસ થયો **નથી.** એમાંનાં સલાયા-વાડીનાર બંદરનો પરિચય આ લેખમાં આપ્યો છે.



ભારતના ૬૦૮૩ કિલોમીટર લાંબા સાગરતટમાં ગુજરાત રાજ્યનો સાગરકાંઠો લગભગ ૧૬૫૯ કિ.મી. જેટલો હોઈ અન્ય રાજ્યોની સરખામણીમાં સૌથી વધુ લાંબો છે. આમાં યે ખંભાત પાસે આમલીથી માંડી કચ્છના (નાના) રણ સુધીનો દરિયાકાંઠો લગભગ ૭૫૭ કિ.મી. જેટલો લાંબો છે, જેમાં ઉત્તર સૌરાષ્ટ્રની કચ્છના અખાતમાં આવેલી કંઠાર લગભગ ૨૫૮ કિ.મી. લાંબી છે. આ કંઠાર કાદવ-કળણવાળી, ખડકાળ, દરિયાઈ વનસ્પતિથી આચ્છાદિત, રેતાળ અને અનેક બેટ-બેટડાઓ તથા ખાડીઓવાળી છે. ઓખા, સલાયા, સિક્કા, બેડી, રોઝી, જોડિયા, નવલખી વગેરે નાનાં પણ વર્ષો જૂનાં અને જાણીતાં બંદરો આ કંઠાર પર આવેલાં છે. એક યા બીજા કારણે આમાંનાં કેટલાંક બંદરો તદ્દન ભાંગી પણ પડયાં હોઈ હાલ તેમનું કંઇ મહત્ત્વ રહ્યું નથી. આમાંનું ઓખા અને બેડીબંદરની વચ્ચે આવેલું તળ સલાયાનું બંદર તેની નજીકમાં જ વાડીનાર બંદરના વિકાસથી પોતાનું અસલનું મહત્ત્વ ખોઈ રહ્યું છે.

કુદરતી બંદર તરીકે સલાયાનું સ્થાન મહત્ત્વભર્યું હોવા છતાં, સ્વાતંત્ર્ય પૂર્વેના જામનગર રાજ્યના પાટનગરની પાસે જ હોવાને કારણે બેડીબંદરના વિકાસ પાછળ રાજ્યે જે લક્ષ આપ્યું તે સલાયાના વિકાસ પાછળ આપ્યું નહિ, અને સ્વાતંત્ર્ય પછી યે સલાયાનો વિકાસ થાય તો બેડીબંદર ભાંગી પડે એ ભયે પણ તેનો વિકાસ રૂંધાતો રહ્યો.

'મિરાતે અહમદી'માં જણાવ્યા પ્રમાણે ઈસ્લામનગર, એટલે કે મુસ્લિમ શાસન તળેના નવાનગર(જામનગર)ના રાજ્યમાં સલાયા એક મહત્ત્વનું બંદર હતું. નજીકના પ્રદેશમાં થતા કપાસના પાકના લીધે તથા સલામત કુદરતી બારા તરીકે સલાયાનું સ્થાન ઉત્તમ હોવાના કારણે ભૂતકાળમાં યુરોપીઅનોની નજરે પણ આ બંદર વસી ગએલું, પરંતુ ત્યારે કંપની સરકાર અને નવાનગરના રાજવી વચ્ચે સારાસારી ન હોવાથી તથા કચ્છના અખાતમાં વાઘેર ચાંચિયાઓની રંજાડ હોવાથી અંગ્રેજોએ સલાયાના વિકાસ વિષે આગળ કંઇ વિચાર્યું નહોતું. 'બૉમ્બે ગૅઝેટીઅર' (વૉ. ૮)માં જણાવ્યા પ્રમાણે હિન્દના પશ્ચિમ સાગરકાંઠા પરનાં મહત્ત્વનાં બંદરોમાં મુંબઈ અને કરાંચી પછી સલાયાનું જ સ્થાન હતું, પરંતુ ચાંચિયાગીરીના કારણે તેનો વેપાર કચ્છના અખાતમાંનાં બંદરો પૂરતો સીમિત રહેતો હતો. આગળ જતાં કચ્છના મહારાવ અને કંપની સરકારના પ્રયાસોથી ચાંચિયાગીરી નષ્ટ થતાં ઈ. ૧૮૩૦ પછી સલાયા, બેડી અને જોડિયા બંદરેથી મુંબઈ-કરાંચી સાથે વહેવાર-વેપાર વધ્યો હતો. યાંત્રિક જહાજો આવતાં તેનું મહત્ત્વ થોડું ઘટેલું, છતાં ઈ. ૧૮૭૯-'૮૦માં, એટલે કે એક સદી પૂર્વે સલાયાનો કુલ વેપાર ૭,૭૪,૪૯૦ રૂપિયા જેટલો નોંધાયો હતો. બેડી અને જોડિયા બંદર તો ત્યારે સલાયાથી યે આગળ હતાં. આમ, જામનગર રાજ્યમાં બંદર તરીકે સલાયાનું ત્રીજું સ્થાન હતું, જ્યારે સમગ્ર સૌરાષ્ટ્રનાં બંદરોમાં વેપારની દૃષ્ટિએ ભાવનગર, મહુવા, વેરાવળ, બેડી અને પોરબંદર પછી સલાયાનું સ્થાન હતું.

ઇ. ૧૯૧૭થી '૨૭ દરમિયાન સૌરાષ્ટ્રના રાજવીઓ અને ગાંધીજીના પ્રયાસથી વીરમગામની લાઇનદોરી નીકળી ગએલી (જો કે તે પછી તે ફરી દાખલ થઈ હતી.) ત્યારે સૌરાષ્ટ્રનાં ભાવનગર, વેરાવળ, બેડી, નવલખી વગેરે બંદરોનો વેપાર વધી ગએલો. જામનગર પાસેના બેડીબંદરનો વેપાર ઘણો વધવા છતાં ઈ. ૧૯૩૭-'૩૮માં જામનગર રાજ્યનાં ખાનગી માલિકીનાં ૪૧૩ વહાણો પૈકી ૨૨૯ વહાણોએ ચોમાસામાં સલાયા બંદરના કુદરતી રીતે વધુ સુરક્ષિત બારામાં આશ્રય લીધાની નોંધ છે. અગાઉ લિવરપુલમાં મર્સી નદીની ખાડીમાં જુવાળ વખતે પાણીની જે ઊંડાઈ રહેતી તેટલી ઊંડાઇ તો સલાયાના બારામાં ઓટ વખતે રહેતી હતી. સતત ભરાતા કાંપને કારણે હાલ એ ઊંડાઇ ઘટી ગઈ છે, છતાં બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અહીં પુસ્તો બાંધીને નૌકાસૈન્યને માટે હિંદ સરકારે એક નૌકામથક સ્થાપવા વિચાર કર્યો હતો. સ્વાતંત્ર્ય પછી દેશના ભાગલા પડતાં કરાંચી બંદર પાકિસ્તાનને ફાળે જતાં તેની ખોટ પૂરવા એક મહા(મૅજર)બંદર વિકસાવવા માટેના સ્થાનની તપાસમાં, મહાબંદર માટે દરિયાકાંઠે પૂરતી ખુલ્લી જગ્યા ન હોવાથી જ સલાયાને લક્ષમાં લેવાયું નહોતું. પરંતુ 'મથુરા રીફાઇનરી'ની સ્થાપના થયા પછી સલાયા બંદરના સ્થાનનું મહત્ત્વ ભારત

સરકારને સમજાયું અને હવે સલાયાની બાજુમાં જ વાડીનારને ઑઈલ ટર્મિનલ તરીકે વિકસાઈ રહ્યું છે. રાજ્ય સરકાર પણ આમાં રસ લે છે. ઇ. ૧૯૭૨માં શ્રી એચ. એમ. ત્રિવેદીની અધ્યક્ષતામાં નીમાએલી સમિતિએ પણ સલાયાના વિકાસને માટે ભલામણ કરી હતી. જો કે રાજ્ય સરકાર આ અંગે કંઇ મહત્ત્વની કામગીરી કરી શકી નહિ, પરંતુ કેન્દ્ર સરકાર આ સ્થાનનું મહત્ત્વ પ્રમાણી ૧૯૭૩માં નિર્ણય લઈને કંડલા મહાબંદરના એક અનુષંગી ભાગ તરીકે અહીં વાડી-નારનો વિકાસ સાધવા કાર્યરત બની છે.

સલાયા ગામ પાસેથી દરિયામાં લગભગ છએક કિ.મી. સુધી સલાયાની ખાડી ફેલાએલી છે. સલાયાની ઉત્તરે આવેલા કારુંભાર ટાપુ અને નૈઋત્યે આવેલા ઘાની ટાપુની કંઠાર પાસે પથરાએલી ખડક શૃંખલા (reef)ની વચ્ચે આ ખાડી છે જેમાં થઇને સલાયા આવતાં જહાજો પસાર થાય છે. અગ્નિકોણ તરફ જતો આ જલમાર્ગ ૭-૮ કૅબલ (૧ કૅબલ=૨૦૦ વાર) પહોળો અને ૧૭થી૨૫ મીટર ઊંડો છે. ઘાની, કારુંભાર અને નરોરા ટાપુથી રક્ષાએલો આ વિસ્તાર સલાયા બંદરને ઘણું રક્ષણ આપતો હોઈ કુદરતી પરિબળો સામે સલાયા અત્યંત સલામત બંદર છે. સલાયાની ખાડી પૂર્વમાં આગળ બ્લન્ટ ચૅનલ નામે ઓળખાય છે, જે કારુંભારની દક્ષિણે લગભગ અઢી કિ.મી. સુધી વિસ્તરેલી છે, અને પછી ઉત્તર તરફ વળી વાડીનાર પાસે પાથ-ફાઇન્ડર ચૅનલમાં ભળી જાય છે. આ ચૅનલ નાનાં વહાણો અને ટગ માટે ઉપયોગી છે. પાથફાઈન્ડર ચૅનલનું ઊંડાણ ૨૪ મીટર જેટલું વધે છે, અને એથી યે આગળ જતાં તે ૪૦ મીટર જેટલી ઊંડી હોઈ ત્યાં મોટાં ટૅન્કર (તેલવાહક) જહાજો આવી શકે છે.

સલાયા ગામ પાસે ટાઉન જેટી છે. ભરતી હોય ત્યારે વહાણો ત્યાં માલ ઉતારે છે. ઓટ વખતે ખાડીમાં કાંપના જમાવને કારણે પાણી રહેતું નથી. પરંતુ કારુંભાર ટાપુ પાસે બારામાં ચૌદેક મીટર પાણી રહેતું હોઇ ત્યાં ૧૦–૧૫ હજાર ટનની સ્ટીમરો લાંગરી શકે છે, જ્યારે ગામની નજીકની ખાડી દેશી વહાણો અને બજરા માટે અનુકૂળ છે. અહીં એકાદ મીટર પાણી તો કાયમ રહે જ છે. સલાયા ટાઉન જેટી ટગ અને વહાણો લાંગરવા માટે સગવડવાળી છે. વળી, બ્લન્ટ ચૅનલ-ના સંગમની દાક્ષણે સાઈફૂસ પૉઇન્ટ જેટી પણ છે જે ગામની વધુમાં વધુ નજીકની લંગરગાહ છે. અહીં સાડા ચાર કૅબલ લાંબો પુસ્તો બાંધેલો છે તે પાકા રસ્તા સાથે જોડાએલો હોઇ ઠેક જામખંભાળિયા સુધીનો માર્ગ મળી રહે છે. ભરતી વખતે બે કલાક સુધી અહીં માલને વહાણોમાં ચડાવી-ઉતારી શકાય છે. સાઇફૂસ પૉઈન્ટ જેટીની પાસે જ પરાડિયા ડૉક તરીકે ઓળખાતી લગભગ ૪૦૦ મીટર લાંબી જેટી છે, પણ હાલમાં તે વપરાતી ન હોઈ બિસ્માર છે, સ્વાતંત્ર્ય પૂર્વે સાઇફૂસ પૉઇન્ટ જેટી તથા આ પરાડિયા ડૉક વચ્ચે ખુલ્લા સમુદ્રમાં પુસ્તો બાંધીને યુદ્ધજહાજો માટે એક મથક બનાવવાનું પણ વિચા-રાયું હતું. સલાયાની ખાડીની પશ્ચિમે ચૂરેશ્વરની ખાડીમાં પણ દોઢેક મીટર પાણી રહ્યા કરતું હોઇ અહીં પણ એક ખાનગી જેટી બનાવેલી છે જે મીઠાના કારખાનાંઓવાળા વાપરે છે.

આમ, સલાયાનું બારું તેની પાસે આવેલા ઘાની કારુંભાર અને નરોરા ટાપુઓ તથા રીફ વગેરેને લીધે તોફાની પવનો વગેરે સામે સલામત હોઈ તેમાં ચાર-પાંચ સ્ટીમરો એક સાથે લાંગરી શકે છે. આ જ રીતે પાથઈફાઇન્ડર ઈનલેટમાં પણ બે સ્ટીમરો લાંગરી શકે છે. સલાયાની નાની ખાડી વહાણો માટે સલામત ગણાય છે. આ સમગ્ર જલવિસ્તાર ચાળીસેક કિ.મી.માં પથરાએલો તથા ૧૦ થી ૪૦ મીટર ઊંડાણવાળો હોઇ લંગરગાહ તથા બંદર માટે અત્યંત અનુકૂળ છે.

અહીંનું હવામાન લગભગ દ્વારકાના જેવું જ છે. જો કે દ્વારકા કરતાં અહીં થોડી ઠંડી-ગરમી વધુ ખરી પણ એકંદર ખુશનુમા હવામાન છે. ભુજ અને દ્વારકાની જેમ અહીં પણ વરસાદના ખાસ દિવસો તો સોળેક જેટલા જ હોઈ સલાયાનું બારું બારે માસ કામમાં લઈ શકાય છે. મતલબ, મુંબઈ-કલકત્તાની જેમ ચોમાસામાં વરસાદને કારણે અહીં બંદરી કામકાજમાં રૂકાવટ આવી પડતી નથી. વળી, સૌરાષ્ટ્રની પશ્ચિમ અને દક્ષિણ કંઠાર પરનાં બંદરોની જેમ અહીં જોરદાર પવનોની પણ બહુ ભીતિ નથી. અને ક્યારેક પવન જોર પકડવાથી પાણીમાં મોટાં મોજાં ઊછળે તો કારુંભાર વગેરે બેટાની આડશ તેની સામે રક્ષણ આપે છે. વળી, ખુલ્લા બારા પાસે ભરતી-ઓટનાં પાણીની વધઘટ પણ ખાસ અસર કરતી નથી. જો કે ખાડીના સાંકડા ભાગોમાં તથા ગામ પાસેની જેટી પર ભરતીઓટનો ખયાલ રાખીને કામ કરવું પડે છે. કારણ, સાઈફૂસ જેટી તથા ટાઉન જેટી પાસે ઓટ વખતે પાણી તદ્દન ઊતરી જાય છે. આથી અહીં સવાર-સાંજની ભરતી વખતે ત્રણત્રણ કલાક મળી કુલ છએક કલાક જ માલ ચડાવી ઉતારી શકાય છે. બારામાં લાંગરેલી મોટી સ્ટીમરોમાંથી માલ ઉતારવા-ચડાવવા મછવા અને બજરાનો ઉપયોગ થાય છે.


ઘાની, કારુંભાર અને નરોરા ટાપુઓની ઉત્તરે ગુરુતમ ભરતીનો પ્રવાહ ૩-૪ નૉટ (દરિયાઈ માઈલ = ૬૦૮૦ ફૂટ)ની ગતિએ પૂર્વ તરફ વહે છે. ઓટ વખતે તેનો પ્રવાહ બેએક નૉટની ગતિએ પાછો વળે છે. સામાન્યતઃ ત્રણ નૉટ સુધીનો વેગ નુકસાનકારક ગણાતો નથી, પણ એથી વધુ વેગ હોય તો લંગર નાખવામાં મુશ્કેલી પડે છે. ક્યારેક એ ગતિ લંગારને પણ ખેંચી જાય. જો કે અહીં તો જ્યાં સ્ટીમરો લાંગરે છે ત્યાંનું સમુદ્રતળ લંગર પકડી શકે તેવું છે. છતાં ખુલ્લું બારું હોઈ પાણીનો વેગ વધુ હોય ત્યારે બેવડા લંગરની જરૂર પડે છે. અહીં જ્યાં હવે ઑઈલ ટર્મિનલ બન્યું છે ત્યાં મૂરિંગ બોયાંનો ઉપયોગ થાય છે.

સલાયા બંદરે ટાઉન જેટી પાસે અગાઉ જ્યાં ચોવીસે કલાક પાણી રહેતું ત્યાં કાંપ ભરાતો રહેવાથી હવે એ છીછરું બની જઈ ઓટ વખતે પાણી પાછું સરી જાય છે. બારામાં લંગરગાહ પાસે પણ કાંપ પુરાવાની શક્યતા છે. કારુંભાર ટાપુ ઓટમાં પાછા વળતાં પાણીની ગતિ પણ રૂંધતો હોઈ ત્યાં યે નજીકમાં કાંપ જામતો જાય છે, પણ ખુલ્લું બારું કાંપના જમાવથી મુક્ત છે.

સલાયા બંદરે આવતાં વહાણો અને સ્ટીમરોને નેટ રજિસ્ટર્ડ ટન દીઠ ૪૮ પૈસા પોર્ટચાર્જ આપવો પડે છે. હવે વાડીનાર બંદર કંડલા બંદરના ભાગ રૂપે વિકસવાથી રાજ્યસરકારને આ પોર્ટચાર્જની આવકમાં પણ ખોટ પડશે.

સલાયા બંદરથી મુખ્યત્વે મીઠાની નિકાસ થતી અને ઇમારતી લાકડું, નળિયાં વગેરેની આયાત થતી. ઈ. ૧૯૬૮-'૬૯માં ૧,૩૦,૪૦૨ ટન મીઠાની નિકાસ થએલી અને આયાત ૨૦૬૧ ટનની હતી. એ ગાળામાં ૪૫ સ્ટીમરો અને ૧૮૯ વહાણો સલાયા બંદરે આવેલાં. ઇ. ૧૯૭૨-'૭૩માં નિકાસ ૭૫,૮૫૩ ટનની અને આયાત ૧૪૭૦ ટનની હતી. '૭૭-૭૮'માં ૧૪ સ્ટીમરો અને ૧૫૮ વહાણો અહીં આ-વેલાં ને નિકાસ ૪૭,૯૩૯ ટનની થએલી જ્યારે આયાત માત્ર ૭૩ ટનની હતી. ૧૯૭૮-'૭૯માં માત્ર ૧૨,૩૨૦ ટન મીઠું નિકાસ થએલું અને તે પછી તો આ બંદરનો વેપાર કેવળ એક જ ટનનો નોંધાયો તે પણ માત્ર કાંઠાનાં બંદરો સાથેનો હતો. ઓખા, સિક્કા અને બેડી-ની સરખામણીમાં રેલવે, ગોદામો, બજરા, ટગ, ક્રેઈન વગેરેની નહિ-વત્ સગવડને કારણે આ બંદર ભાંગી પડ્યું. સલાયાથી પરદેશ જતું મીઠું બંધ થતાં તેનો નિકાસ વેપાર તદ્દન ખતમ થઇ ગયો. નજીકમાં

સલાયા-વાડીનાર પાસેની કંઠારનો ખયાલ આપતા આ નકશા પરથી જોઈ શકાશે કે ધાની, કારુંભાર અને નરારા બેટ તથા તેની આસપાસની કોરલ રીફ્સની આડશથી આ બંદરોને ઘણું સારું રક્ષણ મળે છે. પણ સલાયા નજીકનાં ખાડી-ખરાબાના કારણે મોટાં જહાજોને કારુંભાર પાસેના બારામાં નાંગરવું પડે તેમ છે જ્યારે વાડીનાર પાસે ખુલ્લા દરિયાની વધુ સગવડ હોઈ ત્યાં મોટાં જહાજો વધુ આસાનીથી આવી શકે તેમ છે. લેખકે આ દૃષ્ટિએ વાડીનારનું મહત્ત્વ સમજાવ્યું છે.



ચૂરેશ્વર અને વાડીનારમાં મીઠાનાં કારખાનાં છે તેમની પોતાની ખાનગી જેટીઓ પણ છે તે વપરાતી. બંદર તરીકે ઉત્તમ કુદરતી સગવડો હોવા છતાં તેના વિકાસ પ્રતિ દુર્લક્ષ અપાવાથી હવે સલાયાની ખ્યાતિ રહી નથી. પણ તેની આસપાસના અનેક બેટ-બેટડા, રીફ, નાનીમોટી ખાડીઓની અટપટી રચના વગેરેનો ગેરલાભ દાણચોરો લઇ રહ્યા છે. આજે તો બંદર તરીકે ખ્યાતિ ખોઈ બેઠેલું સલાયા દાણચોરીના એક મોટા મથક તરીકે વિશેષ કુખ્યાત બની ગયું છે. જો કે સલાયા જ નહિ, આ સમગ્ર કંઠાર દાણચોરી માટે જાણીતી બની ગઇ છે. પણ અહીં એ બધી વાતો અપ્રસ્તુત છે.

આજે તો ભાંગી પડેલા આ સલાયાની રાખમાંથી જ જાણે વાડીનાર વિકસી રહ્યું છે. કાંપનો જમાવ થવામાંથી મુક્ત વાડીનારનું ખુલ્લું બારું કાંઠાથી પાંચથી આઠ કિ.મી. દૂર વિશાળ ઑઇલ ટૅન્કરો લાંગરી શકે એટલાં ઊંડાં પાણી ધરાવે છે. આ ઊંડાણ વાડીનારના વિકાસ માટે એક મોટો આશીર્વાદ છે. સલાયાનો બધો વેપાર હવે વાડીનાર તરફ વળી જતાં સલાયાને તો નુકસાન છે જ, પણ કદાચ સિક્કા અને બેડીબંદરને પણ તેની માઠી અસર પડશે જ.

વાડીનાર

ત્રણથી પાંચ લાખ ટનની વિરાટ ટૅન્કરો જ્યાં લાંગરી શકે એવા બંદર ભારતમાં નથી. મદ્રાસનું બારું બ્રેકવૉટર દ્વારા સુરક્ષિત બનાવેલું તો છે, પણ આટલી મોટી ભીમકાય ટૅન્કરો, એટલે કે તેલવાહક જહાજ ખુલ્લા સમુદ્રમાં સુરક્ષિત રહી શકે નહિ. આથી ઈ. ૧૯૭૩માં ભારત સરકારે કચ્છના અખાતમાં આવા બંદર તરીકે વિકસવાની યોગ્ય ક્ષમતા ધરાવતા વાડીનારનો ઑફ શૉર ઑઇલ ટર્મિનલ તરીકે વિકાસ કરવાનો નિર્ણય લીધો હતો. કંડલા મહાબંદરથી ૪૫ નૉટિકલ માઈલ દૂર સલાયા અને સિક્કા બંદરની વચ્ચે વાડીનારનું સ્થાન છે. અહીં ૩૫ મીટર ઊંડું પાણી રહે છે. ઓખાથી ૮૦ કિ.મી. દૂર અહીં ૨૪ મીટર ઊંડો ડ્રાફટ ધરાવતી ટૅન્કરો આવી શકે છે ને વાડીનાર ગામથી પાંચેક કિ.મી. દૂર દરિયામાં લાંગરી શકે છે. એના આ લંગરસ્થાનથી પાણીમાં ને જમીન ઉપર થઇને નાખેલી પાઈપલાઈન દ્વારા સ્ટૉરેજ ટૅન્ક સુધી ક્રુડઑઇલ લઈ જવાય છે.

વાડીનારના વિકાસનો નિર્ણય લેવાયો ત્યારે એના માટે જરૂરી ક્રેઈન, ટગ, બજરા વગેરે માટે ૯૯૦ લાખ રૂપિયાના ખર્ચનો અંદાજ હતો, પણ હવે આ માટે ૧૫૫૯ લાખ જેટલો ખર્ચ થવાનો અંદાજ છે. ઈ. ૧૯૭૫ના ઑક્ટોબરમાં વાડીનારના વિકાસકાર્ય માટે વહીવટી અને ટૅકનિકલ મંજૂરી અપાઈ અને ૧૯૭૮માં આ કાર્ય પૂરું કરવાનું લક્ષ્ય હતું, પણ હજી આ કાર્ય કંડલા પોર્ટ ટ્રસ્ટ દ્વારા ચાલી રહ્યું છે. વાડીનારની જેટીને રાજ્યના ધોરી માર્ગ સાથે જોડતો રસ્તો, પાણીના પુરવઠા માટે ૧૬·૨ કિ.મી. લાંબી પાઈપ લાઈન, ભૂગર્ભ જળાશય, ઓવરહેડ ટાંકીઓ તથા ફિલ્ટર પ્લાંટ તથા અહીંના વસવાટોને પાણી પૂરું પાડવા માટેની પાઈપલાઈન નાખવાનું કાર્ય તેના હસ્તક છે.

વાડીનાર બંદર પર ટગ, બાર્જ, લૉંચ વગેરે માટે ૧૫૦ મીટર લાંબી એક જેટી બંધાઈ છે, જ્યાં ૯ મીટર ઊંડું પાણી રહે છે. આ બંદરની ૪૫ ટનની, ૪૦૦૦ હૉર્સ પાવરવાળી, ૪૧ મીટર લાંબી અને ૪·૭૫ મીટરનો ડ્રાફટ ધરાવતી ડીઝલથી ચાલતી જે ટગ છે તે ભારતનાં બીજાં કોઈ પણ બંદરની ટગ કરતાં મોટી અને વધુ શક્તિશાળી છે. ભીમકાય તેલવાહક જહાજો (ટૅન્કરો)ને બારામાં દોરી લાવવા ઉપરાંત, ભરતી વખતે એ ટૅન્કરોને પાણીના જોરથી સ્થાનચ્યુત થતાં અટકાવે છે. આ ટગ ૬ કરોડ રૂપિયાના ખર્ચે ભારતમાં જ બંધાએલી છે.

ટૅન્કરના લંગરસ્થાનથી સ્ટૉરેજ ટૅન્ક સુધી જે પાઈપલાઈન નખાઈ છે તે સાડાપાંચ કિલોમીટર લાંબી અને એક મીટરથી યે વધુ વ્યાસ વાળી છે. જ્યારે કિનારા પરની તેલ ભરી રાખવા માટેની આઠ ટાંકીઓ (સ્ટૉરેજ ટૅન્ક)૭૫,૦૦૦ ટન ક્રુડઑઇલ સંઘરી શકે છે. વળી, અહીંથી આણેલું આ તેલ વડોદરા પાસે કોયલી રીફાઈનરી સુધી પહોંચાડવા ૪૧૬ કિ.મી. લાંબી પાઈપલાઈન પણ નખાઈ છે. વીરમગામ પાસેથી તેમાંથી એક ફાંટો ૮૦૩ કિ.મી. દૂર છેક મથુરા રીફાઈનરી સુધી પહોંચાડવામાં આવ્યો છે.

આ ઑફ શોર ઑઇલ ટર્મિનલનું કામ ૨૯ ઑગસ્ટ ૧૯૭૮ના રોજ પૂરું થયા પછી સૌ પ્રથમ 'નેતાજી સુભાષચંદ્ર બોઝ' નામનું તેલવાહક

લઘુકથા

મહેમાન

કોકિલા પી. રાવલ

ચોરે બેઠેલા ટોળાના આશ્ચર્ય વચ્ચે, ઘરેરાટી કરતું એક મૅટાડોર રતનપરના શાંત વાતાવરણને ચીરતું પસાર થઇ ગયું અને સીધું મગનમામાની વાડીએ જઈ ઊભું. તેમાંથી દસ-પંદર નવયુવતીઓ પોતપોતાની બૅગ સાથે ઊતરી પડી. શર્ટ-પેન્ટ અને પંજાબી જેવા આધુનિક પોશાકોમાં સજ્જ થયેલી છોકરીઓને જોઈ, મગનમામા કૂવા પરનું મશીન બંધ કરીને 'આવો...આવો' કરતા દોડી આવ્યા. યુવતીઓ સાથે આવેલા પ્રોફેસર અને મગનમામા વચ્ચે અગાઉ થયેલી વાત પ્રમાણે પ્રોફેસરે કહ્યું, 'આ બધી વિદ્યાર્થિનીઓ 'બૉટની' ગ્રૂપની છે...'

'હા...હા..., તમ તમારે ખુશીથી મારી વાડીમાં જાઓ.' મગનમામા પૂરું સમજ્યા વગર જ બોલ્યા. આ વિદ્યાર્થિનીઓને જોઇ તેઓ અહોભાવથી વિચારતા હતા કે આટલી બધી છોકરીઓ ડાક્તર બનવાની હશે!

સાહેબે છોકરીઓને અમુક વનસ્પતિઓ પર થોડું સમજાવ્યું અને પછી વાડીમાં જાતે 'સ્ટડી' કરવા કહ્યું.

નીલા...સીમા...રેખા...ઉમા...નીતા...બૉટનીના એટલે કે વનસ્પતિના અભ્યાસ માટે વાડીમાં ઊગેલા ફાલ વચ્ચે દોડી ગઈ.

'એય નીલા!...જો તો, આ મગફળીના છોડમાં નીચે કેટલી બધી મગફળી આવી છે?'

'ઓહ! ઉમા...નીતા...ને તો બોલાવો.'

'અમે તો ક્યારનાયે ખાવા મંડી પડ્યા છીએ.' નીતાએ કહ્યું.

'અરે પણ આ તો છોડવાઓનો ઢગલો થઈ ગયો, હવે તેને ફેંકીશું ક્યાં? કોઇ આ જોશે તો પકડાઇ જઈશું.' રેખાએ ચિંતા વ્યક્ત કરતાં કહ્યું.

'એમાં શું? જમીનમાં પાછા ખોડી દેવાના.' ઉમાએ ઉપાય સૂચવ્યો.

પ્રોફેસર તો ક્યાંય દેખાતા નહોતા, આજુબાજુ ક્યાંય દેખાય છે કે કેમ તે જોવા સીમા ઊભી થઇ ન થઈ કે બૂમ પાડી ઊઠી, 'અલી, મગનમામા આવે છે, સૌ 'સ્ટડી' કરતાં હો તેમ ગોઠવાઈ જાઓ.'

ક્ષણભર તો બધી છોકરીઓને પકડાઈ જવાનો ડર લાગ્યો; પણ પછી તુરત વનસ્પતિનો અભ્યાસ કરતી હોય, તેવો ડોળ કરવા લાગી.

'દીકરીયું, હું તો તમને કે'વાનું સાવ ભૂલી જ ગ્યો.' મગનમામાએ કહ્યું, 'આ તમારું ડાક્તરીનું ભણવામાંથી પરવારો એટલે કે'જો. આ મગફળી થઇ ગઇ છે તે એના ઓળા પાડશું. ઈ ધરાઈને ખાધા કેડે જ જાવાનું છે તમારે. તમે તો અમારી મે'માન કે'વાવ.'

નીલા—ઉમા—નીતા—રેખા એકબીજી સામે જોઇ જ રહી.

જહાજ ઈરાની અખાતમાંથી ૫૮૦૦૦ ટન ક્રુડ ઑઈલ લઇને આ બંદરે આવ્યું ત્યારે તો ઓખાથી વાડીનાર સુધીમાં જલમાર્ગ અને પાણીનું ઊંડાણ સૂચવતાં બોયાં મુકાવાની તથા બીજી કેટલીક કામગીરી પણ પૂરી થઈ નહોતી. અટલે એ કામ પતે નહિ ત્યાં સુધી ત્રણ લાખ ટનની ભીમકાય ટૅન્કરો લાવી શકાતી નહિ, પરંતુ એ કાર્ય પૂરું થતાં ૧,૯૮,-૫૬૮ ટન ક્રુડ ઑઈલ લઇને 'સિલ્વાનિયા' નામનું ટૅન્કર વાડીનાર બંદરે આવ્યું. એણે લંગર નાખ્યા પછી માત્ર ૩૫ કલાકમાં જ તો એ ટૅન્કર ખાલી પણ કરી નાખવામાં આવ્યું હતું. ને દર કલાકે સરેરાશ ૬૬૬૦ ટન જેટલું તેલ આ પાઈપલાઈન દ્વારા વહેતું થયું હતું. આ માટે રાખેલા પંપની ક્ષમતા તો કલાકે ૧૨૦૦૦ ટન તેલ વહન કરવા જેટલી છે. 'શિપિંગ કૉર્પોરેશન ઑવ ઇંડિયા'ની 'કાંચનજંઘા' અને 'કોયલી' જેવી વધારે ડ્રાફ્ટવાળી મહાકાય ટૅન્કરો ભારતના બીજા કોઈ બંદર ઉપર લાંગરી શકતી નહિ. આમાંની ૧૦૯૦ ફૂટ એટલે કે ૩૩૨ મીટરથી યે વધુ લાંબી અને ૫૨ મીટર પહોળી તથા ૨,૭૬,૧૫૬ ટનની 'કાંચનજંઘા' ૨,૨૭,૧૭૨ ટન ઈરાની ક્રુડઑઈલ લઇને વાડીનાર આવીને લાંગરી શકી હતી. આ મહાકાય ટૅન્કર ઉપર હૅલીકૉપ્ટરને ઉતારવાની સગવડ તથા ખારા પાણીને મીઠું બનાવવાનો પ્લાંટ પણ છે. ઈ. ૧૯૭૮-'૭૯માં ૧૪ ટૅન્કરો દ્વારા ૧૩.૩૮ લાખ ટન; ઈ. ૧૯૭૯-૮૦માં ૩૬ ટૅન્કરો દ્વારા ૩૧-૦૧ ટન; ઈ. ૧૯૮૦-'૮૧માં ૪૨ ટૅન્કરો દ્વારા ૩૮.૫૬ લાખ ટન અને '૮૧-'૮૨ દરમિયાન ૬૬ ટૅન્કરો દ્વારા ૪૦ લાખ ટન ક્રુડ ઑઈલની વાડીનાર બંદરે આયાત થઈ હતી. આમ, ચારેક વર્ષના ગાળામાં જ ૧૫૮ ટૅન્કરો દ્વારા ૧૨૨.૯૫ લાખ ટન ક્રુડઑઈલ વાડીનાર બંદરે ઊતર્યું હતું.

વાડીનાર પાસેની 'પાથફાઈન્ડર' ખાડીમાં યે કિનારે કાયમ ઊંડું પાણી રહેતું હોઇ તેના પર હાલની સર્વિસ જેટીથી ૩૦૦ મીટર દૂર ૧૬૯૦ લાખના ખર્ચે યાંત્રિક સગવડોવાળી ૨૫૦ મીટર લાંબી અને ૨૦ મીટર પહોળી એક કાર્ગો જેટી બાંધવાનું પણ ભારત સરકારે વિચાર્યું છે. મીઠું, બોક્સાઈડ, ખોળ, મગફળી, ચૂનાના પથ્થરો વગેરેની નિકાસ અહીંથી ઝડપથી થઈ શકશે. ઓટ વખતે પણ આ સ્થળે ૫૦-૫૫ મીટર ઊંડું પાણી રહેતું હોઈ આ કાર્ગો જેટી પર ૪૦થી૫૦ હજાર ટનની સ્ટીમરો પણ લાંગરી શકશે અને કન્વેયર બેલ્ટની સગવડ થતાં માલની ચડ-ઊતર ઝડપી બનશે. આરંભમાં ૯ લાખ ટન માલની હેરફેર થવાથી માંડીને પાંચેક વર્ષમાં ૧૫ લાખ ટન માલની ચડઊતર થવાની આશા છે. આ રીતે દરરોજ પાંચેક હજાર ટન માલની હેરફેર થશે. આ જેટી કિનારા પરના રસ્તા સાથે જોડાએલી રહેતાં માલ લાવવા લઈ જવામાં પણ ઘણી સરળતા રહેશે. ભૂતકાળમાં ગુજરાતમાંથી પાંચ લાખ ટન જેટલું મીઠું પરદેશ જતું હતું, પણ યાંત્રિક સાધનોના અભાવે તેની હેરફેર મજૂરો દ્વારા થતી અને તે મજૂરી ઘણી મોંઘી પડતાં ધીરેધીરે મીઠાની નિકાસ લગભગ બંધ પડી ગઈ હતી. વાડીનારમાં આ કાર્ગો જેટી ને કન્વેયર બેલ્ટની સગવડ થતાં નિકાસ વ્યાપાર વધવાની પૂરી શક્યતા છે. બેડીબંદર આઠેક કલાકથી વધુ સમય કામમાં લઈ શકાતું નથી, પણ વાડીનારની કાર્ગો જેટી તો ચોવીસે કલાક કામમાં લઈ શકાશે. અલબત્ત, આ બંદરનો વહીવટ કંડલા મહાબંદરના ભાગરૂપે રાજ્ય સરકારને પોર્ટચાર્જની ખોટ વરતાશે, પણ અન્યથા એના બીજા અનેક લાભ પણ મળશે જ. અને આથી રાજ્ય સરકાર પણ વાડીનારના વિકાસમાં રસ દાખવે તે સ્વાભાવિક છે.

વાડીનાર મૂળ નો નાનકડું ગામ હોઈ પોર્ટટ્રસ્ટે અહીં નવી વસાહત સ્થાપી છે, જેમાં પ્રાથમિક શાળા, બગીચો, બજાર, હૉસ્પિટલ વગેરેની સગવડ કરી છે. વાડીનારનો વિકાસ પૂર્ણ થતાં કંડલા મહાબંદર પછી ગુજરાતનું આ એક બીજું મહત્ત્વનું બંદર બની રહેશે. અલબત્ત, વાડીનારના વિકાસથી આ કંઠાર પરનાં બીજાં બંદરો પાછાં પડી જશે જ, એટલે એ બંદરોની પાછળ અગાઉ થએલો ખર્ચ એળે ન જાય એ પ્રકારે આયોજન થવું જરૂરી લાગે છે. વળી આ પ્રકારનાં વિકાસ કાર્યોમાં જે તે સ્થળનાં સ્થાપિત હિતો પણ અવરોધક ભાગ ભજવે છે તે પણ લક્ષમાં લેવું જરૂરી છે. સિક્કા, સલાયા, પીપાવાવ, વગેરેની અત્યાર સુધીની ઉપેક્ષાઓ તેનાં સ્પષ્ટ ઉદાહરણો છે. પણ સલાયા-વાડીનાર ગુજરાતનાં આશાસ્પદ બંદરો પૈકીનું એ મહત્ત્વપૂર્ણ બંદર છે. એટલું જ નહિ, આ કંઠાર પાસે સતત જળવાઈ રહેતું, પાણીનું ઊંડાણ, ઝંઝાવાતી પવનો સામે રક્ષણ આપતી ભૌગોલિક સ્થિતિ, શાંત સમુદ્ર વગેરેના લીધે નૌકામથક તરીકે વિકાસ પામવાની પણ આ વિસ્તારની ક્ષમતા છે. ઑઈલ ટર્મિનલ બનવા ઉપરાંત બંદરી વેપાર માટે પણ એ અત્યંત ઉપયોગી બની રહે તેમ હોઈ એનો વિકાસ નિશ્ચિત છે જ. □

ઔષધીય વનસ્પતિ-૮

નગોડ

પવનકુમાર જૈન

નગદ, નગડ, નગોટ વગેરે નામે ઓળખાતી આ વનસ્પતિને મરાઠીમાં નિર્ગુંડ કે નિર્ગુંડી; હિંદીમાં સંભાલુ, સંભલ, શવાલી, નિર્ગુંડી; અને સંસ્કૃતમાં નિર્ગુંડી, શેફાલી, સિંદુવાર કહે છે. અંગ્રેજીમાં એ ચૅસ્ટ ટ્રી કે ફાઈન લીવ્ડ ચૅસ્ટ ટ્રી નામે ઓળખાય છે. Vitex Negundo (Linn) એ તેનું શાસ્ત્રીય નામ છે.

નાનીનાની પાતળી અનેક શાખાઓવાળા નગોડનો છોડ ત્રણેક મીટર સુધી ઊંચો વધે છે. આ સમગ્ર વૃક્ષમાંથી પ્રથમ સુગંધ, પણ પછી અણગમતી એવી એક વાસ આવે છે.

નગોડનું પાન સંયુક્ત હોઈ તેમાં બિલિપત્રની જેમ ત્રણથી પાંચ પાન એકસાથે હોય છે, જે ટોચેથી અણિયાળાં ને ઉપરની બાજુએ ઘેરાં લીલાં તથા નીચેની બાજુએ ફિક્કાં લીલાં તથા શ્વેત રુવાંટીવાળાં હોય છે.

ફૂલ જાંબલી ઝાંયવાળાં આસમાની રંગનાં અને કદમાં ટચૂકડાં તથા કલગી જેવાં હોય છે. બારે માસ આ ફૂલ આવતાં રહે છે.

નગોડનાં ફળ વટાણા જેવડાં ને શ્યામ વર્ણનાં હોય છે.

નગોડને વાડી-બગીચામાં ઉગાડવામાં આવે છે, તેમજ એ પાણી કાંઠે આપોઆપ ઊગેલાં પણ જોવા મળે છે.

નગોડના અનેક ઔષધીય ગુણ છે:

પેટમાં વાયુ અટકી જઈ ઉપર-નીચે ખસતો ન હોય તો નગોડનાં ચાર-પાંચ પાન ચાવી તેનો રસ પેટમાં ઉતારવો ને કૂચા થૂંકી નાખવા. ઝટપથી રાહત કળાશે.

પેશાબ બંધ થઈ ગયો હોય તો એકાદ કિલોગ્રામ નગોડનાં પાનને અધકચરાં કરી પાણીમાં નાખીને ઉકાળવાં. આ પાણી હૂંફાળું રહેવા જેટલું ઠરે એટલે તેમાં દર્દીને ડૂંટી સુધીનો પેડુનો ભાગ ડૂબે એ રીતે બેસારવો. થોડી જ વારમાં પેશાબ છૂટીને રાહત થશે.

બરોળ વધી હોય તો નગોડનાં પાનનો બે રૂપિયાભાર જેટલો રસ એટલા જ ગૌમૂત્રમાં ભેળવીને સવારે અને એટલી જ માત્રામાં સાંજે ખાલી પેટે પીવા આપવો. આ પ્રયોગ સાતેક દિવસ સુધી કરવો. દર-મિયાન આહારમાં માત્ર દૂધ-ભાત જ આપવાં. આઠમા દિવસ પછી ધીમેધીમે મૂળ ખોરાક પર આવવું.

નગોડનું તેલ: નગોડનાં લીલાં પાન, કુમળી કળીઓ, ફૂલ વગેરે જે મળે તે કચરી-કૂટીને કાપડમાં ભરી નીચોવીને લગભગ બે કિલોલીટર રસ કાઢવો. આ રસમાં ૨૫૦ ગ્રામ જેટલું તલનું તેલ ભેળવી તેને ઉકાળવું. લગભગ બધો રસ બળી જાય એટલે તેલ ઉતારી ઠારીને વસ્ત્રગાળ કરી સંઘરી રાખવું. આ તેલને 'નિર્ગુંડી તેલ' કહે છે.

શરીર પરના પરુ નીકળતા સડતા ઘાને ગરમ પાણીથી સાફ કરી તેના ઉપર આ તેલનાં ટીપાં નાખી ઉપર રૂ મૂકી પાટો બાંધવો. આ રીતે સાત દિવસ સુધી સવાર-સાંજ તાજો પાટો બાંધવો. ઉપચાર દર-મિયાન ગળ્યા પદાર્થો અને તેલ ઘી માખણ મલાઈ જેવા ચીકણા પદાર્થો ખાવા બંધ કરી માત્ર બાફેલાં દાળશાક ને રોટલી-રોટલા ખાવા. આઠેક દિવસ પછી આરામ થયા બાદ ધીરેધીરે મૂળ ખોરાક પર ચડવું.

કાનમાંથી પરુ નીકળતું હોય તો કાન સાફ કરી સવાર-સાંજ આ તેલનાં બબ્બે ટીપાં નાખી ઉપર રૂ ભેરવી દેવું. ખાવાપીવામાં ઉપર પ્રમાણે પરેજી પાળવી.

નિર્ગુંડી તેલનું સવાર-સાંજ માલિશ કરવાથી શરીરના કોઈ પણ ભાગનો દુખાવો પણ મટે છે.



△ નગોડનાં પાન, ફૂલ અને ફળ △

જૂની શરદીના કારણે નાકમાંથી કફની ગંદી વાસ આવતી હોય તો નગોડનાં તેલનાં બબ્બે ટીપાં સવાર-સાંજ નાકમાં પાડવાં.

પેટમાં ભરાએલો વાયુ ઉપર ચડી વારંવાર ઓડકાર આવતો હોય તો એક કપ દૂધમાં બે ચમચી નગોડનું તેલ ભેળવીને પીવાથી ગુણ કરે છે.

વિશેષ નોંધ: વાયુના કારણે માથું દુખતું હોય તો નગોડના પાનને વરાળ આપી એ પાન માથે બાંધવાથી રાહત જણાય છે. નગોડ-નાં બીજ 'રેણુકબીજ' નામે પણ ઓળખાય છે, જે ક્વાથ રૂપે સંધિવા, સોજો, આંચકી, સૂતિકારોગ વગેરેમાં આપવામાં આવે છે.

નગોડની વિવિધ જાત છે. લીલાશ પડતા વર્ણના ફૂલ ને કાતરા-એલાં પાનવાળી જાત 'કાત્રાનગોડ' નામે ઓળખાય છે. આ જાત પથ્ય-કર, શરીરનો વાન ઉઘાડનારી ને પિત્ત, તાવ તથા ગૃધ્રસી (સાયેટિકા)-માં ગુણકારી મનાય છે. તેનાં પાન તીખાં, અગ્નિદીપક, લઘુ અને કૃમિ, કફ તથા વાયુનાશક ગણાય છે. ફૂલ કડવાં અને કૃમિ, કફ, વાયુ, સોજો, અરુચિ તથા ખજવાળ મટાડે છે. બીજી નગોડ કરતાં કાત્રાનગોડ વધારે ગરમ ગણાય છે.

જેની છાલ તથા ફૂલ શ્યામવર્ણાં હોય તેવી 'કાળી નગોડ' નામની પણ નગોડની એક જાત છે. નીલપુષ્પી, સુવહા તથા શેફાલી નામે પણ તે ઓળખાય છે. આ નગોડ વિશેષ ગુણકારી ગણાય છે. તેનાં પાન તુવેર-નાં પાન જેમ નરમ અને સુંવાળાં હોય છે. આ જાત કડવી, રુક્ષ, ઉષ્ણ ને તીખી છે. પ્રદર, ઉદરસ, સોજો, કફ તથા વાયુનો એ નાશ કરે છે.

પીળચટ્ટાં ફૂલવાળી તથા સફેદ ફૂલવાળી એવી નગોડની બીજી બે જાત પણ થાય છે. સફેદ ફૂલવાળી 'ધોળી નગોડ'નાં પાન લીમડાનાં પાન કરતાં સહેજ વધુ પહોળાં ને કાંગરીવાળાં અણિયાળાં હોય છે. આ નગોડ સ્મૃતિપ્રદ તથા આંખ અને કેશને હિતકર ગણાય છે. વન નગોડ નામક નગોડની એક વગડાઉ જાત પણ છે. સામાન્યતઃ વાયુ-જન્ય રોગોમાં આ બધી જાતની નગોડ ગુણકારી ગણાય છે. □

(ટેસ્ટ ક્રિકેટ-શતાબ્દીની વિશ્વ-એકાદશ-૪)



વૉલ્ટર રેજિનાલ્ડ

હૅમંડ

ભરત ના. ભટ્ટ

તા. ૨૪ જૂન, ૧૯૩૮ની સવાર. લૉર્ડ્ઝ ખાતે ઇંગ્લૅન્ડ-ઑસ્ટ્રેલિયા વચ્ચેની બીજી ટેસ્ટ રમાઈ રહી છે. ત્રણ વિકેટ સસ્તામાં ગુમાવ્યા પછી ઇંગ્લૅન્ડના સુકાની હૅમંડ ક્રીઝ ઉપર આવે છે. ૯૮ મિનિટમાં ૫૦ રન અને ૧૪૫માં સદી. બીજે દિવસે લંચ પહેલાં હૅમંડ આઉટ થયા ત્યારે તેમણે ૩૨ ચોગ્ગા સાથે ૨૪૦ રન કરેલા. ક્રિકેટ-સમીક્ષકોના મત મુજબ આ દાવ હૅમંડનો સર્વોત્કૃષ્ટ દાવ હતો.

હૅમંડના આ અલૌકિક બૅટિંગ દરમિયાન એક વાર તેમની સામે એલ. બી. ડબલ્યુ.ની અપીલ થઈ. પ્રેસબૉક્સમાં બેસી આ અદ્ભુત બૅટિંગ માણી રહેલા નેવિલ કાર્ડ્સ આ અપીલથી એવા વિક્ષુબ્ધ થયા કે પ્રતિભાવમાં તેમના મુખમાંથી વક્રોક્તિયુક્ત, શ્લેષમય એવી નીચેની સ્વરચિત કાવ્યકંડિકા સરી પડી :

Hammond leg – before – wicket
has anybody noticed that he has a leg ?

કેવું બેનમૂન હૅમંડનું ફૂટવર્ક હશે કે કાર્ડ્સને લાગ્યું કે જાણે તેઓને પગ જ નથી, જાણે એ હવામાં તરે છે!

વૉલ્ટર રેજિનાલ્ડ હૅમંડનો જન્મ તા. ૧૯ જૂન ૧૯૦૩ના રોજ. એક સેનાનીના પુત્ર તરીકે તેમનું લગભગ મોટા ભાગનું બાળપણ માલ્ટાની બૅરકમાં પસાર થયું. માત્ર ૧૫ વર્ષની વયે તેમણે પિતા ગુમાવ્યા. આથી સાઈરન સિસ્ટર શાળામાં તેઓ ભણતા ત્યારે તેમને પરિવાર-જીવનની હૂંફ બહુ ઓછી મળી, પરિણામે તેઓ ઠીકઠીક સ્વાશ્રયી બની ગયેલા. સામાન્ય એવી શૈક્ષણિક કારકિર્દી અને કૌટુંબિક વાતાવરણના અભાવે દિશાશૂન્ય, એકલવાયું અને હતાશ એવું તેમનું શાળાજીવન હતું. આ ગાળામાં જો કોઈ વસ્તુએ તેમના જીવનમાં રસ સિંચ્યો હોય તો તે રમતોએ. કોઈ પણ રમત તેમને માટે સાહજિક હતી. તેઓ ગૉલ્ફ અને ટેનિસ સારી રીતે રમી શકતા અને તેઓ સારા ધંધાદારી ફૂટબૉલ ખેલાડી પણ બન્યા. પરંતુ શાળાના કાળથી જ તેમને ક્રિકેટ માટે પક્ષપાત હતો. એક મૅચમાં, ત્યારે તેમણે ૩૬૫ રન કરેલા.

સત્તર વર્ષ સુધી તેઓ શાળાએ રહ્યા એ દરમિયાન ભવિષ્યની કારકિર્દી વિશે તેમના મનમાં કોઈ સ્વપ્ન સુધ્ધાં નહોતું. અને આમ જ – કોઈ ગણતરી, યોજના વગર જ–તેઓ ક્રિકેટ તરફ વળતા ગયા–ભળી ગયા.

ઈ. ૧૯૨૦માં તેઓ ગ્લોસેસ્ટરશાયર વતી ત્રણ મૅચો રમ્યા ને ૧૯૨૧માં ત્યાં જ તેમને ગ્રાઉન્ડ સ્ટાફમાં નોકરી મળી. અહીં તેમની ફરજોના અનુસંધાને તેમને કૉચ ટનિક્લિફના પરિચયમાં આવવાનું બન્યું. એક ઉત્તમ સ્લિપ-ફીલ્ડર તરીકેની પ્રેરણા હૅમંડને ટનિક્લિફે આપી. પરંતુ બીજી બાજુ આગામી બે વર્ષ સુધી ગ્લોસેસ્ટરશાયર વતી રમવાની માન્યતા હૅમંડને ન મળતાં હતાશ થયા, પરંતુ મૌન રહ્યા. ૧૯૨૩માં તેમને આ માન્યતા મળી અને સીઝનની પ્રથમ મૅચમાં જ ૧૧૩ રન! સીઝનને અંતે ૧૪૨૧ રન કરી ભાવિનાં એંધાણ આપી દીધાં એમણે.

આ ગાળામાં 'ધ માંચેસ્ટર ગાર્ડિયન' દૈનિકના ક્રિકેટ-સમીક્ષક નેવિલ કાર્ડ્સે હૅમંડની શક્તિ પારખી લીધેલી. તેનો ઉલ્લેખ કરતાં તેઓએ પછીથી એક વાર લખેલું, 'Hammond was born to distinction on the cricket-field; before he had been playing for Gloucestershire long, most of us knew that here was one of the elect, the chosen few'.

પરંતુ હજી પસંદગીકારો ને આ પ્રતીતિ નહોતી. ૧૯૨૫માં હૅમંડે લૅંકેશાયર સામે નૉટઆઉટ રહીને ૨૫૦ રન કર્યા ને જાણે સૂર્યની રજત-કિનારી દેખાઈ. પરંતુ આ ગાળામાં વળી બીમારીના રૂપમાં કમનસીબી નડી. ૧૯૨૬ના વેસ્ટ ઇન્ડિઝના પ્રવાસે તેઓ પસંદગી પામીને ગયા પણ આકરા તાવને કારણે તુરત પાછા ફરવું પડ્યું. જે સીઝનમાં હૅમંડના બૅટના ધ્વનિની વૈતાલિક ગૂંજી હોત એ સીઝનમાં હૅમંડ હૉસ્પિટલમાં શય્યાસ્થિત હતા.

આખરે ૧૯૨૭–'૨૮ના દક્ષિણ આફ્રિકાના પ્રવાસે જઈ હૅમંડે ટેસ્ટ-પ્રવેશ કર્યો. જો કે અહીં તેમણે કોઈ અસામાન્યતાની આગાહી ન આપી, પરંતુ પાંચ ટેસ્ટમાં બે અર્ધી સદીઓ અને ૧૪ વિકેટો સાથે તેમણે ઉપયોગી ઑલ-રાઉન્ડરનું બિરુદ તો મેળવ્યું જ.

આ જ અરસામાં ઑલ્ડ ટ્રૅફૉર્ડના સ્ટેડિયમે તેમના બૅટિંગનો એક આંજી દેતો ઝબકારો જોયો. લૅંકેશાયર સામે પ્રથમ દાવમાં ૯૯ રન કરતાં હવે હૅમંડની ટીમ હાર પર હતી. બીજી સવારે લંચ સુધીમાં મૅચ જીતી જવાની ગણતરી સાથે લૅંકેશાયરના પવનવેગી બોલર મૅકડૉનાલ્ડે (મૂળ ઑસ્ટ્રેલિયન) બોલિંગ શરૂ કરી ને હૅમંડે પ્રથમ ઓવરના પાંચ બૉલમાં પાંચ ચોગ્ગા લગાવ્યા! છઠ્ઠો બૉલ બાઉન્ડ્રી પાસે માંડ અટકાવાયો! હૅમંડે ૧૮૭ (૪ છગ્ગા અને ૨૪ ચોગ્ગા) રન કરેલા. આ દાવ વિશે ક્લિબર્ને લખેલું : 'Had Hammond never played another innings he would in that morning of magic have passed from promise to fulfilment'.

અહીંથી ગતિમાન થયેલી હૅમંડની કારકિર્દી એમને ઇંગ્લિશ ક્રિકેટરોમાં ગ્રેસ અને હૉબ્સ પછી ગોઠવવા સુધી પહોંચી.

વેસ્ટ ઇન્ડિઝ સામેની ૧૯૨૮ની સીરીઝમાં તેઓ ચમકતા નથી, પરંતુ જેમ આવરણ ખરી જતાં હીરો ઝગમગી ઊઠે તેમ કમનસીબીનું આવરણ દૂર થતાં હૅમંડ પ્રકાશી ઊઠે છે ૧૯૨૮–'૨૯ના ઑસ્ટ્રેલિયાના



ડબલ્યુ. આર. હૅમંડ

પ્રવાસમાં. ઑસ્ટ્રેલિયાના કિનારે પ્રશ્નાર્થ ચિહ્ન સાથે ઊતરેલા હૅમંડે તે કિનારો છોડ્યો ત્યારે તેઓ પોતાની પ્રતિભાના સ્વીકારનું પૂર્ણવિરામ લઇને ક્રિકેટજગતમાં છવાઈ ગયા હતા.

આ પ્રવાસમાં માત્ર ૧૩ મૅચોમાં તેમણે ૧૫૫૩ રન કર્યા. ટેસ્ટમાં ૨૫૧ (બીજી ટેસ્ટ), ૨૦૦ (ત્રીજી ટેસ્ટ), ૧૧૯ નોટ આઉટ અને ૧૭૭ (ચોથી ટેસ્ટ)ના આંકડાઓથી ઑસ્ટ્રેલિયન મેદાનો ગજવ્યાં. પાંચ ટેસ્ટની સીરીઝમાં ૭૦૫ રન અને સરાસરી ૧૧૩·૧૨. આ શ્રેણીવિક્રમ માત્ર બ્રેડમૅન જ વટાવી શક્યા છે.

ઈ. ૧૯૩૩માં વળી એક અદ્‌ભુત ઝબકારો થાય છે. આ વખતે સ્થળ છે ઑકલૅન્ડ (ન્યૂઝીલૅન્ડ)નું ઈડન પાર્ક. હૅમંડ પહેલી ટેસ્ટમાં ૨૨૭ રન કર્યા પછી અહીં ૩૩૬ (નો. આ.) નોંધાવે છે, જેમાં એક દિવસમાં ૨૯૫ રન! (આજે પણ દ્વિતીય ટેસ્ટવિક્રમ). આ દાવની ગતિ જુઓ : ૭૨ મિનિટમાં ૫૦ રન; ૧૩૦ મિનિટમાં ૧૦૦ રન. ૧૬૬ મિનિટમાં ૧૫૦ અને ૨૩૮ મિનિટમાં ૨૦૦ રન! ત્રીજી સદી માત્ર ૪૭ મિનિટમાં ને કુલ ૨૮૫ મિનિટમાં ૩૦૭ રન (જીવંત ટેસ્ટવિક્રમ). છેલ્લા ૩૬ રન ૨૮ મિનિટમાં ને કુલ ૩૩૬ રન ૩૧૫ મિનિટમાં. ૧૦ છગ્ગા ને ૩૩ ચોગ્ગાની મદદથી કુલ ૪૯૨માં હૅમંડના ૩૩૬ (અણનમ).

જો કે ૧૯૨૮–’૨૯ના ઑસ્ટ્રેલિયાના પ્રવાસમાં તેમણે દર્શાવેલું કૌવત વારંવાર દેખાયું નથી, છતાં ૨૦મી સદીના ચોથા દાયકામાં તેઓ ઇંગ્લિશ ટેસ્ટ ટીમના બૅટિંગ સંદર્ભે, સ્તંભ હતા એ નિર્વિવાદ છે. તેમણે હૉબ્સ પાસેથી એ જવાબદારી લીધી અને હટન–કૉમ્પટનને સોંપી. આ ગાળામાં ૧૯૩૮નો (આરંભમાં નોંધેલો) દાવ એ પ્રાતઃકાળના પૂનમચંદનો પ્રકાશ હતો; પણ અદ્‌ભુત હતો એ અંતિમ પ્રકાશ! નેવિલ કાર્ડસે લખ્યું : ‘આરંભની કોઈ તેજસ્વી ઉલ્કાએ હવે જાણે અવકાશી આદેશથી શરદપૂનમનું રૂપ લીધું છે.’ અને આગળ લખે છે : ‘આ દિવસે લૉર્ડ્ઝ પરનું હૅમંડનું બૅટિંગ સ્ફટિકમય હતું.’

ખરેખર એ હૅમંડનો દાયકો હતો. ૧૯૩૯માં તેઓ દ્વિતીય વિશ્વ-વિગ્રહ પહેલાંની, છેલ્લી સીરીઝ રમ્યા ત્યારે બાર વર્ષની તેમની ટેસ્ટ-કારકિર્દીમાં તેમને નામે આટલા ટેસ્ટવિક્રમો નોંધાઈ ચૂક્યા હતા : કારકિર્દીના સૌથી વધુ (૬૫૦૦ ઉપર) રન, સૌથી વધુ (૨૨) સદીઓ. સૌથી વધુ (૭૫ ઉપર) ટેસ્ટો. મને લાગે છે, ટેસ્ટ કક્ષાએ તેઓ શું હતા એ સમજવા માટે કોઇને આથી વધુ પુરાવા નહિ જોઇએ.

ઈ. ૧૯૩૮થી તેઓ ઈંગ્લૅન્ડના સુકાની પણ થયા ને આ બોજો તેમને બહુ નડ્યો નહિ. પરંતુ દ્વિતીત વિશ્વવિગ્રહ પછી તેઓએ બધાની સાથે બૅટ્સમૅન-સુકાની તરીકે પુનઃ ટેસ્ટ-પ્રવેશ કર્યો ત્યારે ક્રિકેટ જગતે આઘાત–વેદના અનુભવ્યાં. જેમ મહાભારતના યુદ્ધ પછી અર્જુન, અર્જુન નહોતો રહ્યો તેમ આ હૅમંડ જાણે હૅમંડ જ નહોતા, તેમનો પડછાયો હતો. બૅટ્સમૅન તરીકે–અને પરિણામે–સુકાની તરીકે નિર્ભેળ નિષ્ફળતા! અને એક–બે સીરીઝ રમી હૅમંડે ક્રીઝ પરથી વિદાય લીધી. કહેવાય છે કે આવી નિષ્ફળતા વચ્ચે પણ તેમને આદરમાન અપાતું. સાથીઓ તેમની સાથે હોવામાં ધન્યતા અનુભવતા. છેલ્લેછેલ્લે તો ઑસ્ટ્રેલિયન પ્રતિસ્પર્ધીઓ પણ તેમનું ફૉર્મ પાછું આવે તે માટે જાણે પ્રભુને પ્રાર્થના કરે! હૅમંડ પોતાનો છેલ્લો ટેસ્ટ દાવ ન્યૂઝીલૅન્ડમાં ક્રાઈસ્ટચર્ચ ખાતે રમ્યા. કંઠ કુંઠિત કરી દે તેવા અભિવાદન સાથે તેમણે ક્રીઝ લીધી ને ૭૯ રન કર્યા પછી. ક્રીઝ ત્યાં જ રહી, પણ હૅમંડ ચાલ્યા ગયા!

હૅમંડ મૂળભૂત રીતે આક્રમક બૅટ્સમૅન. બોલિંગનો ધ્વંસ કરવો તે તેમનું અભીષ્ટ. તેમની આ આક્રમકતામાં ભરોભાર તાકાત, પરંતુ જરાય ઝાકઝમાળ નહિ. શરીરનાં અંગો વચ્ચેની બેમિસાલ સંવાદિતા તેમને બૉલ ફટકારવા માટેની સ્થિતિમાં વિચારની પણ પૂર્વે મૂકી દે. ફટકા માટેના સમગ્ર સંચલનમાં અસમતોલપણાનું, ફૂટવર્કની ક્રિયાનું કે બેહુદાપણાનું નામ–નિશાન નહિ. જેવા આક્રમક ફ્રન્ટફૂટ પર એવા જ બૅકફૂટ પર. સ્લૉ બોલર તાજુબી વચ્ચે તેમને આગળ વધી સ્પિનને મૃતઃપ્રાય કરતા જોઈ રહે!

તેમનું ક્રીઝ પરનું ‘સ્ટૅન્સ’ (પેંતરો) પરંપરિત ને સ્વાભાવિક. ક્રીઝ પર તેઓ સુસજ્જ, કૌવતસભર, સૌષ્ઠવયુક્ત પહેલવાનની તસવીર સમા.

મિડઑનથી કવર વચ્ચેના ડ્રાઈવ્ઝમાં તેમના બૅટિંગની પરાકાષ્ઠા દૃષ્ટિગોચર થાય. જો કે હૅમંડ ગ્લાન્સ, હૂક, કટ જેવા નાજુક ફટકાઓ સફળતાપૂર્વક પ્રયોજી શકે, પરંતુ તેમણે પોતાની પ્રતિભાને શ્રેયના કિનારા વચ્ચે જ વહેવાની તાલીમ આપી ને ધીરેધીરે એવા જ ફટકાઓને પ્રાધાન્ય આપ્યું જેમાં બૅટની પૂરેપૂરી સપાટીનો વધુમાં વધુ ઉપયોગ હોય. હૅમંડ ડ્રાઈવના પર્યાય બની ગયા તે આમાંથી.

તેમના ઑફ-સાઈડના ડ્રાઈવ નિહાળવા એ પ્રતિસ્પર્ધી માટે આનંદજનક બીના હતી. ઓલ્ડ ટ્રૅફર્ડ ખાતે, ૧૯૩૬માં તેમણે ભારત સામે ૧૬૭ રન કર્યા ત્યારે ઑફ સાઈડમાં બીજા ત્રણ સાથીદારો સાથે ફીલ્ડિંગ ભરી રહેલા ભારતીય સુકાની વિઝીએ એક આવા ડ્રાઇવનો બૉલ તેમની વચ્ચેથી અદૃષ્ટરૂપે જ બાઉન્ડ્રીએ પહોંચ્યો ત્યારે કહેલું : ‘It was a privilege to be present on the field.’

એક વાર ચિપરફીલ્ડ (ઑસ્ટ્રેલિયા) પોતાના બૉલમાં ફટકારાયેલ સ્ટ્રેઈટ ડ્રાઈવનો કૅચ પકડવા ગયા તો તેમની આંગળીનું હાડકું ભાંગ્યું અને બૉલ તો સાઈટ સ્ક્રીન સાથે અથડાઈ કેટલાય ગજ પાછો પડ્યો! આવી તેમના ડ્રાઈવમાં તાકાત હતી.

હૅમંડ મૂળભૂત રીતે બક્ષીસવાન (ગિફ્ટેડ) હતા. ઇશ્વરની એ દેણગીનો તેમણે આદરથી વિનિયોગ કર્યો. જ્યારે હૅમંડની નજર પૂર્ણ સતેજ હોય અને તેમના અંગઅંગમાં અશેષ સંવાદિતા હોય ત્યારે તેમની રમતમાં કોઈ અલૌકિક લાલિત્ય વ્યક્ત થતું. સમતુલાનું નિસર્ગ-

દત્ત જ્ઞાન, અંગોની છલકાતી તાકાત અને આંખની ચકોરતામાં તેમણે ટેકનિકને એક રૂપ કરી દીધી. હૅમંડની અપૂર્વ તાકાત લયબદ્ધતાથી કંડારાયેલી હતી, રમત હોય, નર્તન હોય કે કાર ડ્રાઇવિંગ હોય તેમાં એ મુખર થાય જ. એ ગાળામાં કહેવાતું કે 'Hammond scarcely knew how to look like a novice in any form of sport.'

જો કે હૅમંડની ઑનસાઈડ નબળી હતી એમ કહેવાય છે, અને એ નિરાધાર ટીકા માત્ર નથી, એ તેમનું ઉધાર પાસું જ હતું. પરંતુ પોતાની એ નબળાઇને ઢાંકી તેમણે ટેસ્ટ-ઇતિહાસના વિક્રમો સર્જ્યા હતા એ પણ ચોપડે નોંધાયેલી હકીકત છે. વળી, જ્યારે ફૉર્મમાં હોય ત્યારે લેગસાઈડ પર નખાયેલા 'લૉંગ હોપ' બૉલને આડા બૅટથી ફાઈનલેગ બાઉન્ડ્રીએ તેમણે મોકલ્યો હોવાના દાખલા પણ છે.

કેવળ કાઉન્ટી કક્ષાએ નહિ, પરંતુ ટેસ્ટ કક્ષાએ હૅમંડ એક જમણેરી મધ્યમ ઝડપી ગતિના સ્વિંગ-બોલર હતા. તેમની પ્રથમ સીરીઝમાં આ પાસું જ વધુ ઊપસેલું. પરંતુ પછી તેમના બૅટિંગ રૂપી દિનકરના પ્રકાશમાં બોલિંગ રૂપી દિવાકર પ્રચ્છન્ન જ રહ્યો. તેમનું બોલિંગ સંચલન નિરાયાસ, પરંતુ ખાસ તો પીચ પછી ધસી જતા તેમના બૉલની ઘાતકતા જોખમી. ટેસ્ટમાં ૮૩ વિકેટો ઝડપનાર હૅમંડની બોલિંગ વિશે ક્લિબર્ન લખે છે: 'Hammond could have made a living as a bowler had he not followed destiny to rule the kingdom of batting'.

હૅમંડના બૅટિંગ સાથે ખભો મિલાવીને ઊભું રહી શકે તેવું તેમનું બીજું પાસું તે સ્લિપ-ફીલ્ડર તરીકેનું. આરંભમાં તેઓ 'કવર'માં ફિલ્ડિંગ ભરતા, પરંતુ રટફિલ્ફની પ્રેરણાથી તેમણે સ્લિપની જગ્યાને પુનઃ પસંદગી આપી. આ બીનાએ તો તેમના નામ પર મોરપીછ ચડાવી દીધું. સ્લિપમાં તેઓ એવા ગણનાપાત્ર બન્યા કે તેમની સરખામણી લોહમૅન (ઇંગ્લૅન્ડ), ગ્રેગરી, સિમ્પસન કે ચૅપલ (આ બધા ઑસ્ટ્રેલિયન) સાથે જ થઈ શકે.

જેવા તેઓ ક્રીઝ પર તેવા જ સ્લિપમાં : સજ્જતા, સૌમ્યતા, ચાંચલ્ય, કૌવત પૂર્વાનુમાન બધાંનો 'નહિ સાંધો નહિ રેણ' જેવો સુમેળ. તેમનું વ્યક્તિત્વ આ બાબતમાં ડોળ-દંભ કે સભાનતા રહિત. તેમના ફટકાથી જેમ ફીલ્ડર તેમ તેમના કૅચથી બૅટ્સમૅન સ્તબ્ધ રહી જાય. તેમના આ સમગ્ર કૃતિત્વમાં નિરાયાસ નિયમન અને પરિણામદાયી નિશ્ચિતતા દેખાય. દ્રુત નજર, ત્વરિત નિર્ણયશક્તિ અને સંવાદી દેહયષ્ટિ થકી એવી સાહજિકતા કે જે કૅચ પકડવા બીજા કોઈ ફીલ્ડરે પડતું મૂકવું પડે યા ગોથું ખાવું પડે તેવો કૅચ હૅમંડ શાંતિથી લંબાઇને લઈ લે. આ સંદર્ભે નેવિલ કાર્ડસે તેમને 'અસ્થિરહિત' ગણાવ્યા છે. સ્લિપમાં તેઓ સેકન્ડ સ્લિપથી વિકેટકીપર સુધીનો વિસ્તાર ઉક્ત સ્વાભાવિકતાથી આવરી લે. આ બાબતમાં તેમની અલૌકિકતા સર્વત્ર સ્વીકારાયેલી. ક્લિબર્ન લખે છે: He was accepted, with apriciation rather then envy, as on different plane of accomplishment. તેમના સમયમાં તેમની કક્ષાના બૅટ્સમેન હતા, સ્લિપ ફીલ્ડરો નહોતા!

માંજરી આંખો, વાંકડિયા વાળ, મધ્યમ ઊંચાઈ અને ઘાટીલી દેહયષ્ટિઃ આવા હૅમંડ બદામી રંગનાં કપડાંનાં શોખીન. મોંઘી સિલાઈ આપીને સિવડાવેલા પેન્ટના ખિસ્સામાંથી ઘેરા રંગનો રૂમાલ હમેશાં ચોક્કસ માપમાં બહાર ડોકાઇને માલિકનું બૅટિંગ નિહાળતો હોય.

આપણે આગળ જોયું છે તેમ હૅમંડ પ્રકૃતિથી એકાકી અને અંતરમુખ. બીજા પાસેથી બહુ અપેક્ષા પણ ન રાખે ને બીજામાં અપેક્ષા ઊભી પણ ન કરે. લોકપ્રિયતા અને વિવાદ બંનેથી દૂર રહેવું તેમને ગમે. પ્રવાસમાં પણ તેમની કંપની લગભગ પોતા થકી અને પોતામાં જ પૂર્ણ થાય. ચોક્કસ ખૂબ. તેમની બધી ટેવો-બધા શોખમાં એક પ્રકારનાં સાતત્ય અને વ્યવસ્થા દેખાય.

હૅમંડ ભાગ્યે જ વ્યક્ત થાય. જેવું તેમનું બૅટિંગ તેવું તેમનું વ્યક્તિત્વ. ૧૦૦એ ૬૦ ટકા જ નજરે પડે. સંકોચશીલ અને પ્રદર્શનની સૂગવાળા. હૃદય સ્નિગ્ધ ખરું પણ તેની ઉપર અતડાપણાનું આવરણ. સીમિત વર્તુળમાં જ તે ખીલે અને વ્યક્ત થાય. આનંદ, વિશાદ કે રોષની તીવ્રતમ અનુભૂતિ પણ વાચા તો ભાગ્યે જ પામે. હા, કાર્યમાં એ અભિવ્યક્ત થઈ જાય ક્યારેક! એક વાર ટેસ્ટમાં સુકાની હતા ત્યારે બૅટિંગમાં તેમની સામેના નોનસ્ટ્રાઈકરે અશક્ય રન લેવા પગ ઉપાડ્યા

માતૃકા શક્તિ છે. શક્તિ અર્થાત્ દેવી. દેવીપૂજાને શક્તિપૂજા પણ કહે છે. ભારતીય સંસ્કૃતિ તેમજ વિશ્વની તમામ આદિમ સંસ્કૃતિમાં દેવપૂજાની કલ્પનાના ઉદ્‌ભવ પૂર્વે દેવીપૂજાનો પ્રાદુર્ભાવ થયો છે. શક્તિપૂજા કરતો શાક્ત સંપ્રદાય પણ પ્રાચીન છે. ભારતમાં શાક્ત સંપ્રદાયનું પ્રભવસ્થાન બંગાળ મનાય છે.

શક્તિ અર્થાત્ સામર્થ્ય – બળ. 'શક્તિ' શબ્દના 'અમરકોશ'માં 'કાસૂસામર્થ્યયોઃ શક્તિઃ', 'શક્તિઃ પરાક્રમઃ પ્રાણઃ' ને 'ષડ્ગુણાઃ શક્તયસ્તિસ્રઃ' એમ અર્થ મળે છે. આ શબ્દોમાંનો 'શ' ઐશ્વર્યવાચક અને 'ક્તિ' પરાક્રમસૂચક છે. ઐશ્વર્ય-પરાક્રમ આપનાર તે શક્તિ એમ 'દેવી ભાગવત'માં 'શક્તિનો અર્થ દર્શાવ્યો છે.

શક્તિ ઉપાસનાનું પગેરું છેક મોહન-જો-દરોની સંસ્કૃતિ સુધી પહોંચે છે. ખોદકામમાં અતિ પ્રાચીન ગણાય તે સાતમા તળમાંથી શક્તિમૂર્તિઓ પ્રાપ્ત થઈ છે. અતઃ કોઈક રૂપે શક્તિપૂજા વેદકાળમાં તો હતી જ. દ્રાવિડો અથવા અનાર્યો પાસેથી આર્યોએ શક્તિપૂજા મેળવી હોવાની માન્યતા છે. નિષાદ વા પ્રાગ્નિષાદ કાળની શક્તિપૂજાના નિર્દેશો વિંધ્યાચળમાંની દેવીપૂજામાં હોવાનું કુબેરનાથ રાયનું માનવું છે. (જુઓ : 'કામધેનુ' પૃ. ૩૧, પ્ર. સા. ૧૯૮૦) પરંતુ આપણા દર્શનશાસ્ત્રમાંથી તેનું મૂળ લભ્ય થશે નહિ, કેમ કે શક્તિ વા દેવીપૂજા લોકપરંપરા, લોકધર્મ અને લોકસંસ્કૃતિમાં નિહિત છે. તેની આદિમતાનું મૂળ અત્યંત સંદિગ્ધ છે. કાળાન્તરે લોકપરંપરાની દેવી પરિવર્તિત થતી ગઈ છે. પરિવર્તન એ લોકપરંપરાનું પ્રાથમિક અને પ્રમુખ લક્ષણ છે. આદિમ નિષાદ જાતિની શક્તિ-દેવી મહીમાતાનું પરિવર્તન અંબિકામાં થયું છે. આર્યોની અંબિકા અને નિષાદની મહીમાતાનું સાયુજ્ય થયું છે. ઋગ્વેદની અદિતિ એ જ મહીમાતા. (જુઓ: 'માતરમ્ અદિતિ મહીમ્'—યુજર્વેદ ૧૮-૩૦) શક્તિપૂજાના સાચા સગડ તો આભીર, નિષાદ જેવી પ્રાચીન જાતિઓના લોકધર્મમાં નિહિત છે. નિષાદની કોટ્ટવઈ દેવીનું રૂપાંતર ઉમા કે દુર્ગામાં થયું. એને કોટવી પણ કહે છે. વિંધ્યાચળમાં આ દેવી મહિષાસુર-મર્દિની રૂપે મળે છે. કાલિકા, ચંડી, શીતલા પણ પ્રાચીન દેવીઓ છે. આમ, પ્રાચીનકાળમાં લોકપરંપરામાં અનેક દેવીઓનાં નામો મળે છે. પરંતુ સંસ્કૃત આર્યોએ પોતાના 'ઋગ્વેદ' જેવા મહત્ત્વના ગ્રંથમાં એનો ઉલ્લેખ કર્યો નથી, કેમ કે લગભગ ઋગ્વેદના પ્રારંભકાળે લોકસંસ્કૃતિમાં પૂજાતી શક્તિનું ત્રિશક્તિમાં સાયુજ્ય થઈ ગયું. અલબત્ત, આ સાયુજ્ય સહુએ સ્વીકાર્યું હોવાનું માની શકાતું નથી, કેમ કે હજુય આદિમજાતિઓમાં એમની પ્રાચીન દેવીઓની અર્ચના અસ્તિત્વ ધરાવે છે. કાળાનુસાર પરિવર્તન થયું હોવા છતાં મૂળ વિભાવના સાવ અદૃશ્ય થઈ નથી.

લોકપરંપરામાં જૂના કાળમાં શ્રી નામની દેવી પ્રચલિત હતી. શ્રીપૂજા લક્ષ્મીપૂજામાં વિલીન થઈ ગઈ. યજુર્વેદમાં શ્રી અને લક્ષ્મી એ ઉભય દેવીઓનો ઉલ્લેખ મળે છે. આર્યોની જ્યોતિષવર્ણા દેવીની પૂર્વ

વિષ્ણુના દશાવતાર ને અષ્ટ દિક્પાલો તથા તેમની પ્રતિમાઓની ઓળખ પછી આરંભાતો માતૃકાઓનો પરિચય

શક્તિ-ઉપાસના

— પ્રફુલ્લ રાવલ —

સિંધુઘાટીની દ્રવિડ સભ્યતામાં એક તમસોવર્ણી દેવીની કલ્પના અસ્તિત્વમાં આવી હતી.

લોકપરંપરા અને આર્યોની સંસ્કૃત આધુનિકતાનું સુમિશ્રણ થતાં શક્તિપૂજાનું નૂતન સ્વરૂપ અસ્તિત્વમાં આવ્યું. ત્રિશક્તિની વિભાવના સત્ત્વ, રજસ્ અને તમસ્, આ ત્રિગુણની પરંપરામાં શક્તિનું નિગરણ થયું. પરમાત્મા ત્રિગુણાત્મક ત્રિશક્ત્યાત્મક માયાશક્તિથી પ્રેરાઇને આ જગતનું સર્જન, પાલન અને વિસર્જન કરે છે તે વિભાવનાનો જન્મ થયો. ત્રિમૂર્તિ દેવ સાથે ત્રિશક્તિનું સાયુજ્ય થયું. આમ, સર્જન, પાલન અને વિનાશના દેવ સાથે એની શક્તિ હોવાની માન્યતા સુપ્રચલિત થઈ. પોતાની શક્તિના આ પ્રભાવે જ દેવ સઘળાં કાર્યો કરે છે તેવી માન્યતાનો પ્રાદુર્ભાવ થયો. આ માન્યતા ઋગ્વેદકાળ પછી ઉદ્ભવી હશે. ઋગ્વેદમાં ઉષા, અદિતિ, સરસ્વતી, અરણ્યા ઈત્યાદિ દેવીઓનાં નામો મળે છે. નદીની દેવી રૂપે સ્તુતિ થયેલી છે. આ ત્રિશક્તિ છે. મહાસરસ્વતી, મહાલક્ષ્મી અને મહાકાલી, વૈદિકકાળમાં આ ત્રણ મહાશક્તિની વિભાવના સાકાર થઈ ચૂકી હતી. આ ત્રણ મહાશક્તિનું પ્રચલન થયું તે પૂર્વે આદિમ લોકપરંપરાની દેવી ને આર્યોની દેવી એમ બે ધારાઓ પ્રચલિત હતી. પરંતુ કાળક્રમે ઉભયનું સુમિલન થતાં ત્રિમૂર્તિ દેવ સાથે ત્રિશક્તિની કલ્પનાનો ઉદય થયો જે આપણા વેદસાહિત્યમાં સચવાઇને પડી છે.

બ્રહ્મઉપાસના રૂપે શક્તિપૂજા થાય છે. શક્તિપૂજાનું એ મૂળ રૂપ છે. માંત્રિકો શક્તિને પરાશક્તિ કહે છે. બ્રહ્મ અને શક્તિ અભિન્ન છે. ઉપનિષદોમાં આ દૃષ્ટિએ જ શક્તિનો નિર્દેશ થયો છે. ચિતિશક્તિ એ જ પરાશક્તિ. ઉપનિષદમાં શક્તિનો ગૂઢ અર્થ મળે છે. ત્યાં તાત્ત્વિક દૃષ્ટિએ શક્તિનું નિરૂપણ થયું છે! માયા વિશિષ્ટ ચિત્ત-શક્તિ છે, બ્રહ્મ માયા રૂપ છે. 'ઐતરેયોપનિષદ'માં સૃષ્ટિ પૂર્વે શક્તિ હોવાનો નિર્દેશ છે. 'છાંદોગ્યોપનિષદ'માં પણ એ જ ભાવ છે, આ ચિતિશક્તિમાંથી બધાં પ્રાણીઓ ઉત્પન્ન થાય છે અને તેમાં જ લીન થાય છે એવું 'તૈત્તિરીયોપનિષદ'માં કથન છે. 'કૈવલ્યોપનિષદ'માં ઇશ્વરની અલૌકિક શક્તિની મહત્તા છે. ચિતિ-શક્તિ ઇશ્વર, જીવ અને પ્રકૃતિમાં વ્યાપ્ત છે. 'ભગવદ્ગીતા'માંના પ્રકૃતિ, માયા ને ગુણ એ શબ્દો શક્તિના પર્યાય છે. ત્યાં પુરુષ-પ્રકૃતિનું સવિસ્તર વર્ણન ઉપલબ્ધ થાય છે.

'બ્રહ્મસૂત્ર' અનુસાર બ્રહ્મ જ શક્તિ છે. એ જ આદ્ય છે. (જુઓ : જન્માદ્યસ્ય યતઃ ૧-૧-૨) 'ઋગ્વેદ'માંના 'દેવીસૂક્ત'માં પણ શક્તિને 'આદ્યાશક્તિ' તરીકે ઓળખાવી છે. 'અહં સુવે પિતરમસ્ય' એ કથનાનુસાર આદ્યશક્તિ જ માતા રૂપે છે. ક્રિયાશક્તિને પ્રકૃતિ કહે છે અને જ્ઞાનશક્તિને પુરુષ કહે છે. પ્રકૃતિ સક્રિય છે અને પુરુષ નિષ્ક્રિય છે એવું સાંખ્ય તત્ત્વજ્ઞાનથી પ્રચલિત બન્યું છે. પ્રકૃતિને માયા ગણવામાં આવી છે અને માયિન અર્થાત્ મહેશ્વર. માયા અને દેવીના સાયુજ્યે મહાલક્ષ્મી અસ્તિત્વમાં આવી જેને તાંત્રિકોએ શક્તિ એવું નામાભિધાન આપ્યું. આ મહાલક્ષ્મી જ ઉત્તરકાળમાં ત્રિશક્તિમાંની એક બને છે. માયા શ્રીથી પણ જૂની દેવી છે. મહાલક્ષ્મી શક્તિનું પ્રધાન રૂપ છે એમાંથી જ ત્રિશક્તિનું અસ્તિત્વ આવ્યું છે.

દેવીના પૌરાણિક રૂપનો ચરમ વિકાસ 'માર્કણ્ડેય પુરાણ'ના સપ્તશતી શ્લોકોમાં મળે છે જેને ચંડી અથવા દુર્ગાસપ્તશતી કહે છે. આનું દાર્શનિક રૂપ 'અથર્વવેદ'માંના 'દેવ્યથર્વશીર્ષ'માં છે. 'દેવી ભાગવત'માં સગુણા અને નિર્ગુણા એ બે શક્તિનો નિર્દેશ મળે છે.

શાક્તો મહાલક્ષ્મીને મહાન શક્તિ ગણે છે. લક્ષ્મી, સરસ્વતી અને કાલી તેનાં ત્રણ રૂપ છે. શક્તિનો સહુથી વિશેષ અનુબંધ શિવ સાથે છે. શિવ-શક્તિ દુર્ગા નામથી પરિચિત છે. આગમમાં નવ દુર્ગાનો ઉલ્લેખ છે. નવ દુર્ગામાં લોકપરંપરા અને આર્યની શક્તિ-વિભાવનાનો સુમેળ છે. પાર્વતીને શક્તિ મનાય છે. વૈષ્ણવી શક્તિ પણ છે. અનેકવિધ શક્તિઓ સિવાય સંમિલિત શક્તિ પણ છે, જે સપ્ત વા અષ્ટ માતૃકા રૂપે પૂજાય છે. શક્તિના છ પ્રકાર છે એમાં અંતિમ માતૃકાશક્તિ છે. છ શક્તિ આ પ્રમાણે છે : (૧) પરાશક્તિ (૨) જ્ઞાનશક્તિ (૩) ઇચ્છાશક્તિ (૪) ક્રિયાશક્તિ (૫) કુંડલિની શક્તિ અને (૬) માતૃકાશક્તિ.

બૌદ્ધ ધર્મમાં શક્તિપૂજાને સ્વીકૃત કરાઈ છે, તેમાં વજ્રવારાહી; તારા ઇત્યાદિ દેવીઓની અર્ચના છે. જૈનધર્મ સરસ્વતીદેવીને શક્તિ માને છે તેમજ ચોવીસ તીર્થંકર સાથે શાસનદેવી હોવાની માન્યતા છે. અતઃ બૌદ્ધ તેમજ જૈન ધર્મમાં શક્તિપૂજા સર્વથા યોગ્ય ગણાઈ છે.

ભારતમાં અનેક સ્થાન પર શક્તિ-પીઠ છે. 'તન્ત્રચૂડામણિ'માં બાવન પીઠનો ઉલ્લેખ છે. 'શિવચરિત્ર'માં ૫૧ અને 'દેવી ભાગવત'માં ૧૦૮ શક્તિપીઠ હોવાનું નોંધાયું છે. 'કાલિકા પુરાણ'માં ૨૬ ઉપપીઠોનો નિર્દેશ છે. 'તન્ત્રચૂડામણિ'માં નિર્દેશાયેલ ૫૧ શક્તિઓ સાથે તેનું સ્થાન તેમજ અંગ-ભૈરવનો નિર્દેશ પણ છે, પરન્તુ 'દેવી ભાગવત'માં નિર્દિષ્ટ ૧૦૮ પીઠ સાથે તેની શક્તિનો જ માત્ર ઉલ્લેખ છે.

શક્તિ સામર્થ્યની દ્યોતક છે. ત્રિશક્તિ પછી સપ્તમાતૃકાની વિભાવનાનો જન્મ થયો છે. માતૃકાની પ્રાચીન મૂર્તિઓ મળે છે, પરન્તુ સપ્તમાતૃકાની પૂજા સ્પષ્ટતઃ ઉત્તરકાલીન છે. માતૃકાની સંખ્યા સાત કે આઠ ગણવામાં આવે છે. આગળ ઉપર આપણે આ માતૃકાઓ તથા તેમની પ્રતિમાઓ વિષે જોઈશું. □

ત્યારે તેના એ ઉતાવળા, અવિચારી પગલા માટે નારાજગી બતાવવા ફીઝ છોડી, તેને ક્રૉસ થઈ ગયા અને જાતે રન-આઉટ થઈ ચાલતા થયા સીધા પૅવેલિયન તરફ!

હૅમંડને પ્રમાણમાં નિષ્ફળ સુકાની ગણવામાં આવે છે ને સાપેક્ષ ધોરણે આ બાબત સ્વીકારવામાં ખોટું નથી. શાંત અને અલિપ્ત હૅમંડ માટે ટીમને પ્રેરણા આપવી, બધા સાથે ભળી જઈ સૌનાં દિલ જીતવાં એ મુશ્કેલ હતું, એટલું જ નહિ, એવી અપેક્ષા પણ અસ્થાને લાગે છે. ટીમનો બોજો પોતા પર તો આમેય રાખેલો, પરંતુ વાંરો થાબડી બીજાને ભાર સોંપવાનું તેમના સ્વભાવમાં જ નહિ. તેઓ રમતને તેની રીતે ચાલવા દે તેવા જળકમળવત. સુકાની તરીકે તેઓ મધ્યમ રહ્યા તે પણ તેમની અન્ય શક્તિઓ થકી જ એમ કહી શકાય.

દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન તેઓ પિતાને પગલે સેનામાં હતા અને એ અંગેની લશ્કરી સેવામાં ઇજિપ્ત અને દક્ષિણ આફ્રિકા ગએલા. યુદ્ધ સિવાયના સમયમાં તેમની પ્રકૃતિ અને પ્રવૃત્તિ ક્રિકેટ જ રહી છે. હૅમંડે ઇંગ્લિશ કાઉન્ટી ક્રિકેટમાં અને ટેસ્ટ કક્ષાએ શી સિદ્ધિ મેળવી છે તે આંકડાઓથી જરૂર દર્શાવી શકાય, પણ એ નથી અહીં અભીષ્ટ ને નથી આવશ્યક. તેમના પાર્થિવ દેહે ૨ જુલાઈ-૧૯૬૫ના રોજ ચિરનિદ્રા લીધી, પરંતુ વિશ્વક્રિકેટની ગાથા જ્યાં સુધી સજીવ રહેશે ત્યાં સુધી કાઉન્ટી ક્રિકેટમાં હૉબ્સ સાથે, અને ટેસ્ટ ક્રિકેટમાં બ્રેડમૅન સાથે લોકો તેમને સંભારશે-સરખાવશે એ ગુંજાઈશ તેમની હતી. □

—લેખક 'આનંદશર્મન'નો એક ચરિત્રનિબંધ—

મોસમ ઘડિયાળી

'એય છોકરા, ઈધર આ.'

મોસમ ઘડિયાળીએ મને બોલાવ્યો. હું એના તરફ જોઈ રહ્યો. એનો દેખાવ એવો કે મને બીક લાગતી. હું અવઢવમાં હતો. એણે ફરીથી બૂમ પાડી. બીકમાં ને બીકમાં હું એના મેડે ચઢ્યો. એક મોટા ખંડ અને ચાર બારીવાળા એ મેડાની ત્રણ બારી તો હમેશાં બંધ જ રહેતી. છેલ્લી ચોથી બારીએ મોસમ બેસતો. પાસે નાનકડો ટેબલલૅમ્પ. ખંડ સાવ ગંદો. બારીએથી થોડે દૂર પથારી. ગાદલું–ગોદડું બે ય મેલાંદાટ. માંકડનો પાર નહિ. મને તો જરા ય ગમ્યું નહિ. એની સામે હું ઊભો રહ્યો. એ ઘડિયાળ સમી કરતો'તો. મેં જઈ સહેજ ડરથી પૂછ્યું : 'શું છે?' આંખ પર ચઢાવેલ કાચનું નાનું ભૂંગળું ઉતારીને મારી સામે એ જોઈ રહ્યો. એક હાથ ઝભ્ભાના ખિસ્સામાં નાખીને અંદરથી એક રોકડો રૂપિયો મારી તરફ ફેંક્યો અને બોલ્યો : 'પાશેર ગાંઠિયા લા દે.'

મેં તેની તરફ જોતાંજોતાં મારા પગ પાસે પડેલો રૂપિયો ઉપાડી લીધો. ગમ્યું તો નહિ, પરંતુ કદાચ એ કંઈ કરે તો? એ બીકથી કશું બોલ્યા વગર હું મેડેથી નીચે ઊતરીને સામે આવેલી ગાંઠિયા–ભજિયાંની દુકાનમાંથી ગાંઠિયા લઈ આવ્યો. એની સાવ વિચિત્ર પ્રકૃતિનું મને આશ્ચર્ય થયું. ગાંઠિયાના પડીકા સાથે બાર આના મેં પાછા મૂક્યા. મને કહે : 'ચાર આના લે જા.' મેં ના લીધા. હું દાદર તરફ વળ્યો. એણે સહેજ મોટેથી બૂમ પાડી.

'ખડા રહે.' કહી એણે ઊઠવાનો પ્રયત્ન કર્યો. હું પગથિયે ઊભો જ રહ્યો. કહેતો'તો : 'ના, મારી બા મારે.'

'નહીં મારેગી.' 'મારે નથી જોઈતા.'

'લેતા હૈ કી નહીં...' એણે ગાળ દીધી. હું દોડતો દાદરો ઊતરી ગયો.

મારો અને મોસમનો આ પહેલો પરિચય. મારા મહોલ્લાની બહાર નીકળતાં ડાબી બાજુ મુખ્ય માર્ગ. માર્ગની જમણી બાજુએ આગળ ચાલતાં પાનચકલો આવે. પાનચકલા તરફ જતાં ડાબી બાજુ મશીન રીપેર કરવાનો એક મોટો ડેલો, તેના મેડા પર મોસમ રહેતો. સામે જયંતી ટાલિયાની ભજિયાં–ગાંઠિયાની દુકાન. જયંતી ટાલિયો અને મોસમ. એ બે ય પાત્રો મારી ઉંમરનાં. સહુ બાળકોનો કુતૂહલનો વિષય. બેયની રીતભાત વિષે અમે અનેક વાર વાતો કરતા. એમાં મોસમ ઘડિયાળી વધુ વિચિત્ર; દેખાવે અને સ્વભાવે.

મોટું માથું, મેલાં સફેદ કપડાં, મોટી ફાંદ, હાથી જેવી ડોલતી મસ્ત ચાલ, ખભે થેલો, એક હાથમાં પંખો, બીજા હાથમાં છત્રી–બધી ઋતમાં પાસે હોય જ – અને એક બાજુના ખભેથી નમેલો મોસમ નાનાં બાળકોનું પ્રિય પાત્ર હતો. ક્યારેક એના કાંડા પર પાંચ-સાત ઘડિયાળ હોય, તો ક્યારેક ખિસ્સા-ઘડિયાળ ફાંદ પર ઝૂલતી હોય. તીણું તીણું બોલતો. રસ્તે ચાલતો જતો હોય ત્યારે ય કશુંક બબડતો જ હોય. હાથમાંની થેલીમાં રાવલગાંવ કે ચૉકલેટ હોય, ક્યારેક રેવડી પણ હોય. એમાંથી એ બાળકોને આપતો રહેતો. ક્યારેક એ પણ રાવલગાંવનો રસ ચૂસે રાખતો. રસ્તા પર એ જતો હોય ત્યારે પાંચ-સાત બાળકોનું ટોળું પાછળપાછળ જતું હોય. મોસમ કોઇને આપે, તો કોઈના ઉપર ગુસ્સે થઈ જાય. ગાળ બોલે. એની ગાળ બોલવાની પદ્ધતિ એવી કે બાળકો એને એને ગાળ બોલવા પ્રેરે. બીજે દિવસે એ જ છોકરાઓને મોસમ ખાવાનું વહેંચતો હોય. ખાવાનું ન હોય ત્યારે પૈસા વહેંચતો. કશુંક વહેંચવું એ એનો સ્વભાવ. વહેંચવામાં એ જીવનનો આનંદ માણતો – લૂંટતો. આ વહેંચવાની ભાવનાનું મૂળ કળવું સહેલું નથી. આમે ય કોઈ પણ ભાવની લિપિ ઉકેલવી સહેલી હોતી નથી. મને ઘણી વાર થતું એ શા માટે કશુંક વહેંચતો હશે! ન કળી શક્યો હું એની મનોભાવનાને!

મોસમ પાકો ધૂની. એની મસ્તીમાં જ રહેતો. સમાજ સાથે એને કોઈ નાતો જ નહિ. ગંદો ખૂબ. જે મેડી પર રહેતો ત્યાં જ સઘળી પ્રવૃત્તિ કરતો. મોટે ભાગે હાથ-પગ જ ધોતો. ક્વચિત્ જ નહાય અને નહાય ત્યારે કપડાં બદલે. વળી, અઠવાડિયામાં પાછો એવો જ મેલો થઈ જતો. એકલો જ હતો. એના વિષેની કોઈ સાચી માહિતી લોકોમાં નહિ. એ દંતકથાનો વિષય હતો. કોઈક પાસેથી સાંભળેલું કે જગતના મહાન ઘડિયાળી નહિ રીપેર કરી શકેલ તે રાજબાઈ ટાવરનું ઘડિયાળ એણે સમું કરેલું. એ પછી તે ગાંડો થઈ ગયેલો. મુંબઈ છોડી દીધું. કોઈ વળી કહે કે એની મિલકત કોઈક છેતરીને પડાવી ગયું હતું, તેના આઘાતે તેને ચિત્તભ્રમ થઈ ગયેલું. તે સાવ ગાંડો તો નહોતો, પણ તેનું મન સ્થિર તો નહોતું જ. એક વાર અમારી બાજુના મહોલ્લાના એક છોકરાએ મને કહેલું કે મોસમની બૈરી બહુ રૂપાળી હતી તેને કોઈક ઉપાડી ગયું હતું. મને એ વાત નહોતી ગમી.

ઘડિયાળ સમી કરવામાં એ એક્કો. અમારા મહોલ્લાના એક ભાઈ એક દિવસ એમની ઑફિસની ઘડિયાળ રીપેર કરાવવા સાથે લઈ ગયેલા. કેટલા ય દિવસથી સાવ બંધ ઘડિયાળ પુનઃ ચાલુ કરી દીધી. વળી, ઑફિસના સહુની ઘડિયાળ પણ રીપેર કરી આપી. મોડું થયેલું એટલે સાહેબ ચાલ્યા ગયેલા. તેથી પેલા ભાઈ કહે: 'મોસમભાઈ, કાલે પૈસા મળશે.'

'કોઈ બાત નહીં.'

'અચ્છા, તો કલ આના.' 'ક્યોં?'

'અબ તો ઑફિસ બંધ કરની પડેગી ને?'

'મેં ઈધર ઠહર જાતા હું.'

કેવું અલગારીપણું! કેવી ધૂન! જરાય સ્થળપ્રીતિ નહિ. રહે ત્યાં જ ઘર. એ જ મુકામ! બીજે દિવસે એણે વાઉચર પર સહી કરવાની ના પાડી દીધી. વાઉચર પર સહી વગર પૈસા ન મળે. પેલા ભાઇએ મોસમને ખૂબ સમજાવ્યો. પણ એ એકનો બે ન થયો. કોઈક પૂર્વગ્રહે એ કદી ક્યાંય સહી નહોતો કરતો.

પરિચય પછી અવારનવાર હું એના મેડે જતો. એને ગાંઠિયા–ભજિયાં કે અન્ય વસ્તુઓ લાવી આપતો. એક વાર પાનચકલે પાનવાળાની દુકાન પર મોસમ માટે બીડી લેતો'તો ત્યાં મારા મોટા ભાઈ જોઈ ગયા. ઘેર ગયો ત્યારે વઢ્યા. 'હવેથી બીડી નહિ લેવા જવાનું' ફરમાન હતું. થોડા દિવસ પછી એક દિવસે મોસમનો અવાજ સંભળાયો : 'એય છોકરા'. હું મેડે ગયો.

'લે બીડી લા દે.' એણે કહ્યું.

'નહિ લાવી આપું.' મેં જવાબ વાળ્યો.

'ક્યોં?' 'મોટા ભાઈ ના પાડે છે.'

'અચ્છા, જા. મત લા દેના મેરી બીડી.'

હું મેડો ઊતરી ગયો.

કોઈક કામ માટે બા ભાવનગર જતી'તી. અમારા મોસાળે. નાના ભાઇએ સાથે જવાની હઠ લીધી. પછી સકુટુંબ જવાનું નક્કી થયું. સહુ ગયાં. વીસેક દિવસ ભાવનગર રહ્યાં. પાછાં ફર્યાં ત્યારે પરોઢિયે સ્ટેશનથી ઘેર આવતાં મોસમનું સ્મરણ થયું. ઠંડી હતી. મારી નજર

(અનુસંધાન પૃષ્ઠ ૫૫)

કલાવાર્તા

હોકુસાઈ

જાપાનની ચિત્રકળામાં, બહુધા ગ્રંથચિત્રો તરીકે જ જેનો વિકાસ થયો હતો તે 'ઉકિયો યે' શૈલીનો મોટો પ્રભાવ રહ્યો છે. રંગીન વૂડકટની કળાને આ ચિત્રપ્રકારમાં ઘણું પ્રોત્સાહન મળ્યું, અને એના પરિણામે રોજિંદા જીવનની સુંદર પળોને રજૂ કરતાં એવાં ચિત્રોનો મબલખ ફાલ ઊતરવા માંડતાં જનસામાન્યને પણ એ પ્રાપ્ય બન્યાં, એટલું જ નહિ, પણ એ સમયમાં પશ્ચિમના દેશો સાથે નવા બંધાએલા વ્યાપારી સંબંધો પછી જાપાનથી જે કિંમતી માલ પશ્ચિમનાં બજારોમાં વેચાવા જતો તેને વીંટાળેલા કાગળો ઉપર પણ આવી કલાકૃતિઓની છાપ જોવા મળતી થઇ. પૂર્વની આ કલાશૈલીનો આ રીતે પશ્ચિમમાં પરિચય વધ્યો, અને પશ્ચિમના કલાકારો તેના કલાતત્ત્વને પ્રમાણતા પણ થયા.

આ પ્રકારનાં ચિત્રો આલેખવામાં હોકુસાઇ કાત્સુશિકા અગ્ર સ્થાને હતો. જાપાનમાં જ નહિ, પશ્ચિમના કલાજગત સુધી તેની ખ્યાતિ હતી. કાવ્યો, કથાનકો, ઇતિહાસ વગેરે વિવિધ વિષયનાં પુસ્તકોમાં એનાં ચિત્રોનો બહુ બહોળો વિસ્તાર થયો હતો. બસોથી યે વધુ ગ્રંથોમાં હોકુસાઇએ લગભગ ૩૫૦૦૦ જેટલાં ચિત્રો કર્યાં હતાં, જેમાંનાં મોટા ભાગનાં બહુરંગી વૂડકટ હતાં. વળી, પંદર જેટલા ભાગમાં વિસ્તરેલાં એનાં પોતાનાં ચિત્ર-સંગ્રહમાં પણ એની અનેકવિધ કૃતિઓ સંઘરાએલી છે. જાપાનના મહિમાવંત ગિરિશિખર ફૂજીયામાને જ એણે વિવિધ દૃષ્ટિકોણથી સેંકડો ચિત્રોની હારમાળામાં આલેખ્યો છે. નદી-ઝરણાં પરના પુલોને પણ એણે આ જ રીતે અનેકવિધતાથી આલેખ્યા છે. સારસ પંખીનાં એણે કરેલાં ચિત્રોમાં દેખાતી નજાકત તો કદાચ એ કાળનો અન્ય કોઇ જાપાની કલાકાર દાખવી શક્યો નથી. ચિત્રાલેખન અને એનાં વૂડકટ કોરવા સિવાય એના જીવનમાં જાણે કે અન્ય કોઈ પ્રવૃત્તિ જ નહોતી.

ચોખાના એક દાણા ઉપર ઊડતાં ચકલાંને એણે અણિશુદ્ધ ચોકસાઇથી એટલાં તો સૂક્ષ્મ કદમાં આલેખ્યાં છે કે એ જોવા માટે સૂક્ષ્મદર્શક દગકાચનો ઉપયોગ કરવો પડે, જ્યારે બીજી બાજુ આખો ઘોડો સમાઇ શકે એટલી મોટી તો જેની મોંફાટ જ બને એવડા વિશાળ કદનાં પાત્રો પણ એણે ચીતરેલાં છે. પીંછી હાથવગી ન હોય તો હાથનાં આંગળાંથી યે એ ચીતરતો. દાંત ખોતરવાની સળી, ઇંડાનું કોચલું, બાટલીનો કાચ કે ચીંથરું જે હાથ ચડે એનાથી કંઇ ને કંઇ ચીતરવાની એને ફાવટ હતી. ચીતરવામાં યે એ ઉપરથી નીચે, નીચેથી ઉપર, યા ડાબી કે જમણી ગમે તે બાજુથી ચિત્રારંભ કરી શકતો એટલું જ નહિ, ડાબા કે જમણા હાથે ચીતરવામાં પણ એને મુશ્કેલી પડતી નહોતી.

હોકુસાઇ કાત્સુશિકા એ તો ચિત્રકાર તરીકેનું તેનું એક ઉપનામ હતું. એનું બચપણનું નામ તો હતું તોકીતારો. જાપાનના પાટનગરમાં ઇ. ૧૭૬૦ના ઑક્ટોબરની ૨૧મી તારીખે એનો જન્મ થએલો. ધાતુને ઘસીને ચળકાટ આપી એનાં દર્પણ બનાવનાર એક અદના કારીગર નાકાજીમા ઇસ્સાઇનો એ પુત્ર. પુસ્તકો બાંધનારને ત્યાં, કાષ્ઠ કોતરણી કરનારને ત્યાં એમ જુદી જુદી જગ્યાએ કામ-કારીગરી શીખી અઢારમે વર્ષે એ કાત્સુગાવા શુન્શો નામના જાણીતા ચિત્રકાર પાસે ચિત્રકામ શીખવા રહ્યો, અને પછી પોતાની આગવી પરિપાટી જમાવી તથા ખીલવીને એણે પોતાનાં આગવાં ચિત્રસર્જનો વડે દુનિયાના શ્રેષ્ઠ કલાકારોમાં સ્થાન મેળવ્યું.

હોકુસાઇ કે કાત્સુશિકા હોકુસાઇ એ તો એનાં લગભગ પચાસેક ઉપનામોમાંનું એક નામ હતું. જાપાનમાં એ એક પ્રણાલિ હતી કે વિવિધ હેતુઓ, વ્યવસાયો, પુસ્તકો કે ગ્રાહકો માટે કલાકાર જે કામ કરે તેમાં એ કાર્ય પૂરતું એક ઉપનામ રાખી એ પ્રમાણે સહી કરે. 'કાત્સુશિકા હોકુસાઇ' નામે એણે જે કામ કર્યું છે તેમાં તેને કદાચ સૌથી વધુ ખ્યાતિ મળી છે. કાત્સુશિકા એ એના જન્મપ્રદેશનું નામ છે. હોકુસાઇ એટલે ઉત્તર તરફનો ચિત્રકાર. પણ એને ખુદને તો 'ઓવાકયોજી હોકુસાઇ' નામ કદાચ વધુ પ્રિય હતું. આ નામનો પૂરો અર્થ છે 'આલેખન પાછળ ઘેલો માણસ', અથવા એક અર્થ એવો પણ થાય કે 'ચંદ્રના આધિપત્યવાળો માણસ'.

હોકુસાઈના ચિત્રકામમાં ચીનની મિન્ગ શૈલી તથા પશ્ચિમની દૃશ્ય-ચિત્રકલાની અસર પણ વણાએલી લાગે છે, પણ એની પરિપાટી એટલી તો આગવી છે કે તે 'હોકુસાઈ-યુ' નામે પણ ઓળખાય છે.

ચિત્રાંકનો કરતાં વૂડકટનું પ્રમાણ એનાં સર્જનમાં વિશેષ દેખાય છે. વૂડકટ પર તો તેની આજીવિકા હતી. પોતાની આ કળાથી તેની ખ્યાતિ હતી અને એમાંથી સારી કમાણી પણ થતી. ઓસાકામાં એનું બહુમાન પણ થએલું પણ એની પાછળ શિષ્યોની કોઈ પરંપરા સર્જાઈ નથી. એનું જીવન પણ સુખમાં વીત્યું નહોતું. સામાજિક શિષ્ટાચારોની પાજણ પણ તેને ગમતી નહિ. જાપાનીઓમાં તો અસામાન્ય ગણાય તેમ એ ઘર કે જાતને યે સાફસૂથરાં રાખવા પ્રત્યે બેદરકાર હતો. સ્વભાવે પણ એકાંતપ્રિય અને અતડો. અને એની ચિત્રશૈલી પણ કોઈ બીજાને ઝટ હાથ ચડી ન શકે તેવી હોઈ કદાચ એટલે પણ એનો કલા-વારસો કોઈથી ઝીલાઇ શક્યો નહિ હોય.



હોકુસાઈએ પોતે કરેલું પોતાનું રેખાંકન. એની સાદગીભરી છતાં સચોટ આલેખનશક્તિનો પરિચય તેમાંથી મળી રહે છે.

જીવનભર ચીતરતો રહ્યા છતાં આર્થિક રીતે એ સદાય ભીંસમાં જ રહેલો. કહેવાય છે કે એની આ ભીંસનું કારણ એના પ્રથમ લગ્નથી થએલી પુત્રી ઑમિરોના નપાવટ પુત્રે કરેલાં દેવાં ભરવામાં જ એની ઘણી કમાણી ધોવાઇ જતી. એણે અનેક વાર કરેલાં સ્થળાંતરોનું પણ કદાચ આ એક કારણ હતું. એના ઉપનામમાં એણે કરેલા લગભગ પચાસેક ફેરફારો આ કારણે પણ હોઈ શકે. પરંતુ આ કથનને કોઈ સ્પષ્ટ આધાર નથી. (અનુ. પૃ. ૭૦)

સાહિત્યસંપર્ક

નવાં પ્રકાશનો

ગુજરાતનો રાજકીય ને સાંસ્કૃતિક ઇતિહાસ: ગ્રંથ-૭. શેઠ ભોળાભાઈ જેસિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન અમદાવાદ તરફથી પ્રકાશિત થયેલો ૪૬૧ પૃષ્ઠનો આ ગ્રંથ ગુજરાતમાંના મરાઠા કાલને આવરી લે છે. સમગ્ર ગ્રંથ ચાર ખંડમાં વહેંચાયેલો છે. પ્રથમ ખંડમાં મરાઠા કાલની ઐતિહાસિક સામગ્રી પર છ લેખો અપાયા છે. રમેશકાન્ત ગો. પરીખે 'મરાઠી અને અંગ્રેજી દફતરો' પર, 'ફારસી તવારીખો-રોજનીશીઓ' પર તથા 'અરબી-ફારસી અભિલેખો અને સિક્કા' પર ઝિયાઉદ્દીન દેસાઈના લેખો, 'સંસ્કૃત-ગુજરાતી અભિલેખો' અને 'ખતપત્રો' પર હરિપ્રસાદ શાસ્ત્રીના લેખો તથા 'ઇતિહાસઉપયોગી સાહિત્ય' પર ભોગીલાલ સાંડેસરાનો લેખ, એમ કુલ છ લેખો આ પ્રથમ ખંડમાં મુકાયા છે તે મરાઠા કાલની દસ્તાવેજી શ્રદ્ધેય સામગ્રી પૂરી પાડે છે, જે એના અનુગામી ખંડોમાં આવતી માહિતી માટેની યોગ્ય ભૂમિકા રચી આપે છે. બીજા ખંડમાં યતીન્દ્ર દીક્ષિત અને રમણલાલ ધારૈયાના અનુક્રમે 'મરાઠા છત્રપતિઓ અને પેશવાઓ' તથા' 'મરાઠા શાસકોના પૂર્વસંપર્ક'' લેખો મુકાયા છે. ઉક્ત બંને લેખકો ઇતિહાસના જ્ઞાતા અધ્યાપકો હોઈ એ લેખો સાધાર અને સામગ્રીસંપન્ન બની શક્યા છે. આ વિભાગમાં પરિશિષ્ટ રૂપે મુકાયેલો રમેશકાન્ત પરીખનો 'ગાયકવાડનું રાજ્ય' પણ તે રાજ્યકર્તાની રાજ્યશાસન-તવારીખનો સુપેરે પરિચય આપી રહે છે. પ્રકરણ ત્રીજામાં પ્રવીણચંદ્ર પરીખે પેશવા બાલાજી બાજીરાવનો અમલ સવિગત આલેખ્યો છે. પ્રકરણ ૪માં રમેશકાન્ત પરીખના 'પેશવા માધવરાવ૧લો', 'પેશવા નારાયણરાવ અને રઘુનાથરાવ' તથા 'પેશવા માધવરાવ રજો' એ ત્રણ લેખો છે. આ જ રીતે પાંચમા પ્રકરણના બે લેખોમાં રમેશકાન્ત પરીખે પેશવાઈ સત્તાની પડતીનો ઇતિહાસ આલેખ્યો છે. અને આ જ પ્રકરણના પરિશિષ્ટ એક રૂપે આ જ લેખકે છ લેખોમાં 'ગાયકવાડના વડોદરા રાજ્યનો ઇતિહાસ' શ્રદ્ધેય સામગ્રીને આધારે આલેખ્યો છે. અહીં બીજા પરિશિષ્ટમાં યતીન્દ્ર દીક્ષિતે 'ગુજરાતમાં અંગ્રેજોનું જામતું પ્રભુત્વ' એ વિષય પર લેખ લખી મરાઠા કાલના આથમતા અજવાળામાં અંગ્રેજો કઈ રીતે ગુજરાત પર પ્રભુત્વ જમાવતા થયા તેનો અચ્છો ચિતાર આંક્યો છે. છઠ્ઠા પ્રકરણમાં કેશવરામ કા. શાસ્ત્રીએ 'જાડેજા વંશ', 'જેઠવા વંશ', 'બાબી વંશ' આદિ મરાઠા કાલના સમકાલીન નાનાંનાનાં રાજ્યવંશો અને તેમના રાજ્યઅમલ વિશે અમસાધ્ય સામગ્રી પૂરી પાડી છે. સાતમું પ્રકરણ આ કાલના રાજ્યતંત્ર પર પ્રકાશ પાથરે છે. આ પ્રકરણના જોડિયા લેખકો છે હરિપ્રસાદ શાસ્ત્રી અને યતીન્દ્ર દીક્ષિત. આ પ્રકરણના પરિશિષ્ટમાં ભાસ્કરરાય માંકડે આ કાળ દરમિયાન જે સિક્કાઓ પ્રચલિત હતા તેનો વર્ણનાત્મક ખયાલ આપ્યો છે. ત્રીજો ખંડ સાંસ્કૃતિક ઇતિહાસને લગતો છે અને એમાં 'સામાજિક અને આર્થિક સ્થિતિ પર ભોગીલાલ સાંડેસરા ને શાંતિલાલ મહેતાના લેખો, સાહિત્ય વિશે ભારતીબહેન શેલત, કે. કા. શાસ્ત્રી અને શાંતિલાલ મહેતાના લેખો તથા ધર્મ-સંપ્રદાયો વિશે ભોગીલાલ સાંડેસરા, શાંતિલાલ મહેતા, ચિનુભાઈ નાયક અને થૉમસ પરમારના લેખો સંપાદિત થયા છે. અહીં તે વખતના ગુજરાતી, અરબી, ફારસી ને ઉર્દૂ સાહિત્ય પરના જે લેખો છે તે સાહિત્ય રસિકોને ઉપયોગી થાય તેમ છે. તે ઉપરાંત, હિંદુ, જૈન, ઇસ્લામ, પારસી અને ખ્રિસ્તી ધર્મ પરના લેખો પણ આ સાંસ્કૃતિક પરિસર સમજવા-મૂલવવામાં ખૂબ ઉપયોગી થાય તેવા છે. આ ગ્રંથનો ચોથો ખંડ પુરાતત્વને લગતો છે. તેમાં સ્થાપત્ય પર પ્રવીણચંદ્ર પરીખનો તથા શિલ્પ પર કિરીટકુમાર દવેનો લેખ આપવામાં આવ્યો છે. ચિત્ર, સંગીત અને નૃત્ય વિશે ચિનુભાઈ નાયકે લખ્યું છે. વળી, અર્વાચીન મુંબઇના આરંભિક વિકાસમાં ગુજરાતીઓના ફાળા વિશે હરિપ્રસાદ શાસ્ત્રીએ લખેલો લેખ પણ અતિ ઉપયોગી માહિતી પૂરી પાડે છે.

ગ્રંથના લેખો વિવિધ લેખકોએ તૈયાર કર્યા હોઈ શૈલીભેદ રહે, ભાષાસ્તર બદલાય એ સ્વાભાવિક છે. આ પ્રકારના માહિતીપ્રધાન ગ્રંથોમાં એક કરતાં વધુ વિદ્વાનોનો સહકાર લેવાવો જોઇએ એ અનિવાર્યતાનું જ આ એવું જ અનિવાર્ય પરિણામ! અહીં રજૂ થયેલી સામગ્રી તે તે વિષયના જ્ઞાતાઓએ તૈયાર કરી હોઈ એની શ્રદ્ધેયતા ઓર વધે છે. ગ્રંથને અંતે મુકવામાં આવેલી છબીઓ પણ આ ગ્રંથની ઉપકારકતામાં વધારો કરે છે. સરકારની આર્થિક સહાયથી તૈયાર થયો હોઈ આવો દળદાર ગ્રંથ માત્ર રૂપિયા ૧૩-૨૫માં જ સુલભ હોઇ શિક્ષણસંસ્થાઓ અને ગ્રંથાલયોએ તો તે અવશ્ય ખરીદવો જ જોઇએ, એટલું જ નહિ, પણ રસ ધરાવનાર વ્યક્તિગત ગ્રાહકોને પણ તે અવશ્ય પરવડે તેમ છે. પરંતુ આવા ઉપયોગી કામની છપાઈમાં વધુ ધ્યાન આપવામાં આવ્યું હોય તો વધુ સારું! (પા. પૂ., પ્રાપ્તિસ્થાન: ગ્રંથાગાર, નવરંગપુરા મ્યુનિસિપલ માર્કેટ સામે, નવરંગપુરા, અમદાવાદ-૯)

સમકાલીન અસમિયા કવિતા: આજે અસમિયા ભાષામાં લખતા કવિઓ-વિવેચકોની સાથે ગોષ્ઠિઓ-મુલાકાતો પછી શ્રી ભોળાભાઈ પટેલે આજના કેટલાક અસમિયા કવિઓની રચનાઓનો અહીં હૃદ્ય અનુવાદ આપ્યો છે. અસમના આ કવિઓમાં છે દેવકાન્ત બરુવા, હેમ બરુવા, અમૂલ્ય બરુવા અમલેન્દુ ગુહ, વીરેન્દ્રકુમાર ભટ્ટાચાર્ય, કેશવ મહન્ત, નવકાન્ત બરુવા, મહિમ બરા, હરિ બરકાકતી, અજિત બરુવા, મહેન્દ્ર બરા, હોમેન બરગોહાઈ, વીરેશ્વર બરુવા, હીરેન્દ્રનાથ દત્ત, હીરેન ભટ્ટાચાર્ય, નીલમણિ ફુકન, નિર્મલપ્રભા બરદલૈ, લક્ષ્યહીરા દાસ, રામ ગગૈ, સુશીલ શર્મા, દિનેશ ગોસ્વામી, ભવેન બરુવા, હરેકૃષ્ણ ડેકા, રવીન્દ્ર સરકાર, મિકુસિંહ રાજપુત, અનિસ ઉજ જામાન, મોહનકૃષ્ણ મિશ્ર, ચિરંજીવ જૈન અને જીવરાજ વર્મન. આ યાદી સૂચવે છે કે ભોળાભાઇએ વિવિધ મિજાજના અને વિવિધ ગજાના કવિઓને અહીં સમાવ્યા છે, જેથી સમકાલીન અસમિયા કવિતાની ગતિવિધિનો સમ્યક્ અંદાજ આવી રહે. અહીં જે કાવ્યોના અનુવાદ કરાયા છે તેનાં મૂળ અસમિયા શીર્ષકો અનુક્રમણિકામાં અપાયાં છે. જો કે મૂળ અસમિયા કાવ્યો પણ સાથેસાથે અપાયાં હોત તો તુલનાત્મક દૃષ્ટિએ ભાવકને આસ્વાદ-મૂલ્યાંકનની થોડી વધુ તક સાંપડી રહેત. આ સંપાદન આગળ ભોળાભાઇએ અસમિયા કવિતાનો સદૃષ્ટાંત સુદીર્ઘ અભ્યાસલેખ આપ્યો છે તે એમની અભ્યાસનિષ્ઠા અને કાવ્યસૂઝનો દ્યોતક છે અને ભાવકને ઉપકારક છે. પુસ્તકને અંતે કવિઓનો મિતાક્ષરી પરિચય અપાયો છે. (વિક્રેતા: સદ્ભાવ પ્રકાશન, ૫૭/૬૨, કાપડિયા એસ્ટેટ, રતનપોળ, અમદાવાદ-૧, કાચું પૂઠું, પૃ. ૧૨૦, રૂ. ૧૦.)

મરાઠી કવિતા: અનિલ શ્રી 'અનિલ' મરાઠી સાહિત્યના મૂર્ધન્ય કવિ છે. થોડું પણ સત્ત્વવંત લખનાર કવિઓમાં અનિલનું સ્થાન છે. અંગત મૃદુ ભાવોની સાથેસાથે સમાજની ભીષણ વાસ્તવિકતા પણ એમણે પોતાની કૃતિઓમાં કંડારી છે. કવિ-વિવેચક ડૉ. રમેશ જાનીએ સૂઝપૂર્વક કરેલા આ ગુજરાતી અનુવાદોમાં કવિશ્રી અનિલની સમ્યક્ છબી ઝિલાઈ છે. આ અનુવાદો કવિ અનિલની અન્ય રચનાઓ વાંચવા પ્રેરે તેટલા સંતર્પક બની આવ્યા છે. પુસ્તકના આરંભે 'મારી કવિતા' એ શીર્ષકથી મુકાયેલી કવિની કેફિયત આપણને એમની કાવ્યવિભાવના અને કવિવ્યક્તિત્વની સંમુખ ખડા કરી દે છે. (વિક્રેતા: સદ્ભાવ પ્રકાશન, ૫૭/૬૨, કાપડિયા એસ્ટેટ, રતન પોળ, અમદાવાદ-૧, કાચું પૂઠું, પૃ. ૫૦, રૂ. ૫)

—ધી. ૫.

બિસ્માર્ક (અનુસંધાન પૃ. ૫૩થી) યુરોપમાં સંગઠિત જર્મન રાષ્ટ્ર ઊભું થયું. ઈ. ૧૮૭૧ના જાન્યુઆરી ૧૮મીએ લૂઈ ૧૩માના વર્સાઈના મહેલમાં પ્રશિયાના રાજા વિલિયમને 'કૈઝર વિલિયમ પહેલો' જાહેર કરવામાં આવ્યો ને રાજાએ બિસ્માર્કને 'પ્રિન્સ' જાહેર કર્યો. વિભક્ત જર્મની એક બન્યું તે જર્મની પ્રશિયારૂપી હૃદય સાથે બધી ધોરી નસો મળી નવજાત રાષ્ટ્ર 'જર્મની' અસ્તિત્વમાં આવ્યું.

આમ નવ જ વરસમાં, પોતાની પહેલાંના બધા રાજપુરુષો જેમાં નિષ્ફળ ગએલા એ સ્વપ્ન બિસ્માર્કે સિદ્ધ કરી બતાવ્યું. નવ વરસ પહેલાં પ્રશિયાના રાજાને પોતાનું માથું સલામત ન દેખાતું, રાજગાદી છોડી દેવા તે તૈયાર બન્યો હતો, તેને આજ બિસ્માર્કની ચાણક્ય-બુદ્ધિએ આખા જર્મનીનો શહેનશાહ બનાવી દીધો, અને તે યે કોઈ રાજ્યને ઓછું આવ્યા દીધા વિના.

બીજો કોઈ રાજપુરુષ હોત તો આટલેથી જ પોતાના કાર્યની ઇતિશ્રી માની લેત. વખતે ભવિષ્યનું કોઈ પગલું એ પ્રાપ્ત કીર્તિને ઝાંખી પાડે એ ભયે એ રાજકારણમાંથી નિવૃત્તિ જ લેત. પણ બિસ્માર્ક જેવા લોખંડી પુરુષને એવી પોચટ ભાવનાઓ સ્પર્શે એમ ન હતી. સત્તા એનું ધ્યેય હતું અને રાજાની અનુજ્ઞા હોય તો મોતની ઘડી સુધી પણ કાર્યરત રહેવાની એની તૈયારી હતી. હવે પ્રેસમાં કે પાર્લમેન્ટમાં ક્યાં યે તેની વિરુદ્ધનો સૂર સંભળાતો નહોતો. જર્મન રાજાઓનો તે વિશ્વાસપાત્ર બન્યો હતો, જર્મન પ્રજાનો આરાધ્ય.

બિસ્માર્ક જો નર્યો આદર્શવાદી હોત તો તેણે હોલૅંડ, સ્વીટ્ઝર્લૅંડ, રશિયા ને ઑસ્ટ્રિયામાં પરદેશી ધૂંસરી નીચે રહેલા, પિતૃદેશથી નોખા પડેલા જર્મનોને પણ જર્મનીમાં ભેળવવાની ઝુંબેશ ઉપાડી હોત. પણ એવી રીતે લાગણીના ઊભરાવશ તણાઈ યુરોપની શાંતિનો નાશ કરવાનાં ને પિતૃદેશને ખતરામાં ઉતારવાના કાર્યથી એ વેગળો જ રહ્યો, ને જે નિશ્ચયબળે એણે આજ સુધી યુદ્ધોમાં ઝંપલાવ્યું હતું એ જ બળને હવે શાંતિની સ્થાપનામાં તેણે રોક્યું, પરિણામે મધ્યસ્થ સત્તાઓનો પણ જર્મની તરફનો વિરોધ ઘટતો ગયો. તેણે જાહેર કર્યું, 'જૂના જખમો હવે રૂઝાઈ જવા જોઇએ ને નવી પેઢી નવા સંજોગોમાં જ ઊછરવી જોઇએ.'

પણ ફ્રાન્સના થએલા માનભંગ માટે એ દેશના લોકોએ એક જ ઉપાય હાથ ધર્યો હતો—અને તે વેરતૃપ્તિ. તેણે પોતાનો ગુમાવેલો પ્રદેશ પાછો માગ્યો. હજારો જર્મનોના લોહીથી સીંચાએલી ભૂમિ જર્મની કોઈ રીતે પાછી આપે એમ ન હતું. રશિયા ફ્રાન્સને ટેકો આપવા લાગ્યું ને રૂસો-જર્મન વિગ્રહની વાતો ઊડવા લાગી. એના પ્રતિકાર તરીકે બિસ્માર્કે લશ્કરની મજબૂતી વધારી, એટલું જ નહિ, પણ સૌથી ડહાપણભર્યું કામ તો એ કર્યું કે અત્યાર સુધી દુશ્મન રાખેલા ઑસ્ટ્રિયાને તેણે મિત્ર બનાવી ઈ. ૧૮૭૮માં તેના શહેનશાહ ફ્રાન્સિસ જોસફ સાથે સંધિનું તહનામું કરી લીધું. બીજે જ વર્ષે ઇટાલી એ તહનામામાં જોડાયું ને એ કોલકરારો ત્રિરાજ્ય સંધિ (Triple Allience) તરીકે પ્રસિદ્ધ થયા.

એવામાં સમાજવાદનો ચેપ ફાટી નીકળ્યો. હોબેલ નામના એક સમાજવાદી મોચીએ બર્લિનની શેરીઓમાં કૈઝર પર ગોળીબાર કર્યો. એ ચેપને દાબી દેવાનો ખરડો બિસ્માર્કે રજૂ કર્યો, પણ તે ફેંકી દેવામાં આવ્યો. દસ દિવસ પછી ફરી વાર નોબિલિંગ નામના કોઈ શિક્ષિત યુવાને કૈઝર પર ગોળીબાર કર્યો. પહેલાં કરતાં એ ગંભીર હુમલો હતો ને કૈઝર લોહીમાં તરબોળ બની ગયો હતો, છતાં એક્રીકૃત જર્મનીની પાર્લમેન્ટ 'રાઇખસ્ટાગે' એ ખરડો પસાર કરવાની ના પાડી. પરંતુ કૈઝર વિલિયમ અને બિસ્માર્કની રાષ્ટ્રભક્તિએ પ્રજામાનસમાં ઊંડાં મૂળ ઘાલ્યાં હતાં, તે આ હીચકારાં કૃત્યોથી ખળભળી ઊઠી. બિસ્માર્કે એ રાષ્ટ્રદ્રોહી પાર્લમેન્ટ વિખેરી નાખી. નવી ચૂંટણી થઈ ને તેમાં ઉશ્કેરાએલી પ્રજાના પ્રતિનિધિઓએ ખરડો પસાર કરી આપ્યો, પરિણામે બીજાં બાર વર્ષ સુધી એ ચેપ છાની રીતે જ ફેલાયો.

અને હવે, સાઠ વર્ષની વય પછી, બિસ્માર્કે પોતાના આજ સુધીના કાર્યક્ષેત્રથી જુદી જ બાજુ તરફ ધ્યાન આપ્યું—જર્મનીની આર્થિક બાજુ તરફ તેણે રક્ષક જકાતો ઊભી કરી, અનિયંત્રિત વેપાર પર અંકુશ મૂક્યો ને પછી દરિયાપાર વસતા જર્મનો તરફ ધ્યાન આપ્યું. એણે પ્રથમ તો જર્મન મેલ સ્ટીમરોને આર્થિક સહાય આપવા માંડી. આથી પહેલાં ઇંગ્લૅંડ અને ફ્રાન્સ પર જે આધાર રાખવો પડતો તેને બદલે જર્મન માલ ને જર્મન ઉતારુઓ માટે જર્મન સ્ટીમરોનો જ ઉપયોગ થવા લાગ્યો.

પછી એણે સંસ્થાનોની જમાવટ તરફ ધ્યાન આપવા માંડ્યું. આ બાબતમાં સરકારનો સીધો હાથ ન સંડોવતાં ઇંગ્લૅંડની કૂટનીતિ અજમાવી તેણે ઈસ્ટ ઇન્ડિયા કંપની, હડસન બે કંપની વગેરેની માફક ખાનગી જર્મન કંપનીઓને પટા લખી આપ્યા. બીજી કોઈ ત્રાહિત સત્તાના આક્રમણ સામે સરકાર તેમને રક્ષણ આપે ને તેને અંગે તેમનાં સામાન્ય કાર્યો પર સરકારની દેખરેખ રહે. એ રીતના કરારો કરતાં રાઈખસ્ટાગ પાસેથી પણ સંસ્થાનો માટે નાણાં માગવાની જરૂર ન રહી.

વર્ષો વીતતાં ગયાં તેમ નવી પેઢીને બિસ્માર્ક માટેનો આદર વધતો જ ગયો, ને ઈ. ૧૮૮૫માં તેનો સિત્તેરમો જન્મદિવસ આખા રાષ્ટ્રે ઊજવ્યો. એ ઉત્સવ પ્રસંગે કૈઝરે કહ્યું, 'છેલ્લાં પચ્ચીસ વર્ષનો ઇતિહાસ બતાવી આપે છે કે તમને ચૂંટવામાં મેં ભૂલ નથી કરી.'

એ ઉત્સવને બીજે જ વર્ષે, જનરલ બુલેંજરના નવા કાયદાથી શાંતિના સમયમાં પણ ફ્રાન્સે પાંચ લાખનું લશ્કર ઊભું કર્યું. બીજી બાજુ રશિયાએ પણ સાડા પાંચ લાખ જેટલું લશ્કર જમાવ્યું. બિસ્માર્ક એ જમાવટ પાછળનો હેતુ પારખી ગયો ને તેણે જર્મન લશ્કર પણ ૪,૭૦,૦૦૦નું રાખવાનો ખરડો રજૂ કર્યો. 'આપણે લડાઈ નથી જ ઇચ્છતા. આપણે એક એવા રાષ્ટ્રના છીએ, જેની બધી ભૂખ સંતોષાઈ ગઈ છે. કોઈ પણ સંજોગોમાં ફ્રાન્સ પર આપણે હલ્લો નહિ કરીએ, પણ આપણે જેમ વધુ મજબૂત રહીશું તેમ લડાઈ વધુ અશક્ય બનશે,' તેણે કહ્યું. પણ રાઈખસ્ટાગે જવાબ આપ્યો, 'એવો અણીનો પ્રસંગ આવ્યે વિનાસંકોચે મંજૂરી આપવાનું તેણે કહેવા માંડ્યું. બિસ્માર્કે તેનો પેલો અતિપ્રસિદ્ધ ઉત્તર વાળ્યો કે, 'Words are not soldiers and speeches not battalions.' તે છતાં સભાગૃહે ખરડો ફેંકી દીધો. કૅથોલિકો ને સમાજવાદીઓ તેમાં મુખ્ય હતા, પરંતુ પ્રજાએ તો બિસ્માર્ક અને મોલ્ટ્કેમાં જ પોતાનો વિશ્વાસ જાહેર કર્યો.

એ જ અરસામાં ફ્રાન્સનો એક જાસૂસ જર્મન સરહદ પરથી પકડાયો. ફ્રાન્સે તે પાછો માગ્યો—એવો આરોપ મૂકીને કે જર્મનોએ સરહદ ઓળંગી હતી. બે પક્ષોમાંથી એક માર્ગ ન આપે તો લડાઈ જાગવાની પૂરેપૂરી સંભાવના હતી. પરંતુ બિસ્માર્ક હવે શાંતિચાહક બન્યો હતો. તેણે એ જાસૂસને છોડી મૂક્યો. એ વખતે એ જે શબ્દ બોલ્યો હતો તે તો દુનિયા પર જ્યાં સુધી જર્મન ભાષા જીવતી હશે ત્યાં સુધી કોઈ જર્મનના દિલમાંથી નહિ ભૂંસાય. તે શબ્દો આ હતા: 'અમે જર્મનો એક ઈશ્વર સિવાય બીજા કશાથી આ દુનિયામાં ડરતા નથી... અમે શાંતિના ચાહકો બન્યા છીએ, પરંતુ તે બીકથી નહિ પણ અમારા સામર્થ્યના આત્મભાનથી.'

ઈ. ૧૮૮૮ની સાલ આવી. પ્રશિયાના રાજવંશ પર કાળની છાયા ફેલાવા લાગી ને એ સાથે જ બિસ્માર્કની ઊતરતી કળા શરૂ થઈ. એની આગલી સાલે જ એનો દોસ્ત રૂન દુનિયા છોડી ગએલો, એનો શોક

હજુ એના અંતરને કોરી રહ્યો હતો ત્યાં કૈઝર વિલિયમ અને પાટવી કુંવર બંને એ વર્ષે મૃત્યુશય્યા પર પટકાયા. કૈઝરે બિસ્માર્કને બોલાવ્યો, પોતાના પૌત્રને પોતાના મદદ આપવાનું વચન માગ્યું, ને લાગણીથી ઊભરતા દિલે બિસ્માર્કે પોતાના માલિકને તેવું વચન આપ્યું. એ પછી માર્ચની ૯મીએ કૈઝરનું અવસાન થયું. તે ભલે મહાન ન હતો, પણ જર્મનીને વફાદાર સંમાનનીય સજ્જન તો હતો જ. બિસ્માર્કની નીતિ એ ઘણી વખત ન સમજી શકતો, છતાં તે જે કરશે એ જર્મનીના હિત ખાતર જ કરશે એવી દૃઢ શ્રદ્ધાપૂર્વક તે એ માન્ય રાખતો ને તેના પ્રત્યે પ્રેમ ને આદરથી વર્તતો.

કૈઝરના ગયા પછી નેવું દિવસ મૃત્યુશય્યા પરથી રાજ ચલાવી, પાટવી કુંવર ફ્રેડરિક પણ ગયો, ને તેનો પુત્ર વિલિયમ 'કૈઝર વિલિયમ'ના નામથી જર્મનીની ગાદીએ આવ્યો.

આ કૈઝર તે ૧૯૧૪–'૧૮નું મહાયુદ્ધ ખેડનાર અદમ્ય મહત્ત્વાકાંક્ષી પુરુષ. બિસ્માર્કના હાથ નીચે જ એણે શિક્ષણ લીધેલું, પણ પોતાના બાપદાદાથી નોખા જ વિચારો ધરાવતા એને બિસ્માર્કના હાથમાં રહેલી રાજ્યની લગામ ખૂંચવા લાગી. પોતાના બાપદાદા એ નરસિંહની કેટલી અદબ પાળતા એ તે જાણતો હતો. તે એ પણ જાણતો હતો કે માત્ર એ ન હોત તો સ્વતંત્ર રાષ્ટ્ર ઊભું થયું તો ક્યાંય રહ્યું, પણ પ્રશિયાનો રાજા, ઈંગ્લૅંડના રાજાની માફક, પાર્લમેન્ટનું રમકડું જ રહ્યો હોત. છતાં સ્વતંત્ર રીતે કામ કરવાની તેની મહત્ત્વાકાંક્ષાએ તમામ સિદ્ધિ પ્રત્યે આંખ આડા કાન કરવા માંડ્યા ને તેમાં ટેકો આપનારા બિસ્માર્કના વિરોધીઓ તેને મળી રહેવા લાગ્યા.

બે વર્ષ સુધી તો ગાડું જેમતેમ ગબડ્યું. બિસ્માર્કને પોતાના હોદ્દાનો લોભ ન હતો, પણ પોતે નિર્મેલું આખું યે રાષ્ટ્ર બિનઅનુભવીઓથી ચૂંથાઈ જવાનો ભય હતો. આમ એક બાજુ બિસ્માર્ક જેવા જ સ્વતંત્ર મિજાજ અને લશ્કરી જુસ્સાવાળા ને પ્રખર રાજકારણી છતાં બિનઅનુભવી અને ઉતાવળા કૈઝર તથા પાકટબુદ્ધિના ને ઠંડી નિર્ણયશક્તિના બિસ્માર્ક વચ્ચે વિરોધ વધતો ગયો. સમાજવાદીઓ વિરુદ્ધના કાયદાની મુદત પૂરી થતાં બિસ્માર્કે નવા કાયદાનો અમલ કરવા ધાર્યો તેમાં કૈઝર વિરુદ્ધ પડ્યો. રાજમંત્રણામાં પણ તેણે બિસ્માર્કને આમંત્રણ આપવાનું બંધ કર્યું. બિસ્માર્કે વિરોધ ઉઠાવ્યો કે 'બંધારણની રૂએ મારા વગર એ મંત્રણા ન ચાલી શકે. કૈઝરે બંધારણમાંની એ કલમ રદ કરવા કહ્યું. બિસ્માર્કે ના પાડતાં એણે જવાબ આપ્યો, 'જો તમારાથી નહિ તો બીજા કોઈ વડે પણ મારું ધાર્યું જ થવાનું.'

'ત્યારે તો, નામદાર,' બિસ્માર્ક અંગ્રેજીમાં બોલ્યો, 'મારે સમજવાનું કે હું જ તમારા માર્ગમાં આડે આવું છું?'

'હા.' કૈઝરે પણ અંગ્રેજીમાં જ જવાબ આપ્યો.

તરત જ પોતાના પદનું રાજીનામું આપી દેવાનું જણાવી બિસ્માર્ક ઘેર ગયો. કેટલાક પ્રધાનોને આ બાબતની ખબર પડતાં તેઓ તેને મળવા ગયા. કૈઝરને હવે એના રાજીનામાની ઉતાવળ જાગી હોઇને એ પણ તેને ઘેર ગયો ને પ્રધાનો તેને મળવા આવ્યા બાબતની વાત ઉપાડી.

બિસ્માર્કે એમની સાથે કશી રાજદ્વારી વાતો થઈ હોવાની ના પાડી, વધુમાં ઉમેર્યું, 'મારે ઘેર આવતા પરોણાઓની આવી દેખરેખ રાખવી સારી નથી.'

'તમારા શાહેનશાહ તરીકે પણ નહિ?' કૈઝરે સવાલ કર્યો.

'ના. શાહેનશાહના હુકમ મારી પત્નીના દીવાનખાના આગળ જ અટકી જાય છે.'

કૈઝર ભૂલી ગયો હતો કે પ્રધાનથી ય પહેલો બિસ્માર્ક ખાનદાન સજ્જન હતો; રશિયન બાયર જેવી વર્તણુક તે ન જ સાંખી શકે. તેણે તરત રાજીનામું ધરી દીધું.

કૈઝરે ઘણો દેખાવ કર્યો કે રાજીનામું સ્વૈચ્છિક ને મિત્રતાભર્યું હતું. તેણે બિસ્માર્કને ફીલ્ડ-માર્શલ, ડ્યૂક ઑવ લોએનબર્ગ વગેરે ઊંચામાં ઊંચા ઇલકાબો આપ્યા, જે બિસ્માર્કે એક સૈનિકની આજ્ઞાંકિતતાપૂર્વક સ્વીકાર્યા, પણ તે સાથે પોતાના વહાલા 'રાજા' વિલિયમે આપેલા 'પ્રિન્સ'-ના ઈલકાબ સિવાય કશું પોતાના નામ આગળ ન વાપરવાની કૈઝર પાસે માગણી કરી. કૈઝરે જાહેરમાં પોતાનું પોર્ટ્રેટ તેને ભેટ આપ્યું. પ્રજા અને પ્રિન્સોના ઊલટેલા સમૂહે તેનું બહુમાન કર્યું, પણ એ કશું તેના ભાંગેલા મનને ન સંતોષી શક્યું. તેનો ઉત્તરાધિકારી પણ નીમાઈ ચૂક્યો હતો, એટલે તેને માન આપવા મળેલા ટોળામાંથી બધાની ઉતાવળે રજા લઈ એ એકલો ચાલી નીકળ્યો–શાર્લોટનબર્ગ, જ્યાં પોતાનો જૂનો સ્વામી સૂતો હતો. ત્યાં જઈ એણે તેની કબર પર ગુલાબનું એક ફૂલ ચડાવ્યું ને તેને પડખે બેસી, જૂનાં સ્મરણો તાજાં કરવા લાગ્યો. આજ ૭૫ વર્ષે યે એનામાં એ જ જોશ, એ જ ધગશ હતાં, પણ જર્મની માટે તે વાપરવાની તેને મનાઈ ફરમાવવામાં આવી હતી. પિતૃવત્ પોતે ઘડેલા રાષ્ટ્રને હવે તેણે અણઘડ તરુણનો અખતરો બનતું જોવાનું રહ્યું હતું.

બિસ્માર્ક હવે ફ્રેડરિકસરુહ ઊપડ્યો. વિદાય લેતા રાષ્ટ્રપિતાને માન આપવાની પણ રાઈખસ્ટાગે ઉદારતા ન બતાવી. ફ્રેડરિકસરુહમાં જઈ તે ત્યાંના ગામડીઆઓમાં ભળી ગયો, કારણ તેણે જોયું કે તેમના દિલમાં હજુ તેને માટે સ્થાન હતું. તેમના પુત્રોને તે જર્મનીનું જ્ઞાન આપવા લાગ્યો ને બધાંને જર્મની તરફની ફરજ સમજાવવા લાગ્યો.

એવામાં મુખ્ય પ્રધાન કૅપ્રિવીએ પરદેશી બાબતોમાં ઈંગ્લૅંડ સાથે કરાર કર્યા. બિસ્માર્કે વિરોધનો સૂર કાઢ્યો, પણ એ દબાઈ ગયો. રશિયા સાથેના કરારો પૂરા થતાં પણ ફરી વારના કરારો કરવાની કોઇએ દરકાર ન કરી. બિસ્માર્કે ચેતાવ્યા કે 'રશિયા સાથે ફરી કરાર નહિ થાય તો એ આપણા હાડોહાડ દુશ્મન ફ્રાન્સ સાથે કરારો કરશે ને ભવિષ્યમાં જો જર્મની લડશે તો એના બધા દુશ્મનો એકત્ર થઈ, ફરી એક સૈકા સુધી તે પગભર ન થઈ શકે તેવું કરશે.' પણ આ ચેતવણી યે એમ જ દબાઈ ગઈ ને તેનું ફળ જર્મનીને મહાયુદ્ધમાં ભોગવવું પડ્યું.

જેમ જેમ વર્ષો જતાં ગયાં તેમ તેમ બિસ્માર્ક એકલો પડતો ગયો. મોલ્ટ્કે યે ગયો, પત્ની યે ગઈ ને તેનો ભાઈ પણ એ જ પંથે પળ્યો. ઘડપણના શાપ સમું સંતપ્ત એકલવાયું જીવન હવે તે વીતાવવા લાગ્યો. તેની દાઢી સફેદ થઈ ગઈ. ઘોડા પર બેસવું પણ અશક્ય થઈ પડ્યું, ને છેવટ એ અશક્તિ વધતી ગઈ, અને ૧૮૯૮ના જુલાઈની ૨૮મી તારીખે ૮૩ વર્ષની વયે તેનો જીવનદીપ બુઝાઈ ગયો. મરતાં પહેલાં, પોતાના જૂના સ્વામી પ્રત્યેની વફાદારીના સૂચન રૂપે, પોતાની કબ્ર પર ટાંકવા માટે આ સૂત્ર તે પસંદ કરી ગએલો :

'શાહેનશાહ વિલિયમ પહેલાનો સાચો જર્મન સેવક.' □

શાન્તિ

—પ્રફુલ્લ રાવલ—

'વિશ્વશાન્તિ'ના કવિનું 'છિન્નભિન્ન છું' કાવ્ય વાંચતાં મન ક્ષુબ્ધ થઈ જાય છે. વિશ્વની શાન્તિનો આહ્લેક જગાવ્યા પછી છિન્નભિન્નતા! કેવો અવળો ક્રમ! ઉપનિષદનો શાન્તિપાઠ આજે પણ નિરામય શાન્તિની લાગણી ફેલાવે છે. ઘડીભર પ્રજ્ઞા શાતા પામે છે. ખેતરમાં મૂગાં ઊભેલાં ઠૂંઠાંને જોતાં શાન્તિનો મર્મ સમજાય છે. ચાડિયાને શાન્તિનું પ્રતીક માનવું રહ્યું. પ્રકાશ વગરની રાત્રિમાં હું ઘોંઘાટ ઘૂંટું છું, ક્ષણેક્ષણ જીવવાનો મન્ત્ર ભણ્યે રાખું છું. જીવવું એ શાન્તિનો સત્યાગ્રહી અસહકાર છે. જન્મતાંની સાથે જ ખંડની શાન્તિ દોટ મૂકીને પાદરે નાસી જાય છે. પાદરે સ્મશાન એનું સ્વાગત કરે છે. સ્મશાનમાં ભેગી થયેલી શાન્તિમાં એ ભળી જાય છે. દરેક મનુષ્યે શાન્તિને ભગાડી છે, છતાં ય જ્યારે એ શાન્તિનો જાપ જપે છે ત્યારે એની ફરતે મહામાનવ હોવાનો દંભ વીંટળાઈ વળે છે. શાન્તિ એ ડોળ છે, દંભ છે.

ઘરમાં બાળકોના સતત ઘોંઘાટે કંટાળી જવાય છે. પણ બાળકોની અનુપસ્થિતિમાં ઊભી થતી શાન્તિ રુચતી નથી. સૂનુંસૂનું ઘર ખાવા ધાય છે. ગમે છે કોઇને આ શાન્તિ?

શાબ્દિક રમતમાં શાન્તિનો અર્થ જટિલ નથી. છતાં ય શાન્તિની શક્ય તેટલી શ્રદ્ધેય વ્યાખ્યા આપવી અઘરી છે. પ્રચલિત વ્યવહારમાં શાન્તિ એ કેવળ ઉપલું આવરણ છે. જે અનુભવાય છે તે શાન્તિનો આભાસ માત્ર છે. નિર્જન જંગલમાંથી મધ્યરાત્રિએ એકલા પસાર થતી વખતે ચારે બાજુ વીંટળાયેલી શાન્તિ ભીંસે છે. એકલો મુસાફર શાંતિથી બીએ છે. એને પૂછો કે તને શાન્તિ ગમે છે ખરી? એને મન શાન્તિ બિહામણી છે, આવી નીરવ શાન્તિએ જ ભૂતનો ખયાલ દૃઢ બનાવ્યો છે. સિસોટી વગાડતો મુસાફર સમયને ઓગાળે છે, શાન્તિને પડકારે છે, એનો પ્રતિકાર કરે છે.

અટકચાળું કરવાની ઉંમરવાળો છોકરો સૂનમૂન રસ્તા પરથી પસાર થતો જોઉં છું ત્યારે જીવતું મડદું સ્મરણપટ પર સવાર થઈ જાય છે. એની શાન્તિ મને કોરે છે. ગ્રીષ્મની બપોરે મહોલ્લામાં ઘોંઘાટ કરનારને શાન્ત રાખવા કોઈ પદયાત્રાએ નીકળતું નથી. એ જ ખરા બપોરે છાપરાંની છાંયમાં બેસીને ઘૂઘૂઘૂ કરતા સફેદ કબૂતરને શાન્તિનું પ્રતીક માનવા મારું મન તૈયાર નથી! ખરા બપોરે તળાવમાં ભેંસને નિરાંતે બેઠેલી જોઇને એને શાન્તિની પ્રતીક બનાવવાનું મન થાય છે. એની અલસતા કેવી મનોહર છે! જીભ કાઢીને હાંફતું કૂતરું નિરાંતે સતેજ નયને બેઠુંબેઠું શાન્તિનો મન્ત્ર ભણે છે. છતાં ય એની શાન્તિ ક્ષણની છે. કોઈના પગરવે એ ભસી ઊઠે છે.

ફિલ્મી ગીત જોરશોરથી ગાનારને અશાંતિનો ચાહક ગણીને જેલ પાછળ ધકેલાતો નથી. એ ગુનેગાર નથી. અશાંતિનો હિમાયતી લેખાતો નથી, યુદ્ધના વિરામની નોબત ફૂંકનાર શાંતિનો ફિરસ્તો નથી. માનસિક સ્ખલનો હોવા છતાં બાહ્યરૂપ શાંતિમઢ્યું દેખાય છે. અશાંતિ કરવા અસમર્થ તે શાંતિચાહકો. અશાંતિની અનુપસ્થિતિનો યે શોક કરે છે. છતાં ય એ સ્મશાનને સ્વર્ગ કહેતા નથી. ફિલ્મ કે નાટકમાં ક્યારેક વચ્ચે નીરવતા છવાઈ જતાં દિગ્દર્શકની ક્ષતિનો ઢોલ ટીપાય છે. બે-ઘડી શાન્તિનો મહિમા ગાનાર તરીકે એનું બહુમાન થતું નથી.

શાંતિની પ્રત્યેક ઘડી યુદ્ધની પૂર્વભૂમિકા છે. અશાંતિની પ્રત્યેક ક્ષણ શાંતિનો યજ્ઞ છે.

ભયથી સર્જાતું વાતાવરણ તે શાંતિ.

શાંતિથી સર્જાય છે એકાન્ત. એકાન્ત છે અનિષ્ટોનું પ્રભવ-સ્થાન. શાંતિપાઠ કે શાંતિહોમ કરનાર વાણીને આરાધે છે. શાંતિ એ વાણીનું ઉચ્છેદન છે. વાણીની શિથિલતાથી મન ચંચળ બને છે. **'Please hold your tongue and let me love'** કહેવું એ શાંતિનું યશોગાન છે. છતાં યે કોઈ મૂગાને પ્રેમી તરીકે પસંદ કરતું નથી. સહુને વાણીના નરવા રૂપો માણવા ગમે છે. પરોક્ષ રીતે એ શાંતિની અવરોધક ગતિને આવકારે છે.

શાંતિ સહુ ઝંખે છે. મનની શાંતિ મળવી દોહ્યલી છે. સઘળું ત્યજીએ ત્યારે તે મળે. એ પ્રાપ્ત કરવા યોગી બનવું પડે. આથી જ અશાંત પળોમાં સ્વસ્થતાથી શાંતિની વિષ્ટિ કરવા જનાર કૃષ્ણને યોગેશ્વર રૂપે આપણે પૂજીએ છીએ.

બેહદ શાંતિની ક્ષણો ભયંકર છે. શાંતિનું ગાણું ગાનારનું મન શાંત છે ખરું? કવિની આંતરિક શાંતિ ખળભળી ઊઠે છે ત્યારે કવિતા જન્મે છે.

યંત્રયુગ શાંતિને ભક્ષી ગયો છે. પ્રત્યેક પળ યંત્રના કાબૂમાં છે. યંત્રો શાંતિનાં શત્રુ છે. ચારે કોર શોર સંભળાય છે. ઘડીભર બહેરાં થઈ જવાની આકાંક્ષા જન્મે છે. ન સાંભળી શકનાર માટે સર્વત્ર શાંતિ છે.

દેખીતી શાંતિમાં છુપાયેલો કોલાહલ ક્રાંતિનો જનક છે. દેખીતા કોલાહલમાં શાંતિ પામનારની સ્વસ્થતા કેટલી ભવ્ય છે!

છેલ્લાં કેટલાય દિવસથી ખરા બપોરે બારી પાસે બેસીને શાંત ચિત્તે વાંચતો હોઉં છું ત્યારે એક કાબર કિલકિલાટ કરી મૂકે છે. તેની તરફ જોઉં કે તરત જ તે ઊડીને જતી રહે છે. ઘડીભર શાંત મનમાં એના કિલકિલાટનો ધ્વનિ નૂતન પરિમાણ ઉમેરે છે. એ ધ્વનિથી થોડીક ક્ષણો અશાંત બની રહે છે. ક્ષણ માટે મારા વિચારતંતુને તોડીને પુનઃ શાંતિ સ્થાપિત કરતી કાબરની કવિતા રચવા મન લલચાય છે. આ કિલકિલાટ જ મારે મન શાંતિમંત્ર છે.

કશાય વળગણ વગર જીવાતું જીવન શાંતિમય હોઈ શકે. પ્રત્યેક ક્ષણ વળગણ છે. કેટલી ક્ષણો તોડવી મારે?! □

—અનુસંધાન] હોકુસાઇ [પૃષ્ઠ ૬૬થી—

બીજા લગ્નથી પણ એને ઓયેઇ નામે એક પુત્રી હતી. એક ચિત્રકારની એ ત્યક્તા હતી, અને પોતે પણ ચિત્રકાર હતી. સુંદર સ્ત્રી-પાત્રો આલેખવામાં એ પોતાનાથી યે ચડિયાતી હોવાનો હોકુસાઇનો અભિપ્રાય હતો. આ ઑયેઇએ પિતાની ઘણી સારી સારસંભાળ રાખેલી. ઉત્તરાવસ્થામાં એ ઓયેઇ સાથે રહેલો.

અનેક વિટંબણાઓ અને આખરમાં તો કંઈક ઉપેક્ષાઓ વચ્ચે યે હોકુસાઇનું કામ થંભ્યું નહોતું, કે નહોતી ખિલાઈ એની ટીખળવૃત્તિ. પરંતુ રોજિંદા જીવનની જીવંત પળોને, અનેકવિધ કથાઓને, ઇતિહાસને, કાવ્યોને કે ગ્રામદૃશ્યોને અને પ્રકૃતિને એણે જે અદ્વિતીય રીતે આલેખ્યાં છે, એ બધાંથી તો એ પોતે વર્ષોથી વિખૂટો પડી ગયો હતો. ચીતરવા સિવાય અન્ય કોઇ બાબતમાં એને રસ રહ્યો નહોતો. ન તો એને કોઇ વ્યસન હતું કે ન એ લોકોમાં હળતોભળતો.

આ અંકના પૂઠા પર એની એક કૃતિ આપી છે. એણે કરેલાં પાત્રાલેખનો, કથાચિત્રો અનેક દૃષ્ટિકોણથી દેખાતા ફૂજીયામાનાં તથા નદીઝરણાં પરના પુલો સાથેના વિધવિધ દૃશ્યચિત્રો વગેરેથી તદ્દન અલગ પડી જતાં તેનાં આવાં ગણ્યાગાંઠ્યા પ્રાપ્ય ચિત્રોમાંના આ એકમાં એની પીંછીની નજાકત ને સંયોજનની કલાત્મકતા જોઈ શકાય છે.

ઈ. ૧૮૪૯માં એનું અવસાન થયું. જૂના પાટનગર યેદોના સાઇક્યો-જી મંદિરમાં એની સમાધિ છે ત્યાં લખ્યું છે: 'ગ્વાક્યોજી મંજીનો હાકા'–ચીતરવા પાછળ જે ઘેલો હતો. □

શતરંજ

સુરેશ મોદી

રાષ્ટ્રીય ટુર્નામેન્ટ ૧૯૮૨

આ વિભાગમાં પ્રસંગોપાત્ત આપણે શતરંજવિષયક સમાચારો પણ જોતા રહીએ છીએ, પણ હમણાં લાંબા સમયથી તેમ થઈ શક્યું નથી એટલે એકઠી થએલી કેટલીક નોંધપાત્ર ખબરો પર નજર ફેરવી લઈએ.

ઈ. ૧૯૮૨ની રાષ્ટ્રીય શતરંજ-ટુર્નામેન્ટ થોડા વખત પહેલાં જ પૂરી થઈ. 'એશિયાડ'ને લીધે ૧૯૮૨ની આખરમાં યોજાએલી આવી ઘણી સ્પર્ધાઓને ૧૯૮૩માં ધકેલવામાં આવી હતી, પશ્ચિમ બંગાળના ૧૭ વર્ષીય પ્રતિભાસંપન્ન યુવાન ખેલાડી દિવ્યેન્દુ બરુઆ એ ટુર્નામેન્ટ જીત્યા હતા. ૧૯૮૨ના અંતમાં આંતરરાષ્ટ્રીય ઉસ્તાદ (IM)નું પદ તેમણે મેળવ્યું હતું. અને હવે ભારતમાં સૌથી નાની વયે આ પદ પ્રાપ્ત કરનાર ભારતીય ખેલાડી હવે સૌથી નાની વયે રાષ્ટ્રીય વિજેતા પદ મેળવનાર ખેલાડી પણ બન્યા. આ સુંદર દેખાવ બદલ એ અભિનંદનને પાત્ર છે.

આ ટુર્નામેન્ટમાં ૧૯ ખેલાડીઓ વચ્ચે રમાએલી ૧૮માંથી ૯ રમતમાં જીતીને, અને આઠમાં ડ્રૉ મેળવીને એમણે ૧૮માંથી ૧૩ પૉઈન્ટ મેળવ્યાં હતાં. એમના પછી ૧૨½ પૉઈન્ટ મેળવીને બીજું સ્થાન ઓરિસ્સાના પ્રશાન્ત મોહાન્તીએ મેળવ્યું હતું. ત્રીજાથી છઠ્ઠા સ્થાન પર ભૂતપૂર્વ રાષ્ટ્રીય વિજેતાઓ અનુક્રમે નાસીરઅલી (૧૨ પૉ.), રફીક ખાન (૧૧½ પૉ.) પ્રવીણ થિપ્સે અને રાજા રવિશેખર (બંને ૧૧ પૉ.) આવ્યા. આ છ ખેલાડી હવે પછીની રાષ્ટ્રીય 'અ' ટુર્નામેન્ટમાં સીધા રમશે.

ઉપર જણાવ્યું છે તેમ ડિસેમ્બરમાં કલકત્તા ખાતે રમાયેલી એક આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં દિવ્યેન્દુ બરૂઆએ ૧૧ માંથી ૭ પૉઈન્ટ મેળવીને આંતરરાષ્ટ્રીય ઉસ્તાદ (IM)ની પદવી માટેનું બીજું ધોરણ (Norm) પૂરું કર્યું હતું. તે જ ટુર્નામેન્ટમાં મુંબઈના પ્રવીણ થિપ્સેને પણ ૭ પૉઈન્ટ મળ્યાં હતાં. તેમને માટે પણ IMના પદ અંગેના ધોરણ પર પહોંચવાનો આ બીજો બનાવ હોવાથી આ બંને ખેલાડી IM પદના હકદાર બન્યા છે. આ બે ખેલાડીના IM થવાથી ભારતમાં હવે છ IM થયા.

વાચકોને ખબર જ હશે કે ભારતના પહેલા IM મેન્યુઅલ એરોને તે પદ ૧૯૬૦માં આંતરક્ષેત્રીય ટુર્નામેન્ટમાં પ્રવેશ મેળવીને મેળવ્યું હતું. તે પછી છેક ૧૯૭૮ સુધી તેઓ જ એકમાત્ર ભારતીય IM રહ્યા હતા. ૧૯૭૮માં મદ્રાસના રવિકુમાર એશિયાઈ જુનિયર સ્પર્ધા જીતીને IM થયા. તે જ વર્ષે એશિયાઈ મહિલા સ્પર્ધા જીતીને રોહિણી ખાડિલકરે આંતરરાષ્ટ્રીય મહિલા ઉસ્તાદ (IWM)નું પદ જીત્યું. ત્યાર પછી મદ્રાસના રાજા રવિશેખર તેમજ પરમેશ્વરન IM થયા અને જયશ્રી તેમજ વાસંતી ખાડિલકર બહેનો IM થઈ. અત્યાર સુધી IMનો ઇજારો મદ્રાસે અને IMનો ઈજારો મુંબઈ–અને તે પણ એક કુટુંબ જ લીધો હતો. થિપ્સે અને બરુઆના IM થવાથી હવે તે પદ વધુ વ્યાપક બન્યું છે.

ભારતમાં હવે છ IM અને ત્રણ IWM છે, પણ કોઈ આંતરરાષ્ટ્રીય મહાઉસ્તાદ (GM) કે મહિલા મહા ઉસ્તાદ (WGM) નથી. તેમાં પહેલ કોણ કરશે તે જોવાનું છે. આ બાબતમાં એશિયાના બીજા દેશો આપણા કરતાં આગળ વધી ગયા છે. આ બાબત તેમજ IM GM, વગેરે પદવી કેમ મળે છે તે આપણે હવે જોઇએ.

આંતરરાષ્ટ્રીય ઉસ્તાદ (IM) અને આંતરરાષ્ટ્રીય મહાઉસ્તાદ (GM)ના પદ માટેના શતરંજના આંતરરાષ્ટ્રીય મંડળ (FIDE)ના નિયમો સંક્ષેપમાં અને સરળ રીતે જોઇએ. જો કોઇ ખેલાડી તેની ક્ષેત્રીય ટુર્નામેન્ટ જીતીને આંતરક્ષેત્રીય (Interzonal) ટુર્નામેન્ટમાં પ્રવેશ મેળવે તો તે IMનું પદ મેળવે. જે ખેલાડી આંતરક્ષેત્રીય સ્પર્ધામાં યોગ્ય ક્રમાંક મેળવી Candidate ટુર્નામેન્ટમાં પ્રવેશ મેળવે તેને GMનું પદ મળે. આવી બીજી પણ સ્પર્ધા છે જે જીતવાથી એક યા બીજું પદ મળે. તે ઉપરાંત, ઘણીખરી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાને તેમાં ભાગ લેતા ખેલાડીનાં પદ અને રેટિંગ અનુસાર કક્ષાક્રમ અપાય છે. દરેક કક્ષાની ટુર્નામેન્ટમાં કેટલા ટકા પૉઇન્ટ મેળવવાથી GM અને કેટલા ટકા પૉઇન્ટ મેળવવાથી Imના પદ માટેનું ધોરણ મેળવ્યું ગણાય તે નિશ્ચિત કરેલું છે. આ ધોરણ બે વખત મેળવ્યા પછી FIDEની પદવી મેળવવા માટે ખેલાડી હકદાર બને છે.

આ ઉપરથી સમજાશે કે આ પદ મેળવવા માટે ઊંચી કક્ષાની ટુર્નામેન્ટમાં ભાગ લેવો જરૂરી છે. કલકત્તામાં રમાયેલી ટુર્નામેન્ટમાં IM ધોરણ (Norm) માટે ૬૦% પૉઈન્ટ જરૂરી હતા અને GMના પદ માટે ૭૫%. તેમાં ત્રણ રશિયન મહાઉસ્તાદોમાંથી કોઈએ GM પદ માટેનાં ધોરણ જેટલાં પૉઈન્ટ મેળવ્યાં ન હતાં. આવી કક્ષાની ટુર્નામેન્ટમાં GMનું ધોરણ બહુ મુશ્કેલ બને છે. GMનું ધોરણ મેળવવા આથી ઊંચી કક્ષાની ટુર્નામેન્ટની જરૂર પડે છે. જો ભારતીય ખેલાડીને ઊંચી કક્ષાની ટુર્નામેન્ટમાં રમવાની વધુ તક મળે તો ઘણા IM બની શકે, અને બરૂઆ થિપ્સે કે રવિશંકર GM પણ બની શકે.

શતરંજની રમત ભારતમાં શોધાઈ હોવા છતાં આપણે જોયું કે બીજા એશિયાઈ દેશો આપણા કરતાં આગળ નીકળી ગયા છે, ફિલિપાઈન્સના યુજિન ટોરે GM તો હતા, પણ હવે પછીની Candidate ટુર્નામેન્ટમાં પ્રવેશ મેળવ્યો છે. આ તબક્કે પહોંચનાર તે પહેલા એશિયાવાસી છે. ચીનમાં શતરંજ રમવાનું શરૂ થયાને બહુ સમય નથી થયો છતાં તેઓ ઘણી ઝડપથી આગળ વધી રહ્યા છે. ચીનની એક મહિલા ખેલાડી લીઉ શિલાન પણ સ્ત્રીઓની Candidate ટુર્નામેન્ટમાં પહોંચીને મહિલા મહાઉસ્તાદ (WGM)નું પદ મેળવનાર પહેલી એશિયાઈ મહિલા બની છે.

ઈ. ૧૯૮૩ની Candidate ટુર્નામેન્ટનો ડ્રૉ નીચે પ્રમાણે છે:

૧. વિક્ટર કોર્ચનોય (સ્વીટ્ઝરલૅન્ડ)
૨. લાજોસ પોટ્રિશ (હંગેરી)
૩. ગેરી કાસ્પારોવ (રશિયા)
૪. અલેક્ઝાંડર બેલિયાવ્સ્કી (રશિયા)
૫. રૉબર્ટ હુબ્નર (જર્મની)
૬. વાસિલી સ્માયસ્લૉવ (રશિયા)
૭. યુજિન ટોરે (ફિલિપાઈન્સ)
૮. ઝોલ્ટન રીબલી (હંગેરી)

(અનુસંધાન પૃષ્ઠ ૭૫)

વાચકો લખે છે...

ક્ષત્રપ શિલાલેખ

રાજકોટ જિલ્લામાં જસદણથી નૈઋત્યે લગભગ સાત માઈલ દૂર આવેલા ગઢા(ગઢાળી) ગામ પાસેથી મળી આવેલા ક્ષત્રપ વંશના (શક સંવત ૭૨=ઈ. સ. ૧૩૦ના) શિલાલેખ પછીથી બીજો એક શિલાલેખ મળી આવ્યો છે. ક્ષત્રપ વંશનાં તાંબા-ચાંદીનાં સિક્કાઓ તો ઘણાં સ્થાનેથી મળ્યા છે-મળતા રહે છે, પણ શિલાલેખનું પ્રમાણ નહિવત્ હોઈ આ દૃષ્ટિએ તેનું વિશેષ મહત્ત્વ રહે છે.



જીવાપર ગામમાંથી મળેલો શક સંવત ૨૩૩ નો શિલાલેખ. તેના ઉપર શિરોરેખા-યુક્ત બ્રાહ્મી લિપિમાં 'વર્ષે ૨૩૩ રેવતબહુલી / શ્રીકુમારદેવ પુત્રસ્ય / કુમારદત્તસ્ય' એવું લખાણ વંચાય છે. આમાં 'રેવતબહુલી' શબ્દ કોઇ સ્થળવિશેષનો નિર્દેશક લાગે છે. જૂનાગઢનું પ્રાચીન નામ 'રૈવત ગિરિ' હોવાનું અહીં સહેજે સ્મરણ થાય છે. પ્રસ્તુત શિલા પાંચેક ફૂટ લાંબી, દોઢેક ફૂટ પહોળી અને એકાદ ફૂટ જાડી છે, જેના પરનું લખાણ ત્રણ પંક્તિમાં અનુક્રમે ૧૧, ૯ અને ૬ મળી કુલ ૨૬ અક્ષરોમાં કોરેલું છે. (ફોટો - હસમુખ વ્યાસ)

પ્રસ્તુત શિલાલેખની ભાળ કંઈક આ રીતે મળી. જસાપર (તા. જસદણ)માં સ્થાનિક સંશોધન વેળાએ રાજા ચષ્ટનનો ચાંદીનો એક સિક્કો મળી આવ્યો એ પછી ફરી ત્યાં જતાં જીવાપરના વતની અને હાલ ત્યાં જ પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે નોકરી કરતાં શ્રી રાજેન્દ્રભાઈ જોષીએ વાતવાતમાં કહ્યું કે, 'જીવાપરના હરિજન-વાસની પાસે ચિત્રલિપિ-વાળો એક પથ્થર પડ્યો છે. જોવો હોય તો આવજો.' ચિત્રલિપિથી ખેંચાઇને તુરત ગયો, પથ્થર તપાસ્યો તો બ્રાહ્મી લિપિમાં લખાયેલો શિલાલેખ નીકળ્યો!

કાળા પથ્થરની પાંચેક ફૂટ લાંબી, દોઢેક ફૂટ પહોળી અને એકાદ ફૂટ જાડી આ શિલા ઉપર કુલ ત્રણ લીટીનું શિરોરેખા બાંધેલ બ્રાહ્મી લખાણ સ્પષ્ટ અને સ્વચ્છ અક્ષરોમાં કોરાએલું છે. ત્રણે પંક્તિમાં અનુક્રમે ૧૧, ૯ અને ૬ મળી કુલ ૨૬ અક્ષરો છે. લખાણની નકલ તેમ જ ફોટો લીધા. (ફોટો આ સાથે આપેલ છે.) બ્રાહ્મી લિપિનો બહુ અભ્યાસ ન હોવા છતાં ઉકેલવાનો પ્રયાસ કરતાં સફળતા પણ મળી.

જસાપરમાંથી રાજા ક્ષત્રપનો ચાંદીનો સિક્કો પણ મને મળ્યો છે. તે સ્થાને (જસાપર ગામથી પશ્ચિમે ભાદરના કાંઠે) જૂનો ટીંબો હોવાનું મનાય છે. અહીંથી અવારનવાર ખેડતાં-ખોદતાં પકાવેલી માટીનાં લાલ-કાળા રંગનાં ચળકતાં વિભિન્ન પ્રકારનાં વાસણો મળી આવે છે. આના કેટલાક નમૂના મેં પણ એકઠાં કર્યાં છે. ગઈ સાલ અર્થાત્ ૧૯૮૨ના ઉનાળામાં એક ખેડૂ યુવાન ખેતરમાં ખેડતો હતો ત્યારે હળ સાથે કંઈક ભરાતાં જમીનમાંથી તેને બહાર કાઢ્યું. એ પકાવેલી માટીનું કપડાથી ઢંકાયેલા મોંવાળું ભંભલી જેવું વાસણ હતું. વજનદાર હોઈ અંદર શું હશે એવા વિસ્મય અને 'માયા' મળવાની લાલચે પથ્થર પર પછાડતાં તૂટ્યું ને તેમાંથી બાવળના પરડાનાં બી જેવા નાનાનાના સેંકડો સિક્કાઓ નીકળી પડ્યા! એ બધા વીણી લઈ સોની પાસે ચકાસાવ્યા તો ચાંદીના નીકળ્યા એટલે તેમણે એ બધા જ સિક્કા ચાંદીના ભાવે વેચી નાખ્યા! જૂનાગઢ–અમરેલીમાંથી ક્ષત્રપવંશના સિક્કાઓનો જે વિપુલ જથ્થો મળેલો તેનાથી ય મોટો જથ્થો આમ અજ્ઞાનતા અને સ્વાર્થવૃત્તિના કારણે હમેશ માટે લુપ્ત થઈ જવા પામ્યો એ ઇતિહાસ-પુરાતત્ત્વના અભ્યાસીઓ માટે એક દુઃખદ પણ નક્કર હકીકત બની રહી.

સિંધુ સંસ્કૃતિનાં જે અવશેષ-સ્થાનો ગુજરાત–સૌરાષ્ટ્રમાંથી મળી આવ્યાં છે તેનો વિચાર કરીએ છીએ ત્યારે સહેજે એક એવું અનુમાન થાય છે કે લોથલ-રંગપર ને રોજડી (શ્રીનાથગઢ) એ બે છેડા વચ્ચેનો જે પટ છે તે પણ આવી સંસ્કૃતિ સંઘરી બેઠો હોવાનો સંભવ છે. કેમકે, આજ પણ સંશોધાયેલા આ વિસ્તાર–ખાસ તો ભાદર કાંઠામાંથી ઘણા એવા અવશેષો મળી આવે છે જે આના પુરાવા પૂરા પાડે છે. આ વિસ્તારમાં ખોદકામ-સંશોધન કરવાની સ્વ. અમૃત પંડ્યાની ઈચ્છા હતી એમ ક્યાંકથી જાણવા મળ્યાનું યાદ છે. પુરાતત્ત્વખાતું આ અંગે કંઈક યોગ્ય નિર્ણય લઈ પગલાં લે તો વિશેષ હકીકત બહાર આવવા પૂરતી શક્યતા છે જ.

અહીં મારા આ કાર્યમાં પૂરતો સાથ-સહકાર આપવા બદલ જસાપરાના શ્રી વસંતભાઇનો અને જીવાપરાના શ્રી રાજેન્દ્રભાઈ જોશીનો હાર્દિક આભાર વ્યક્ત કરવો અસ્થાને નહિ ગણાય.

(મોટા દડવા, તા. ગોંડલ) —હસમુખ વ્યાસ

'કુમારના અંક ૭૧૦માંનું નિરંજન યાજ્ઞિકનું 'ભેખડ પર' કાવ્ય હૃદયને સ્પર્શી ગયું. ઊતરી આવતી સાંજનું આટલું બધું સુંવાળું વર્ણન સાંજની અનુભૂતિમાં ઓગળી ગયા વિના આવી શકે જ નહિ. ઊતરી આવતા અંધારા સાથે નમતા સૂરજના રંગ ભળે તે દૃશ્ય—

'પતંગિયાનું ભોળું ભોળું ટોળું રમતું હોય'

એ પંક્તિથી કેટલું સહજ ઉપસી આવે છે! સાંજની એકલતા અને ઉદાસી—

'ભેખડનું કોરું હૈયું પાણીમાં ભમતું હોય'

એ પંક્તિ દ્વારા બરાબર આલેખાયાં છે. પંખીના કલરવની વચ્ચે કોઈ અજાણી આંખ નીતરતી હોય'માં એ આંખ કોની હશે! એ પ્રશ્ન હૃદયમાં ઊઠતાં ભાવક કલ્પનાઓ કર્યા જ કરે. ધન્યવાદ!

(ગોંડલ) —ડૉ. બિરજુ ચંદારાણા


દાંડીકૂચ અને ધરાસણાના એ દિવસો

ગાંધીજીએ અંગ્રેજ સરકારને આપેલા આખરીનામા અનુસાર ઈ. ૧૯૩૦ના માર્ચની ૧૨મી તારીખ આવી પહોંચી. દુનિયાભરમાંથી વર્તમાનપત્રોના પ્રતિનિધિઓ ને દેશ-વિદેશના અનેક પ્રેક્ષકો જગતના ઇતિહાસની આ મહાન ઘટનાના સાક્ષી બનવા આવ્યા. ગાંધીજીની દાંડીકૂચ અટકાવવા એમને ૧૧મીની રાતે ગિરફતાર કરી લેવાશે, અને જો એમના ૭૯ સાથીઓ એમના વિનાયે કૂચ કરવા પ્રયત્ન કરશે તો તે બધાંને પણ પકડી લેવાશે, એવીએવી અફવાઓ ફેલાવા લાગી. અગિયારમીની સાંજથી જ સત્યાગ્રહ આશ્રમની દિશામાં માનવમેદની ઊભરાવી શરૂ થઈ. ભીડને કારણે અનેક લોકો સાબરમતીની રેતમાં ઓટા બનાવોની પ્રતીક્ષા કરતા રાતભર નારા લલકારતા બેઠા. પરંતુ ગાંધીજીની ધરપકડ થઈ નહિ અને ૧૨ માર્ચનું પરોઢ ઊગ્યું.

પોતાના ૭૯ સાથીઓ સાથે આશ્રમમાંથી ગાંધીજીએ પ્રસ્થાન આદર્યું. કસ્તૂરબાએ એમને તિલક કર્યું. 'સ્વરાજ લીધા વિના ફરીથી હું આશ્રમમાં નહિ આવું' એ ગાંધીજીના ઉદ્ગારથી અનેક હૈયાં કંપી ઊઠયાં. વિરલ દૃશ્ય હતું એ. પૂર્ણ સ્વરાજની લડતનો સત્યાગ્રહ આશ્રમથી એ રીતે આરંભ થયો હતો.

ગાંધીજીએ મીઠાનો કાયદો તોડયો તેની સાથે દેશ આખાના દરિયા-કિનારે મીઠાના કાયદાનો ભંગ કરવાની પ્રવૃત્તિ વેગથી ઉપડી હતી. ઠેરઠેર લાઠીમાર થતો, ધરપકડો યે થતી, સરકારનો દમનનો કોરડો બહેનો ઉપર પણ વીંઝાવા લાગ્યો. વીરમગામમાં બહેનો ઉપર પોલીસે ઘોડા દોડાવ્યાના સમાચાર સાંભળી પુણ્યપ્રકોપથી ભભૂકી ઊઠી ગાંધીજીએ સરકારને આખરીનામું પાઠવી છઠ્ઠી મેના રોજ વલસાડતાલુકામાં ધરાસણા ગામે મીઠાના ડુંગરો ઉપર ધાડ પાડવાના કાર્યક્રમની જાણ કરતી ચીમકી આપી. સરકારને એ ભારે પડયું. ગાંધીજી આ કાર્યક્રમ અમલમાં મૂકે એ પહેલાં ૫મી મેની રાતે કરાડી છાવણીમાંથી સરકારે એમને ગિરફતાર કર્યા. એ પછી ધરાસણાની ધાડની જવાબદારી અબ્બાસસાહેબે લીધી. એમની પણ ધરપકડ થઈ.

ધરાસણાના મીઠાના અગરોની લૂંટના કાર્યક્રમે જગતની સ્વાતંત્ર્ય-લડતોના ઇતિહાસમાં એક અદ્ભુત પ્રકરણ સર્જ્યું. પોલીસના પડછાયાથી યે ફફડતી આ દેશની ગભરુ પ્રજા હજારોની સંખ્યામાં આ કાર્યક્રમમાં થનગને એ એક વિરલ ચમત્કાર હતો. આ ધાડમાં જોડાવા જુદાંજુદાં સ્થળેથી સ્વયંસેવકોનો પ્રવાહ ધરાસણા આવવા લાગ્યો.



હું ભૂતકાળે ભટકેલ માનવી,
ભવિષ્યના સ્વપ્નરંગમાં હવે
ચરું નહીં આથડવા, અનેક ઘા
આ વર્તમાને રતયત્ન જીવવું.

—સ્વ. વેણીભાઈ પુરોહિત

આ લડતને કચડી નાખવા સરકારે પણ ગંજાવર તૈયારી કરી હતી. ધરાસણાના એ સંગ્રામક્ષેત્રથી થોડે દૂર લશ્કરની ટુકડી પડાવ નાખી પડી હતી. સત્યાગ્રહીઓ ઉપર ત્યારે જે લાઠીઓ ઝીંકાઈ તે ઝીંકનારામાંના યે કેટલાક એ કાર્યને જંગલી લેખી અકળાતા હતા. કેવળ આત્મબળની જ ઢાલ ઓઢી આવેલા ધરાસણાના એ સ્વયંસેવકો પર લાઠીમાર જ નહિ, ઘોડાઓ દોડાવવામાં આવ્યા ત્યારે યે અડગ ખડકની જેમ સામી છાતીએ ઘા ઝીલનારા એ વિરલાઓએ લોહી નીકળતા શરીરે શારીરિક વેદનાઓને દૃઢતાપૂર્વક સહન કરતાં જે ધૈર્ય દાખવ્યું એ સંયમી સંકલ્પશક્તિનું એક અવિસ્મરણીય ઉદાહરણ છે. અહિંસક સૈનિકો જો આવું આત્મબળ દાખવી શકે તો ગમે તેવા હથિયારો પણ તેની આગળ નિષ્ફળ નીવડે એવો ગાંધીજીનો દાવો કેટલો સાર્થ હતો તેનું એ પ્રમાણ હતું.

ધરાસણાની એ અહિંસક લડતમાં પરાક્રમોની જે અનેક ઘટનાઓ જોવા મળી તેમાંની એકમાં સરોજિની નાયડુએ જે ફાળો આપ્યો તે માટે એમને વીરાંગનાનું બિરુદ આપવું યે ઓછું લાગશે. મીઠાની લૂટ કરવા સ્વયંસેવકો સાથે એમણે કદમ ઉપાડ્યા ત્યારે અધવચ્ચે જ પોલીસે એમની ફરતે ઘેરો ઘાલ્યો. સખત ઉનાળાના તાપના એ દિવસો હતા. આસપાસ ક્યાંય વૃક્ષની છાયા પણ હતી નહિ. અગર તરફ આગળ જવાનો માર્ગ રુંધી પોલીસો એમની ચોપાસ ખડા હતા. એ તાપમાં ન તો પોલીસ ખસ્યા, ન સરોજિનીદેવી. તાપ વધતો ગયો. કંઠમાં શોષ પડવા છતાં સરોજિનીદેવીએ પાણી પણ માગ્યું નહિ. પોતાના રૂમાલથી, ને એ ભીનો થઈ જતાં પોતાના પાલવથી પરસેવો લૂછતાં તરસ્યા કંઠે એ ત્યાં જ અડગ ખોડાઈ રહ્યાં, એટલું જ નહિ, પ્રસન્ન ચિત્તે અવારનવાર પોલીસો સાથે હળવો વિનોદ પણ કરતાં રહ્યાં. પૂરા ૨૪ કલાક એમણે આમ જ વીતાવ્યા અને અંતે બીજે દિવસે સવારે દસ વાગ્યાના અરસામાં પોલીસ એમને સત્યાગ્રહીઓની છાવણીમાં મૂકી ગઈ.*

અર્ધી સદી પહેલાંની સ્વાતંત્ર્ય માટેની અહિંસક લડતના આરંભ કાળનું આ એક આલેખન છે. ગાંધીજીની અહિંસક સ્વાતંત્ર્ય લડતની ભાવનાના પ્રભાવનું એક દૃષ્ટાંત છે.

એ પછી અને એ ભાવનાના પ્રતાપે સત્તર જ વર્ષમાં આપણે સ્વાતંત્ર્ય મેળવ્યું. અને તે પછીના સાડાત્રણ દાયકામાં આપણે કેવીકેવી ભાવનાઓ વિકસાવી દેશને ક્યાં પહોંચાચો છે તેના તો આપણે સૌ સાક્ષીઓ છીએ. તે દિવસોમાં તો સ્વરાજ નિશ્ચિત હતું, આજે યે સ્વરાજ છે. ફેર માત્ર 'સ્વ'ના અર્થઘટનમાં પડી ગયો છે.

---

*શ્રી ઝીણાભાઈ દેસાઈ–'સ્નેહરશ્મિ'ની ટૂંક સમયમાં પ્રસિદ્ધ થનારી આત્મકથા 'સાફલ્યટાણું'ના 'નિરીક્ષક'માં પ્રકટ થએલા એક અંશ પરથી દાંડી અને ધરાસણાની લડતનું આટલું વર્ણન અહીં સાભાર ટૂંકાવ્યું-તારવ્યું છે. –સં

ભારતનો રેલવે-વ્યવહાર

ભારતનો રેલવે-વ્યવહાર એશિયાભરમાં મોટામાં મોટો અને દુનિયામાં ચોથા ક્રમે આવે છે. ૧૯૭૯–'૮૦ની એક ગણતરી પ્રમાણે તેની લંબાઈ ૬૦૯૩૩ કિલોમીટર છે. દરરોજ લગભગ ૧૧૦૦૦ ગાડીઓમાં ૩૫૦.૫૦ કરોડ પ્રવાસીઓ, ૨૧.૮૦ કરોડ ટન માલસામાન સાથે એ ૭૦૧૭ સ્ટેશનોએ આવજા કરે છે, જે માટે એ ૧૩ લાખ કિ. મી.ની સફર ખેડે છે. આ માટે ૧૧,૦૬૮ એંજિનો, ૩૮,૦૫૨ પ્રવાસી ડબાઓ અને ૪,૦૫,૧૮૫ માલવાહક ડબાઓ વપરાય છે. ૧૫.૫ લાખ માણસો તેની સેવામાં જોડાએલા છે, અને ૨૩ લાખ હંગામી મજૂરો તો જુદા.

ઉદ્યમ ઉદ્યમ ઉદ્યમ વળી, અદકો સૌથી આપ;
કર્મ બીચારું બાપડું, ઉદ્યમ પૂર પ્રતાપ.
—શામળ

રોમ સામેના યુદ્ધ કાળે સેમાઈટ લોકોએ રોમન સેનાપતિ કુરિયસને ફોડવા માટે સોનાની થેલીઓ સાથે દૂતોને મોકલ્યા. જ્યારે તેઓ કુરિયસ પાસે પહોંચ્યા ત્યારે તે ગાજર બાફીને ખાતો હતો. સેમાઈટ દૂતોએ એને સોનાની લાલચ બતાવી પોતાનો પ્રસ્તાવ સંભળાવ્યો ત્યારે એણે જવાબ આપ્યો: 'જે માણસ બાફેલાં ગાજર ખાઇને રહી શકે છે તેને સોનાની ગરજ નથી રહેતી.'

∞

અનેકાર્થી શબ્દ: **પાનું**= પૃષ્ઠ, પાંદડું, ગંજીપાનું પત્તું, ચપ્પુ કે છરીનું ફળું, લીલા રંગનું એક રત્ન, જીવનભરનો સંબંધ, નસીબનું પાનિયું.

∞

૫,૧૨,૪૯,૮૭૬ × ૩

આ રકમ તથા ગુણકમાં મળી ૧થી૯ સુધીના બધા આંકડા આવી જાય છે, એટલું જ નહિ. તેના જવાબમાં પણ ૧થી૯ સુધીના આંકડા છે ને તેમાંનો એકેય આંકડો બેવડાતો નથી. એ જવાબ છે ૧૫,૩૭,૪૯,૬૨૮.

આવાં જ બે બીજાં ઉદાહરણ:


૧,૬૫,૮૩,૭૪૨ × ૯ અને

૩,૨૫,૪૭,૮૯૧ × ૬

આ બંને ગુણાકારના જવાબમાં પણ ૧ થી ૯ સુધીના આંકડા બેવડાયા વિના આવે છે. ગણી જુઓ. —કિશોર ન. ગોરધનદાસ



ટિકિટકથા ઈંગ્લૅન્ડ ઉપર નૉર્મંડીના ડ્યૂક વિલિયમે કરેલી ચડાઇને ભરતકામમાં ચિત્રિત કરતી ૨૩૧ ફૂટ લાંબી અને ૨૦ ઇંચ પહોળી બાયેક્સ ટૅપેસ્ટ્રી તેમાં રજૂ થએલા એ યુદ્ધના ૭૨ જેટલા પ્રસંગાલેખનોના દસ્તાવેજી મૂલ્યને કારણે અતિ વિખ્યાત છે. આ બાયેક્સ ટૅપેસ્ટ્રીમાં ડ્યૂક વિલિયમને કપાળ પર ઝૂલતા વાળ અને દાઢીમૂછ વિનાનો બતાવ્યો છે. પણ ઈંગ્લૅન્ડની ગાદી સર કર્યા પછી બહાર પડેલા તેના ચાંદીના પેનીના સિક્કાઓ ઉપર તેને મૂછવાળો દર્શાવ્યો છે. વેસ્ટ ઈંડિઝના બારબ્યુડા ટાપુએ વિલિયમ પહેલાથી રાણી વિક્ટોરિયા સુધીના ૩૭ ઇંગ્લિશ અને બ્રિટિશ રાજવીઓને રજૂ કરતી ટપાલટિકિટોની એક શ્રેણી બહાર પાડી છે, તેમાંની આ ૩૫ સેન્ટની ટિકિટ ઉપર એ ચાંદીની પેની પર બતાવેલા મુછાળા વિલિયમની છબી આપી છે.





(૧) દુનિયામાં નીકળતા દર ૧૦૦ કૅરટ હીરામાંથી ૯૭ કૅરટ જેટલા આફ્રિકામાંથી નીકળે છે. આજે દુનિયામાં હીરાનું ઉત્પાદન દર વર્ષે લગભગ ૨૩૦ લાખ કૅરટ છે. ૬૦ રતલ અનાજ સમાય તેવડા ૭૫ ટોપલા આ હીરાથી ભરાઈ જાય. (૨) અમેરિકી વિજ્ઞાનીઓએ શોધી કાઢયું છે કે ચંદ્ર પછી પૃથ્વીનો નજીકમાં નજીકનો પાડોશી શુક્ર ગરમીની શક્તિથી પેદા થાય તે પ્રકારના સતત રેડિયો-આંદોલન મોકલે છે. મતલબ કે શુક્રનું ઉષ્ણતામાન પીગળતા સીસા કરતાં વધુ હશે, આ હકીકત ત્યાં પાણી અને જીવસૃષ્ટિ હોવાની શકયતાને નષ્ટ કરે છે.

STATEMENT

STATEMENT of ownership and other particulars about the newspaper 'Kumar'

as required to be published under rule 8 of the Registration of Newspapers (Central) Rules 1956.

1. Place of Publication	.	Kumar Printery, 1454 Raipur, Ahmedabad-1
2. Periodicity of its Publication	.	Monthly
3. Printer's Name & Nationality	.	Ashokbhai B. Rawat (For Kumar Karyalaya Ltd.) Indian
Address	.	1454 Raipur, Ahmedabad-1
4. Publisher's Name & Nationality	.	Ashokbhai B. Rawat (For Kumar Karyalaya Ltd.) Indian
Address	.	1454 Raipur, Ahmedabad-1
5. Editor's Name & Nationality	.	Biharilal J. Tank Indian
Address	.	1454 Raipur, Ahmedabad-1

6. Names and addresses of individuals who own the newspaper and are partners or share holders holding more than one per cent of the total capital. (1) Chinubhai C. Shah and Mangalagauri Chinubhai Shah, 22 B.N. Kapol Nivas, Vincent Road, Bombay-19 (2) Chhotalal Jivraj Sheth 125 Medows Street, Bombay-1 (3) Indumati Chaitanyaprasad Diwanji, 'Paradise', Shahjbag, Ahmedabad-4 (4) Mahendrabhai Shantilal Shah, Shahibag, Ahmedabad-4 (5) Kusumben Champaklal Banker, Kochrab, Opp. Kagdiwad, Ahmedabad-6 (6) Dhirendra Nanjibhai Mehta, Swastik Bhuvan, Uganda Road, Porbandar (7) Lady Tanumati Chinubhai, Shanti Kunj, Shahibag, Ahmedabad-4 (8) Parshuram Premshanker & Rameshchandra P. Raval, C/o Raval Bros., 185 Princess St., Bombay-2 (9) Isuf Abdul Qaiyum Faizullabhai, Karim Bag, Athva Lines, Surat (10) Bhartiben Ramakant Mehta, Moti Mahal, Churchgate Reclamation, Bombay-1 (11) Jadavlaxmi R. Kamani and Poonamchand R. Kamani, Kamani Chambers, Bombay-1 (12) Bai Triveni, Widow of Pranjivan K. Desai, 47 C. P. Tank, Madhav Bag, Bombay-4 (13) Narendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (14) Gajendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (15) Kanak Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (16) Mrs. Rashmibala D. Trivedi & Miss Rajanibala K. Pandya, 587, 18th Road, Khar, Bombay-21 (17) Prabhudas Balubhai Patwari & Smt. Savita Prabhudas Patwari, 46 Parimal Society, Ahmedabad-6 (18) Girdharlal Damodardas, 'Prerana', Ambavadi, Ellis Bridge, Ahmedabad-6 (19) Janardan Pranshanker Raval, Mahashanker Bhuvan, Takhteshvar, Bhavnagar (20) Lt. Col. (Retd.) Balvantrai J. Bhatt, Maun Appartments, Near Bhatt Mevada Chhatralaya, Mithakhali Char Rasta, Ellis Bridge, Ahmedabad-6 (21) Purushottam G. Mavalankar & Purnima P. Mavalankar, 'Gopika' Maharashtra Society, Ellis Bridge, Ahmedabad-6 (22) Bachubhai P. Rawat, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (23) Hiralal Harilal Bhagwati, 169 New Cloth Market, Ahmedabad-2 (24) Biharilal Popatlal Shah, Jagabhai Park, Lala Lajapatray Road, Maninagar, Ahmedabad-2 (25) Vyomeshchandra R. Trivedi C/o J. A. Trivedi Bors. Balaghat (M.P.) (26) Kirankumar R. Trivedi C/o. J. A. Trivedi Bros. Balaghat (M. P.) (27) Hitenkumar B. Trivedi C/o. J. A. Trivedi Bros. Balaghat (M. P.) (28) Rajivkumar B. Trivedi C/o. J. A. Trivedi Bros. Balaghat (M. P.) (29) Bhuvnesh M. Trivedi C/o. J. A. Trivedi Bros. Balaghat (M. P.) (30) Nikhilish M. Trivedi C/o. J. A. Trivedi Bros. Balaghat (M. P.) (31) Shri Bhalchandra Ratilal Shah, ABC Nursery Compound, Near Nagri Hospital, Ellis Bridge, Ahmedabad-6

I, Ashok B. Rawat, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief. Dated this 27th day of Feb. 1983

Sd./ A. B. Rawat, Publisher

અનુસંધાન] શતરંજ [પૃષ્ઠ ૭૧થી

કાર્ચનોય ૧૯૬૨માં પહેલીવાર Candidetemાં રમેલા. ત્યારથી તેમણે એ ધોરણ જાળવી રાખેલું છે. ૧૯૭૪માં Candidate સ્પર્ધાની અંતિમ ફેરીમાં કાર્પોવ સામે એ હાર્યા હતા તે પછી તેઓ કાર્પોવને આહ્વાન આપવા સુધી પહોંચ્યા છે. ત્રીજી વખત આહ્વાન આપવાની તક તેમને મળશે, અને મળે તો તે મૅચમાં તે જીતશે કે કેમ તે કહેવું મુશ્કેલ છે, પણ હવે વય તેમની વિરુદ્ધમાં છે. આ જ રીતે સ્માચ સ્લૉવ જે ૧૯૫૭-૫૮માં વિશ્વવિજેતા હતા તેમને માટે પણ વય તેમના વિરૂદ્ધમાં ગણાય. તેમનો Candidateમાં પ્રવેશ પણ એક મોટી સિદ્ધિ ગણવી જોઈએ. આ સિવાયે રૉબર્ટ હુબ્નર પણ હવે અનુભવી ગણાય. તેઓ ૧૯૭૧માં પહેલીવાર આટલે ઊંચે સુધી પહોંચ્યા હતા. તેમનો પેટ્રોસ્યન સામે સુંદર દેખાવ હતો, પણ એક રમતમાં હારતાં નર્વસ થઇ જવાથી ટુર્નામેન્ટ છોડી દેવી પડી હતી. ૧૯૮૦માં તો તેઓ અંતિમ ફેરી સુધી પહોંચ્યા હતા. નવા ખેલાડીઓમાં રશિયન ખેલાડી ગેરી કાસ્પારોવ ઉપર રશિયન આશાનો મદાર છે.

સ્ત્રીઓની Candidate સ્પર્ધાનો ડ્રૉ નીચે પ્રમાણે છે:

૧. અલેક્ઝાન્ડ્રીઆ (રશિયા)
૨. લેમારકો (બલ્ગેરિયા)
૩. ગપ્રીન્ડાશ્વીલી (રશિયા)
૪. લેવિટીના (રશિયા)
૫. આયોસેલિયાની (રશિયા)
૬. લીઉ (ચીન)
૭. મુરેશાન (રૂમાનિયા)
૮. સેમેનોવા (રશિયા)

આ ટુર્નામેન્ટમાં છ રશિયન મહિલાઓ છે તે જોતાં રશિયન પુરુષો કરતાં તેમનું વર્ચસ્વ સારું જળવાયું લાગે છે.

બંને Candidate ટુર્નામેન્ટ ૧૯૮૩માં પૂરી થશે અને આહ્વાન મૅચ (Challenge Match) ૧૯૮૪માં રમાશે. □